www.zalawadi.com

RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

## માસિક પત્રિકા

Issue : 12, Year : 64, March, 2018, Pages : 52, Price Rs. 7.00





આપણું ઝાલાવાડ.....સમૃધ્ધ ઝાલાવાડ

Degitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com

# BIO-DATA



| | | |
|---|---|---|
| Name | : | **Vyom Mukesh Doshi** |
| Date of Birth | : | 23rd November 1991 |
| Birth Place | : | Ghatkopar |
| Birth Time | : | 1:05 am |
| Height | : | 5' 7" |
| Religion | : | Zalawadi Visha Shrimali Sthanakwasi Jain |
| Native Place | : | Botad |
| Education | : | Chartered Accountant (C.A.)<br>Chartered Financial Analyst (C.F.A.)<br>B.Com (Narsee Monjee College) |
| Profession | : | Manager Treasury at ICICI Bank Ltd. |
| Hobbies | : | Music, Sports, Travelling, Reading |
| Mobile | : | 9821479974 |
| Email | : | doshivyom@gmail.com |
| Residence | : | 701, Kshiteej Apt., Devnagar,<br>Derasar Marg, Kandivali (West), Mumbai 400 067. |
| Telephone | : | 28631093 / 49715503 |

## FAMILY DETAILS

| | | | |
|---|---|---|---|
| Grand Father | : | Late Shri Mugatlal Nautamlal Doshi | |
| Grand Mother | : | Late Smt. Manjulaben Mugatlal Doshi | |
| Father | : | Shri Mukesh Mugatlal Doshi | Mob.: 9869071093 |
| Occupation | : | Business (Iron & Steel) | |
| Email | : | mukeshdoshi47@gmail.com | |
| Mother | : | Smt Bina Mukesh Doshi | Mob.: 9167762063 |
| Occupation | : | Homemaker | |

## PATERNAL DETAILS

| | | |
|---|---|---|
| Kaka & Kaki | : | Miten M. Doshi & Virali M. Doshi |
| Fua & Faiba | : | Anilkumar R. Sanghvi & Rakshaben A. Sanghvi |
| | : | Atulkumar D. Modi & Sheelaben A. Modi |

## MATERNAL DETAILS

| | | |
|---|---|---|
| Grand Father | : | Shri kantilal Maganlal Shah |
| Grand Mother | : | Smt. Ramilaben Kantilal Shah |
| Mama & Mami | : | Parag K. Shah & Kinnari P. Shah |
| Masa & Masi | : | Ashishbhai A Gopani & Vibha A. Gopani<br>Nikesbhai K. Shah & Rupal N. Shah |

Advt.

www.zalawadi.com



Degitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com

# BIO-DATA



| | | |
|---|---|---|
| **NAME** | : | **Deven Sanjay Dhruva** |
| DATE & | : | 16th December 1991 |
| PLACE OF BIRTH | : | Mumbai. |
| TIME | : | 6 : 10 am |
| HEIGHT | : | 5' 11" |
| WEIGHT | : | 77 kgs. |
| COMPLEXION | : | Fair |
| EDUCATION | : | Chartered Accountant (2015)<br>CFA (Level 2 Cleared)<br>B. Com - N.M. College (2012)<br>ICSE -<br>Lilavatibai Podar High School (2007) |
| **OCCUPATION** | : | **Business Analyst at Strategic**<br>Growth Advisors (SGA) - Investor Relation |
| HOBBIES | : | Cricket, Photography & Travelling |
| NATIVE PLACE | : | Chuda |
| CASTE | : | Zalawadi Dasa Shrimali-Sthanakwasi Jain |

| | | |
|---|---|---|
| GRAND FATHER | : | Late Girdhar Nagardas Dhruva |
| GRAND MOTHER | : | Smt. Indira G. Dhruva |
| FATHER | : | Sanjay G.Dhruva, Chartered Accountant<br>J. K. Shah & Co. - Chartered Accountants<br>3rd Floor, Flat No. 14, Al-Karim Manzil, 15 Palton Road,<br>Crawford Market, Mumbai |
| MOTHER | : | Lopa S. Dhruva, B. Com, House Wife |
| BROTHER | : | Akash S. Dhruva<br>2nd year MBBS, Kashibai Nawale Medical College, Pune. |
| FAI | : | Rupal D. Pillai |
| FUA | : | Dinesh Pillai<br>Executive Director at Mahindra Defense Systems Ltd. |

| | | |
|---|---|---|
| **MOSAL** | : | J.K. Shah - Chartered Accountant<br>Native Place: Bhabha No Pado, Patan |
| Address | : | 4A, Sahil Apartments, Altamount Road, Mumbai |

| | | |
|---|---|---|
| **ADDRESS** | : | 303, Manav Mansion, Sarojini Road, Vile Parle (W), Mumbai. |
| E-MAIL | : | Sanjaydhruva@yahoo.com |
| CONTACT | : | Sanjay Dhruva +91 93241 16417<br>Lopa Dhruva +91 93222 44097 |

Advt.

www.zalawadi.com



Degitalised By ITDESK SOLUTIONS LLP

# BIO - DATA

## PERSONAL DETAILS



| | | |
|---|---|---|
| Name | : | **Mansi Ketan Sanghavi** |
| Date Of Birth | : | 18th August, 1993. |
| Birth Place & Time | : | Ghatkopar, 06.37 A.M. |
| Height | : | 5'2" |
| Religion | : | Zalawadi Visha Shrimali Sthanakwasi Jain. |
| Native Place | : | Botad. |
| Education | : | 1) Pursuing CA FINAL<br>2) B.COM from K.J.Somaiya College of Arts & Commerce.<br>3) M.COM from Mumbai University |
| Residential Address | : | A2/403, Sapphire, Neelkanth Regent, MIG Pantnagar,<br>Ghatkopar – East. Mumbai - 400075. |
| Telephone No. | : | 022 - 25010189 |
| Hobbies | : | Listening Music, Travelling. |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Grandfather | : | Shri Ramniklal Motilal Sanghavi (07498011774). |
| Grandmother | : | Smt. Rasila Ramniklal Sanghavi. |
| Father | : | Ketan Ramniklal Sanghavi (09324215685). |
| Occupation | : | Family Business – Dealers In Seamless Pipes And Tubes. |
| Office Address | : | Motilal Laxmichand Sanghavi<br>113, Kika Street, Gulalwadi, Mumbai – 400004. |
| Phone No. | : | 022 - 23464364 |
| Email Id | : | ketansanghavi@rediffmail.com |
| Mother | : | Sangita Ketan Sanghavi (09323266737). |
| Occupation | : | Homemaker. |
| Sister | : | Hetvi Ketan Sanghavi (Currently In 11th STD). |

## PATERNAL DETAILS

| | | |
|---|---|---|
| Faiba - Fuva | : | Ami Shah – Rinesh Shah (09004181036 / 09324538775). |

## MATERNAL DETAILS

| | | |
|---|---|---|
| Grandfather | : | Shri Bhupendra Keshavlal Vora (09820669519, 022-2890 2793). |
| Grandmother | : | Late. Smt. Jyotsnaben Bhupendra Vora. |
| Mama - Mamee | : | Ketan Vora – Bijal Vora (09324325487 / 09619431519). |
| Masi - Masa | : | Asita Sanghvi - Hital Sanghvi (08767773039 / 09870409822). |

Advt.



Degitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

# BIO-DATA



| | |
|---|---|
| Name | : Chintan Suresh Sanghvi |
| Date of Birth | : 3rd November, 1987 |
| Birth Time | : 11.34 am |
| Place | : Borivali |
| Height & Weight | : 5' 5" (60 Kg.) |
| Education | : B. Com. (Narsee Monjee College-Vile Parle)<br>(Cleared C.A. Inter (IPCC)<br>& C.S. Inter (Executive) |
| Profession | : Working with<br>Rashmin Sanghavi & Associates<br>(Chartered Accountant Firm-Tardeo) |
| Hobbies | : Listening to Music, Travelling, Movies |
| Native Place | : Joravarnagar |
| Religion | : Zalawadi Vishashrimali Sthanakwasi Jain |
| Email Id | : cssanghvi3@gmail.com |

## FAMILY DETAILS

| | |
|---|---|
| Father | : Suresh Manilal Sanghvi 9819595005 |
| Occupation | : Business (Iron & Steel) Parimal Steel Traders<br>7/218, Sant Tukaram Road, Carnac Bunder, Mumbai-400009.<br>Tel.: No. 022-23480332 |
| Mother | : Nirupa Suresh Sanghvi (Homemaker - 7666195005) |
| Younger Sister | : Kinjal Suresh Sanghvi (BAF) |
| Resi. Address | : 602, Suresh Sadan, Daulat Nagar, Rd. No. 4, Borivali (E), Mumbai 400 066.<br>Tel.: No. 022-28945063 |

## PATERNAL FAMILY

| | |
|---|---|
| Grand Parents | : Late Manilal Zunzabhai Sanghvi<br>: Late Kantaben Manilal Sanghvi |
| Uncle (Kaka) | : Pravin Manilal Sanghvi - Borivali Tel.: 022-28919690 / 8080526271<br>: Bipin Manilal Sanghvi - Borivali Tel.: 022-28915814 / 9820094820 |
| Aunty (Faiba) | : Premilaben Hasmukhlal Shah (Surendranagar - 02752-243179)<br>: Bhartiben Jaswantlal Vora (Kandivali - 022-8078031)<br>: Late Ushaben Sureshkumar Gopani (Borivali - 022-28917191) |

## MATERNAL FAMILY:

| | |
|---|---|
| Grand Parents | : Late Chandulal Tribhovandas Kothari |
| Nana-Nani | : Late Kantaben Chandulal Kothari |

Advt.

www.zalawadi.com



Degitalised By ITDESK SOLUTIONS LLP

# BIO-DATA

## ABOUT ME

I am passionate about travelling and love spending time listening to music and watching movies. Have a special bond with my family, at the same time ambitious and career oriented. I hold an Arangetram degree in Bharat Natyam. Looking for a fun-loving, outgoing, friendly, educated and flexible life partner who also loves spending time with family.



**RUCHI PAREKH**

## PERSONAL DETAILS

| | | |
|---|---|---|
| Birth Date | : | 5th Nov, 1991 |
| Time/Place | : | 7:07 pm, Mumbai |
| Height | : | 5 ft. 4 Inch (162 cm.) |
| Language | : | English, Hindi, Gujarati |
| Hobbies | : | Painting & Sketching, Travelling, Listening to music |

## EDUCATION & PROFESSION

Equity Research Associate with Anand Rathi Securities

**PGPM** in Finance - IBS Mumbai, **BMS** - Mumbai University

## CASTE & LIFESTYLE

| | | |
|---|---|---|
| Religion | : | Jain |
| Caste | : | Jamnagar Visha Oswal Derawasi Jain |
| Food Preferance | : | Vegetarian |

## APPEARANCE

| | | |
|---|---|---|
| Skin Tone | : | Very Fair |
| Body Type | : | Average |

## FAMILY BACKGROUND

| | | |
|---|---|---|
| Father | : | CA Manish D. Parekh, GM, Finance (Corporate) |
| Mother | : | Chhaya M. Parekh, B. Com Diploma in Computers, Homemaker |
| Brother | : | Sahil M. Parekh, Student Second Year Engg. in IT |

## PATERNAL

| | | |
|---|---|---|
| Grand Father | : | Late Dineshchandra V. Parekh |
| Grand Mother | : | Jayshree D. Parekh |
| Native Place | : | Jamnagar, Gujarat |

## MATERNAL

| | | |
|---|---|---|
| Grand Father | : | Jitendra K. Doshi |
| Grand Mother | : | Gunvanti J. Doshi |
| Native Place | : | Botad, Gujarat |
| Uncle | : | Ajay J. Doshi & Dharmen J. Doshi |

## CONTACT DETAILS

| | | |
|---|---|---|
| Residence | : | C 311, Ramesh Appt., Kastur Park, Shimpoli Road, Borivali (W), Mumbai - 400 092. |
| Email / Phone | : | 12chhayaparekh@gmail.com (+91 9920554079)<br>manishparekh9@gmail.com (+91 9819025966) |

Advt.

www.zalawadi.com



Degitalised By ITDESK SOLUTIONS LLP




શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા (મુંબઈ)

સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

માર્ચ–૨૦૧૮

વર્ષ : ૬૫ : : અંક : ૧

: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ

માલિક :
શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ

: પ્રકાશન સ્થાન :
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન), પહેલે માળે,
ચીરાબજાર, મુંબઈ–૪૦૦ ૦૦૨.
ટેલિફોન :૨૨૦૧૨૮૭૦, ૨૨૦૦૦૦૯૭
Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૪૦૦૩૨૪૯૬
ટાઈપસેટિંગ :મુદ્રાંકન, મુંબઈ–૪૦૦૦૯૨

: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણ વર્ષના રૂપિયા ૪૦૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
બપોરના ૧૨–૦૦ થી સાંજના ૫–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



## ‘રાધા એટલે...’

રાધા એટલે
ભીની પાંપણ પર...
થીજી ગયેલ બે અશ્રુબિંદુમાં,
ચળકતી પ્રતીક્ષા...

રાધા એટલે
બળબળતી બપોરે
ધગધગતા રણમાં
તપેલી રેતીની અખૂટ તરસ...

રાધા એટલે
મોરપીચ્છ સંગાથે
વનરાવનમાં
વેરાયેલ ટહુકાથી
વીંધાયેલ વાંસળી...

રાધા એટલે
પરમ સમીપે પહોંચવાની
કૃષ્ણને પામવાની
અદમ્ય અભીપ્સા...

રાધા એટલે
પ્રેમપંથની
પાવક જ્વાળામાં
લીલીછમ્મ લાગણીની
ઘેરી અનુભૂતિ...

રાધા એટલે રાધા
કૃષ્ણના
પ્રેમ અને આનંદનો સહજ,
સ્વયંસ્ફૂરીત
એકમાત્ર પર્યાય...

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP



## દરેક પાસે અખૂટ ખજાનો હોય છે

❑ સૌરભ શાહ

પોતાની પાસે જે કંઈ હોય એને સાચવી રાખીને, એને જતું કર્યા વગર જે નથી તે મેળવવું શક્ય છે ? કશું ગુમાવીએ છીએ ત્યારે જ બીજું કશું પામીએ છીએ. શું ગુમાવ્યું છે અને કેટલું એ વિશેની સ્પષ્ટતા હોતી નથી ત્યારે સામે જે કંઈ મળી રહ્યું હોય એનું મૂલ્ય સમજાતું નથી. ગુમાવવા કરતાં કે જતું કરવા કરતાં વધુ સારી અભિવ્યક્તિ છે – આપવું. તમે તમારો સમય કોઈ કામ માટે આપો છો,તમે તમારી મહેનતનો પરસેવો સીંચો છો ત્યારે તમારા કામનો પાયો મજબૂત બને છે. તમે એ કામમાં તમારામાં રહેલી તમામ તેજસ્વીતા રેડો છો, ત્યારે જ એમાં નિખાર આવે છે. તમારા કામને સમય, શક્તિ અને ટેલેન્ટ આપ્યા વગર જો તમે પૈસો, પ્રસિદ્ધિ કે પ્રસન્નતા મેળવવાનો પ્રયત્ન કરો તો એમાં તમને કેટલી સફળતા મળવાની ?

દરેક માણસ પાસે અખૂટ ખજાનો છે, પણ એને પોતાને જ ખબર નથી હોતી કે એની અંદર શું શું છે. એણે સમૃદ્ધ થવું હોય તો આ ખજાનો ખુલ્લો મૂકી દેવો પડે. આર્થિક સમૃદ્ધિની વાત હોય કે લાગણીની સમૃદ્ધિની. આ ખજાનામાં રહેલાં રત્નો લૂંટાવ્યા સિવાય કશું પ્રાપ્ત થઈ શકે નહીં. મારી મુઠ્ઠીમાં રહેલું મોતી કોઈ લઈ ન જાય એવા ભયથી જો હું મુઠ્ઠી બંધ રાખીને બેસી રહું તો મારે જે કંઈ પ્રાપ્ત કરવું છે તે મારી પાસે આવી ગયું હશે તોપણ હું એને પકડી શકીશ કેવી રીતે ?

સ્વાર્થ શબ્દ વગોવાયેલો છે. વ્યક્તિ પોતાને કેન્દ્રમાં રાખીને જાતને સમૃદ્ધ કરવા માગતી હોય તો એમાં સ્વાર્થ ક્યાં આવ્યો ? સ્વાર્થ ત્યારે આવે છે જ્યારે વ્યક્તિ બીજા પાસેથી કશુંક મેળવવા માગતી હોય પણ સામે પોતાના તરફથી કશુંક આપવા ન માગતી હોય. મેળવવાની ઇચ્છા રાખવામાં સ્વાર્થ નથી. આપ્યા વગર મેળવવાની દાનતમાં સ્વાર્થ છે.

આપવા લેવાની આ બાબતને લેવડદેવડની પરિભાષા સાથે કોઈ નિસ્બત નથી. લેવડદેવડમાં વ્યવહારની બૂ આવે છે. વ્યવહારના સંબંધો હોય ત્યાં એ પરિભાષા વાપરવી ઠીક છે. તમે મારે ત્યાં લગ્નમાં આવ્યા એટલે મારે પણ તમારે ત્યાં પ્રસંગ હોય ત્યારે આવવું જોઈએ. આ વ્યવહાર થયો. તમે કોઈકને ત્યાં નોકરી દરમિયાન આટલું કામ કર્યું તો મહિનાને અંતે તમને આટલું વળતર મળવું જોઈએ. આ વ્યવહારમાં નિશ્ચિત પ્રમાણ હોય અને એ પ્રમાણ નક્કી કરવા માટે ઠરાવેલા માપદંડ પણ હોય.

જે સંબંધોમાં વ્યવહાર કરતાં કંઈક વિશેષ હોય છે એ સંબંધોમાં લેવડદેવડ નથી હોતી પણ કશુંક આપવાનું હોય છે, કશુંક મેળવવાનું હોય છે અને આવી આપલેની મજા કંઈક ઓર હોય છે. પોતાનો ખજાનો ખુલ્લો મૂકી દેવાની મજા જેવી જ આ મજા છે. ખજાનો ખુલ્લો મૂકવાનો આગ્રહ એટલા માટે કે તમારી પાસે કોઈએ માગવું ન પડે. માગીને મળતું કશું પણ સહેજ ઓછું મૂલ્યવાન થઈ જાય છે. માગવું પડે એવી પરિસ્થિતિ સર્જાય ત્યારે માગતાં પહેલાં આશંકા સર્જાય કે માગેલું મળશે ખરું ? નહીં મળે તો ? ક્યારે એવું બને કે તમે જે માગ્યું હોય એ સામેની વ્યક્તિ આપવા માગતી હોય પણ કમનસીબે એ એની પાસે હોય જ નહીં. જે છે જ નહીં તે આપી શકે કેવી રીતે ?

માગતી વખતે તમે કોઈને ઓવર એસ્ટિમેટ કરો ત્યારે આવું બનવાની શક્યતા વધી જાય.

ખજાનો ખુલ્લો મૂકી દીધા પછી નિરાંત થઈ જાય. તમારી પાસે શું છે અને શું નથી એનો અંદાજ સામેની વ્યક્તિને આવી જાય છે. ખજાનો ખુલ્લો મૂકવાને બદલે એને બંધ રાખીને તમે એમાંનું એક એક રત્ન, એક એક મોતી કાઢીને આપવા જાઓ છો ત્યારે કોઈ વખત ભોંઠા પડવાનો પણ વારો આવે. તમારા એ અણમોલ રત્નની સામેની વ્યક્તિને કોઈ પરવા જ ન હોય એવું પણ બને. કાં તો એને એ પ્રકારનાં રત્નોમાં રસ ન હોય અથવા એનું રત્ન એને મળી ચૂક્યું હોય એવું બને. આવું થાય ત્યારે કોઈકે તમને નકાર્યા છે એવી લાગણી ઊભી થાય. પછી તમે બીજાં રત્નો આ જ ભયે આપવાનું ટાળો – એની પાસે એ આવી ચૂક્યું હશે તો ? એને એની જરૂર જ નહીં હોય તો ? એટલે બહેતર છે કે ખજાનો ખુલ્લો રહે.

બીજાના માટે ખજાનો ખુલ્લો કરતાં પહેલાં, માણસે બીજાને સમજવા નહીં – પોતાની જાતને સમજવાની જરૂર પડે. પોતાની પાસે શું શું છે અને બીજું શુ શું હોઈ શકે છે એ વિશે વિચાર કરવાની જરૂર પડે. પોતાની અત્યારની તેમ જ ભાવિ સમૃદ્ધિ શેના પર આધાર રાખે છે, રાખવાની છે, એનો સ્પષ્ટ ખ્યાલ હોવો જરૂરી છે. સ્વાર્થ કોને કહેવાય અને અ–સ્વાર્થ કોને કહેવાય તેની ભેદરેખા જાણી લેવાની જરૂર છે. વ્યક્તિ પોતે જ પોતાને પૂરેપૂરી જાણી ન લે ત્યાં સુધી એ બીજાઓને જાણવાની કોશિશ કેવી રીતે કરી શકે ? પોતાને શું જોઈએ છે અને જે જોઈએ છે એને મેળવવા પોતે કેટલું આપવા તૈયાર છે, કઈ રીતે પોતાની પાત્રતામાં ઉમેરો કરવા તૈયાર છે એ બધી વાતો કોઈ એક દિવસમાં શીખી લઈ શકે નહીં. આ એક સતત ચાલતી પ્રક્રિયા છે.જાત વિશેના એસેસમેન્ટમાં ફેરફાર પણ થતા રહે. પરંતુ આવા કોઈપણ મૂલ્યાંકનમાં વધારોઘટાડો થતો લાગે ત્યારે એક વાત તપાસી લેવાની કે અત્યારનો માનસિક ગાળો કોઈ હતાશાનો કે પછી હતાશાની સામે આવેલા ઉન્માદનો સમય-ગાળો તો નથી ને. જાત જાત માટેની લાગણીનાં બે અંતિમો વચ્ચે ઝૂલતી વખતે થતું મૂલ્યાંકન મોટે ભાગે ખોટું પુરવાર થવાનું. લાગણીઓ સંયમિત અવસ્થામાં હોય ત્યારે જ જાત વિશે વિચારવાનું જોખમ ખેડવું. તટસ્થ દશામાં જ માણસ સમજી શકે કે પોતે એટલો બધો સારો નથી અને પોતે પોતાની જાત આગળ જેટલો ખરાબ દેખાય છે એટલો ખરાબ પણ નથી. ✷

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP



# નિવૃત્તિ

❑ નયના શાહ

શ્વેતા પાર્કિંગની બહાર નીકળી. જોયું તો કુદરતે ચારે બાજુ સૌંદર્ય વેર્યું હતું. જોનાર પોતાનું દુઃખ દર્દ ભૂલી જાય એટલું સૌંદર્ય કેનેડામાં હતું. બધા કહેતા કે, 'શ્વેતા, તું તો નસીબદાર છે. નિવૃત્તિના બીજે જ અઠવાડિયે તું કેનેડા જતી રહીશ એટલે જ તું ગયા વરસથી નિવૃત્તિ થવાના દિવસો ગણતી હતી. બસો દિવસ, સો દિવસ, ત્રીસ દિવસ...' પરંતુ અમને ખબર ન હતી કે કે તું છૂપી-રૂસ્તમ નીકળીશ.

શ્વેતાને થતું કે હું કેટકેટલાને સમજાવું કે મેં જે સ્વપ્ન જોયા હતા એના માટે હું દિવસો ગણતી હતી નહીં કે કેનેડા જવા માટે. ત્યાં જવાનું તો એણે વિચાર્યું પણ ક્યાં હતું. નિવૃત્તિ બાદના કેટકેટલાં સપના જોયાં હતાં. નિવૃત્તિ એટલે જિંદગીના છેલ્લા પડાવમાં આખી જિંદગીનો થાક ઉતારવાનો સમય. પોતાની ઇચ્છા મુજબ જીવવાની જિંદગી. પોતાના અધૂરા રહેલા શોખ પૂરા કરવાનો સમય. નિવૃત્તિ એટલે ઘડિયાળ સામે જોયા વગર જિંદગી જીવવાની મજા. શ્વેતાએ કેટલીય વાર એના પતિને કહેલું કે હું નિવૃત્ત થઈશ એ જ દિવસ સાંજથી ઘરની બધી ઘડિયાળો બંધ કરી દઈશ. અત્યાર સુધી આપણે સમયના ગુલામ થઈને જ જીવ્યા છીએ. હવે આ રીતે જીવવું નથી. દરરોજ સવારે હાથમાં ચાનો કપ લઈ પેપર વાંચવાની મજા લૂંટવી છે. પતિ સાથે નિરાંતે બેસીને વાતો કરવી છે. પોતે યંત્રવત્ જિંદગીથી મુક્ત થઈ જશે. ઓ... કેટકેટલા સ્વપ્ન જોયેલા... જોકે માણસે જોયેલા બધાં સ્વપ્ન ક્યાં સાચા પડે છે ? જો મનુષ્યના જોયેલાં બધાં સ્વપ્ન સાચા પડતાં હોત તો પૃથ્વી પર સ્વર્ગ ના હોત ?

શ્વેતાએ તો નિવૃત્તિના છ મહિના પહેલાં જૂના સંબંધો તાજા કરવા માંડેલા. નાનપણની બહેનપણીઓ સાથે ફરીથી સંપર્કમાં આવી હતી. એ તો એવું જ કહેતી કે હવે આપણે અવારનવાર મળતા રહીશું. આપણું નાનપણ પાછું લાવીશું. જિંદગીમાં પહેલાં જેટલી જ નિખાલસતા લાવી શકીશું. જે જિંદગીની ભાગદોડમાં ભૂલાઈ ગઈ છે. હવે આપણે હરીશું, ફરીશું જિંદગી મજાની હશે. નાનપણમાં તો આપણે લસરપટ્ટી કે હિંચકાની મજા માણેલી. હવે આપણે તીર્થસ્થાનોમાં ફરીશું. જિંદગીના અધૂરા સ્વપ્નો પૂરા થશે. જિંદગીની ભરપૂર મજા માણીશું. શ્વેતા તો સુંદર સ્વપ્નમાં ખોવાઈ ગઈ હતી પરંતુ ધ્યાનાના રડવાના અવાજથી એ વાસ્તવિક દુનિયામાં આવી ગઈ હતી.

શ્વેતાની દીકરી પ્રાપ્તિ આવીને તરત જ કહેતી, 'મમ્મી, તું જ્યારથી કેનેડા આવી છું ત્યારથી મને મારું નાનપણ પાછું મળી ગયું છે. હું નિશાળેથી આવતી ત્યારે તું અમને ગરમાગરમ નાસ્તો આપતી, દૂધ તો ફરજિયાત પીવું જ પડતું હતું. આજે પણ હું નોકરીએથી પાછી ફરી રહી છું ત્યારે પણ મને ગરમ નાસ્તો મળી રહે છે.

***સુંદર સ્વપ્નામાં વિહાર કરતી શ્વેતા પ્લેનમાં બેઠી. એના મનમાં દીકરાને મળી અમદાવાદ પાછા ફરવાનો ઉત્સાહ હતો. નિવૃત્તિ માણવાનો આનંદ મેળવવાનું સ્વપ્ન હતું. પરંતુ ઈશ્વરને એની પાસે નિવૃત્તિ ભોગવવાની ઇચ્છા હોય એમ એ પ્લેન 'ક્રેશ' થઈ ગયું અને શ્વેતાને નિવૃત્તિ મળી ગઈ પરંતુ જિંદગીથી.***

અરે, અત્યારે હું એક દીકરીની મા બની ચૂકી છું છતાં પણ મારી દીકરીની બધી જ જવાબદારી તેં સ્વેચ્છાએ સ્વીકારી લીધી છે. મમ્મી યુ આર ગ્રેટ !'

શ્વેતાને થતું કે આપણે જેના કામમાં આવીએ એ વ્યક્તિ આપણને ગ્રેટ જ માને. પણ એ વ્યક્તિ આપણી અંગત જિંદગીનાં સ્વપ્નો પણ હોઈ શકે એવું વિચારવા શા માટે સક્ષમ નથી ?

જેમ નિવૃત્તિના દિવસો શ્વેતા ગણતી હતી એવી જ રીતે ભારત પાછા ફરવાના દિવસો એ ગણી રહી હતી. એ તો છ મહિના માટે આવી હતી પરંતુ દીકરીએ થોડા પૈસા ભરી બીજા બે મહિના ત્યાં રહેવાની પરમિશન મેળવી લીધી હતી. વિરોધ કરવાનું શ્વેતાના સ્વભાવમાં ન હતું.

ભારત પાછા ફરવાના દિવસો જેમ જેમ નજીક આવતા ગયા તેમ તેમ શ્વેતા મનમાં ખુશી જ ખુશી અનુભવવા લાગી હતી. પરંતુ જવાના થોડા દિવસો પહેલાં જ દીકરા પ્રથમનો ફોન આવેલો કે, 'મમ્મી, મારી પત્ની પ્રિયલને અહીંની ઇન્ટરનેશનલ કંપનીમાં નોકરી મળી ગઈ છે. પગાર ઘણો મોટો છે. આ તક ગુમાવવા જેવી નથી. પ્રિયલ થોડાં વર્ષો નોકરી કરશે તો આપણું ઘર ઊંચું આવી જશે. અમે તો તારા ભારત પાછા ફરવાના દિવસો ગણી રહ્યા છીએ. મમ્મી, તું કેનેડાથી અમદાવાદ ભલે જાય પરંતુ થોડા જ દિવસમાં તું અમદાવાદથી હૈદરાબાદ આવી જજે. તારા આવ્યા બાદ પ્રિયલ નવી નોકરીએ જવાનું શરૂ કરશે. કારણ કે આરોહી તો હજી માંડ બે મહિનાની છે, એને તારા સિવાય કોણ સારી રીતે સાચવી શકવાનું છે ?'

શ્વેતા વર્ષોથી અમદાવાદમાં રહેતી હતી. પિયર અને સાસરી બંને અમદાવાદમાં જ હતા. મોટા ભાગની બહેનપણીઓ પણ અમદાવાદમાં જ પરણી હતી. તે ઉપરાંત જિંદગીનાં ત્રીસ વર્ષ એણે અમદાવાદમાં જ નોકરી કરી હતી.

નોકરી દરમિયાન કેટલીય વ્યક્તિઓ જોડે એને આત્મીયતા બંધાઈ હતી ! એના સાલસ અને નમ્ર સ્વભાવને કારણે સામેની વ્યક્તિ સહજપણે શ્વેતા બાજુ ખેંચાઈ આવે. ઑફિસમાં પણ એના ટેબલનું કામ પૂરું થઈ જાય તો જે ટેબલ પર વધુ

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP

કામ રહેતું હોય ત્યાં અચૂકપણે મદદ કરવા દોડી જાય. આ હતો શ્વેતાનો સ્વભાવ.

દીકરો ભણી રહ્યો કે તરત એને હૈદરાબાદ નોકરી મળી ગઈ હતી. એની સાથે જ નોકરી કરતી ગુજરાતી છોકરી પ્રિયલના પ્રેમમાં પડ્યો. જોકે શ્વેતાને પણ દીકરાની પસંદગી સામે કંઈ પણ વિરોધ ન હતો. ધામધૂમથી એના પ્રિયલ સાથે લગ્ન કરાવી દીધા હતા. શ્વેતાને તો લાગતું હતું કે બાળકના જન્મ બાદ પ્રિયલ નોકરી નહીં જ કરે. કારણ કે પ્રિયલે આરોહીના જન્મ પહેલાં નોકરીમાંથી રાજીનામું મૂકી દીધું હતું.

મનુષ્યની મહત્ત્વાકાંક્ષાઓનો કોઈ અંત જ હોતો નથી. ફરીથી વધુ પગારની વધુ સારી કંપનીની નોકરી સ્વીકારી લીધી હતી. શ્વેતા દીકરીની દીકરીને આઠ મહિના સુધી રાખવા ગઈ એટલે સ્વાભાવિક છે કે પ્રથમની અપેક્ષા એની મમ્મી પ્રત્યે વધી ગઈ હતી.

શ્વેતા કેનેડા ગઈ ત્યાં પણ એનો કોઈ પરિચિત ચહેરો ન હતો અને સ્વાભાવિક છે કે હૈદરાબાદ જેવા શહેરમાં પણ પરિચિત ચહેરો મળવો શક્ય ન હતું. જ્યાં પરિચિત ચહેરા જ ન હોય ત્યાં આત્મીયતાનો તો સવાલ જ ઊભો થતો ન હોય. પોતે આત્મીય મિત્રો તથા સ્નેહીઓ માટે કેટલી તડપતી હતી! તેથી તો એક દિવસ એણે એના પુત્રને કહ્યું, 'તને નથી લાગતું કે તારે અમદાવાદમાં જ નોકરી કરવી જોઈએ. ત્યાં આપણું પોતાનું ઘર છે, ત્યાં તારા નાનપણના મિત્રો છે. આપણા સગા છે. જે હરપળ આપણા સુખદુઃખમાં ભાગ લે એવા આત્મીયજનો છે. તું હૈદરાબાદ છોડીને અમદાવાદ આવતો રહે.'

'મમ્મી આ બધા વેવલાવેડા અમને ના પોસાય, મિત્રો જોડે વાત કરવી હોય તો મોબાઈલ છે. રહી વાત આત્મીયતાની. તો એક વાત સમજી લે કે અહીં બધા જ મોટેભાગે બહારગામના જ છે. બધાય સારા માઠા પ્રસંગે ભેગા થઈએ છીએ. એ આત્મીયતા નથી તો બીજું શું છે ?

શ્વેતાએ જોયું કે દીકરા સાથે દલીલ કરવાનો કંઈ અર્થ નથી. એ તો એમ પણ કહેતો નથી કે મમ્મી, અમારા બંનેના પગારમાંથી ઘણી બચત થાય છે. અમને લોન પણ મળે છે. પાંચ વર્ષમાં તો હૈદરાબાદમાં પણ અમે પોતાનું ઘર લઈ લઈશું. અમદાવાદનો બંગલો ભલે પડી રહ્યો. તમને ઈચ્છા થાય તો વર્ષે બે-ચાર દહાડા જઈ આવજો. બાકી હવે અમે હૈદરાબાદ છોડવાના નથી.

હૈદરાબાદ શ્વેતાને આરોહી માટે જ રહેવું પડ્યું. એટલું સારું હતું કે પ્રિયલે કહેલું, 'મમ્મીજી તમે થોડો વખત રહો. આરોહીને 'ડેસ્કૂલ'માં મૂકી દઈશ. પછી તમે અમદાવાદ જજો.' શ્વેતા વિચારતી હતી કે જિંદગીના પાંચ વર્ષ હૈદરાબાદમાં વીતાવવા અને તે પણ કોઈ જ આત્મીયજન સિવાય. એની દુનિયા એટલે એનો દીકરો, વહુ અને આરોહી. પતિને પણ અમદાવાદ કોઈ ખાનગી કંપનીમાં નોકરી મળી ગઈ હોવાથી એ અમદાવાદમાં જ રોકાઈ ગયા હતા. શ્વેતા કહેતી, 'આખી જિંદગી વૈતરા કર્યાં હવે તો નિરાંતનો શ્વાસ લો.' ત્યારે એમનો જવાબ હતો તું આખો દિવસ 'બેબી સિટીંગ' કર્યા કરીશ, ત્યારબાદ રસોડામાં પેસીને રસોઈ કરીશ. હું તો આખો દિવસ શું કરું? ઠીક છે, હું ત્યાં આવતો જતો રહીશ. કંપનીની કેન્ટીન બહુ જ સરસ છે. ત્યાં જ હું સવાર સાંજ જમી લઉં છું. મને કંઈ જ અઘરું પડતું નથી. સંતાનો પ્રત્યે આપણી ફરજ છે એ પૂરી કરવી જ જોઈએ.

આરોહી માંડ ચાર વર્ષની થઈ ને કેનેડાથી દીકરીનો ફોન હતો કે, 'તું થોડા સમયમાં જ પાછી કેનેડા આવી જા. કારણ કે હું હમણાં જ સોનોગ્રાફી કરાવીને આવી છું અને ડૉક્ટરે કહ્યું કે જોડિયા બાળક છે. બંને દીકરા જ છે મમ્મી, હજી ધ્યાના પણ નાની છે. એમાં આ જોડિયા બાળકોને ઉછેરવાના, હું નોકરી તો છોડી દઈશ. પણ તું આવી જા. થોડાં વર્ષો પસાર થઈ જશે પછી ફરીથી હું નોકરી કરીશ. કારણ મારા પતિ એકલા કમાતા હોય અને પાંચ જણાનું પૂરું કરવું શક્ય જ નથી.'

શ્વેતાની આંખમાં આંસુ આવી ગયાં. એ તો વિચારતી હતી કે આના કરતાં તો નોકરી કરવી સારી. કારણ, નોકરીનો સમય નક્કી હોય. અહીં તો ચોવીસ કલાકની નોકરી જેમાં નિવૃત્તિને કોઈ અવકાશ જ નથી.

આખરે એક મા સંતાનપ્રેમ આગળ લાચાર બની જાય છે. તેથી જ એ થોડો સમય કેનેડા ગઈ. પરંતુ એકાદ વર્ષમાં જ પાછી આવી ગઈ. એને હતું કે હવે પતિનું સાંનિધ્ય મળશે. પતિ મારા અમદાવાદ ગયા બાદ નોકરી છોડી દેશે. અમે સાથે રહી સુખદુઃખ વહેંચીશું, પાછલી ઉંમરમાં એકબીજાની હૂંફે સહેલાઈથી જિંદગી વિતાવી શકીશું.

અમદાવાદ આવ્યા બાદ દીકરાએ ફોન કરી કહ્યું, 'મમ્મી, તમારા ગયા બાદ આરોહી ખૂબ જ હિજરાય છે. તમે એકવાર આવીને અમને બધાને મળી જાવ. પપ્પા બે-ચાર દિવસ રજા લઈ લેશે. આપણે બધા સાથે રહીશું.'

સુંદર સ્વપ્નામાં વિહાર કરતી શ્વેતા પ્લેનમાં બેઠી. એના મનમાં દીકરાને મળી અમદાવાદ પાછા ફરવાનો ઉત્સાહ હતો. નિવૃત્તિ માણવાનો આનંદ મેળવવાનું સ્વપ્ન હતું. પરંતુ ઈશ્વરને એની પાસે નિવૃત્તિ ભોગવવાની ઇચ્છા હોય એમ એ પ્લેન 'ક્રેશ' થઈ ગયું અને શ્વેતાને નિવૃત્તિ મળી ગઈ પરંતુ જિંદગીથી.

✶ ✶ ✶

## ગઝલ

*કોઈ ગુનો કર્યો જ નથી, એમ પણ નથી,*
*એને હું સાંભર્યો જ નથી, એમ પણ નથી.*

*મારી લથડતી ચાલ મને ક્યાં લઈ જશે ?*
*તેં હાથ આ ધર્યો જ નથી, એમ પણ નથી.*

*આ ગામ, આ ગલી, આ ઝરૂખો તો ગયાં પણ,*
*પાછો હું ત્યાં ફર્યો જ નથી, એમ પણ નથી.*

*તારાથી હોઠ ભીડી મેં નજરોને હઠાવી,*
*ને કાંઈ કરગર્યો જ નથી, એમ પણ નથી.*

*મારી નજરની બહાર ગયો તો નથી સનમ !*
*ચીલો મેં ચાતર્યો જ નથી, એમ પણ નથી.*

*દોસ્તો હવે તો મારી હયાતીને દુવા દો !*
*કહેશો મા કે મર્યો જ નથી, એમ પણ નથી.*

☐ મકરંદ દવે


Degitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

# પ્રતિશોધ

❑ કુન્દનિકા કાપડિયા



આટલા મોટા ઘરમાં કોને ખબર અચિરા ક્યા ખંડમાં હશે, એના મીઠા હાસ્ય વડે કોની સાથે હસતી હશે ? આકાશે મનમાં ને મનમાં કશીક ખીજ અનુભવી. ઘર થોડું નાનું હોય તો શું વાંધો હતો ? હાલતાંચાલતાં નજરે પડી જાત. કોઈક ને કોઈક બહાને નજીકથી પસાર થવાત્ ! સદ્‌ભાગ્ય હોત તો કદાચ, અજાણતાં અથડાઈ જવાનું ય બનત !

તેણે નિ:શ્વાસ નાખીને નાની બહેનને બોલાવી: 'દીપ્તિ, તારાં ભાભીને કહે તો, એક વાટકીમાં ગરમ પાણી આપી જાય.' તેણે સાબુ પર બ્રશ ફેરવી દાઢીએ લગાડ્યું અને પછી અરીસામાં જોયું.અચિરા આવશે તો પોતે કહેશે – જો, દાઢી કર્યા પછી મોંએ લગાડવા માટે આ લોશન લાવ્યો છું. કેવી સરસ સુગંધ છે. સૂંઘી જો ! ...અચિરા એનું મોં લોશન સુંઘવા માટે છેક નજીક લઈ આવશે. એ પહેલાં નજીકમાં કોઈ નથી તેની ખાતરી કરવા ચારે બાજુ નજર ફેરવી લેશે.

પોતાની મેળે જ એણે ડોકું ધુણાવ્યું. મીઠી, ગમી જાય એવી કલ્પનાઓ કરવાનો કોઈ અર્થ નહોતો. હવે તો હંમેશાં ઝીણાં છિદ્રોમાંથી, અણધાર્યા ખૂણેથી, સાવ અચાનક જ જે આઘાત અચિરા તરફથી આવી પડે તે સહેવા માટે જ તૈયાર રહેવાનું...

ગરમ પાણીની વાટકી તેની સામે મૂકાઈ, અચિરા નહોતી, દીપ્તિ હતી. જે વસ્તુ બનવાની આશંકા હોય, તે બને ત્યારે દુઃખ ન થાય તેવું કાંઈ ઓછું જ છે ? પીડા મનમાં દબાવીને પૂછ્યું: 'તારા ભાભી શું કરે છે દીપ્તિ ?'

'ભાભી ? એ તો દાદીમાની પાસે બેસી એમને ચા પીવડાવે છે.'

'ઠીક, ભલે...' આકાશ એકદમ શાંત થઈ ગયો હતો. શો ફાયદો ? આવી રીતે અપમાનિત થવાથી શો ફાયદો ? હજામત માટે ગરમ પાણીની વાટકી લાવવાનું કામ સાવ સાદું, નાનું કામ છે. તેમાં કોઈ વિશેષ હેતુ ન લાગે પણ અચિરા જાણીને જ નથી આવતી. તને ખબર છે કે તેમાં એક હેતુ છે. – આકાશ તેને એ રીતે પોતાની પાસે બોલાવવા ઇચ્છે છે.

ન ઇચ્છે ? પરણ્યાને હજુ કેટલો સમય થયો ? પૂરો મહિનો પણ નહીં. હજી તો સેંકડો રીતે અચિરાથી પરિચિત થવાનું બાકી જ હતું. ઘરમાં બધા જ લોકોની ભીડ વચ્ચે છાની રીતે નજર મેળવી દૃષ્ટિમાં અપૂર્વ આત્મીયતાનો તાર સાધવાનું બાકી હતું. ઘરમાં અવરજવર કરતાં અચાનક સામસામાં આવી જવા. અને ચહેરો સલજ્જ ભાવે હસી રહે, એ માણવાનું બાકી હતું. અન્ય લોકોની હાજરીમાં, કોઈક અને કોઈક બહાને, કોઈક ન જુએ તેમ, હળવોશો સ્પર્શ કરી લઈ પોતાનાં પ્રેમ ને ઉષ્મા ને પરસ્પર વિશ્વાસ આપવાનું કામ બાકી હતું. ઘણુંબધું બાકી જ રહી ગયું અને પ્રણયના પ્રથમ દિવસોની આ આનંદક્રીડામાંથી એક સાથીએ સહસા પોતાની જાતને પાછી ખેંચી લીધી હતી.

***'હા, જો અચિરા, અત્યાર સુધી બા-બાપુના સ્નેહ વડે મોટો થયો. હવે આપણે સાવ આપણામાં ખોવાઈ જઈએ તો એમને એમ ન લાગે કે વહુએ આવીને એમના દીકરાને લઈ લીધો ? તું મને એમનાથી અલગ પાડીને જોઈશ. તૃપ્તિ–દીપ્તિનોયે હું વહાલો ભાઈ છું. તું એ બધાંને સ્નેહ કરીશ તો એ મને જ પહોંચશે. એ લોકોને કોઈયે વાતે અસંતોષ નહીં થવો જોઈએ. હું તો તારો જ છું, પણ પહેલાં એ લોકો...'***

ત્રણ દિવસ પહેલાં જ તે સરસ સાડી લઈ આવ્યો હતો. ઘેરા મોરપિચ્છ રંગની રેશમી સાડી અને ત્રણ સોનેરી લાઈનની કિનાર. અચિરાને અંગે બહુ જ શોભી ઊઠત, તેમાં કશી શંકા નહોતી. લગ્ન પહેલાંની ટૂંકી મુલાકાતમાં, યાદ નથી ક્યા સંદર્ભમાં, અચિરાએ એક વાર સહજ જ કહ્યું હતું કે મને મોરપિચ્છ રંગ બહુ ગમે છે.

આકાશે આ બરાબર યાદ રાખ્યું હતું અને પગાર મળતાં પહેલી તારીખે જ તે સાડી લઈ આવ્યો હતો. બીજે દિવસે સિનેમા જોવાનો કાર્યક્રમ હતો. ટિકિટ લઈ રાખી હતી. તેણે આશા રાખી હતી કે અચિરા એ સાડી પહેરીને આવશે. પણ અચિરાને બદલે દીપ્તિથી મોટી તૃપ્તિ તેની પાસે આવી: 'ભાઈ, બાનું માથું દુ:ખે છે એટલે ભાભી કહે છે, મારે બાને માથે બામ ઘસી આપવો છે અને સૂંઠની ચા બનાવવી છે, એટલે મારે બદલે તમે સિનેમા જોવા જાઓ. હું આવું ને ભાઈ ?'

આકાશ આભો થઈને તેની સામે જોઈ રહ્યો, તૃપ્તિએ પેલી મોરપિચ્છ રંગની નવી સાડી પહેરી હતી તેને જોતાં જોઈ તૃપ્તિ બોલી: 'ભાભી કેટલાં પ્રેમાળ છે, નહીં ભાઈ ? આ સાવ નવી સાડી મને આપી દીધી. મેં વખાણ કર્યાં તો કહે, તમે જ રાખો એ !' તેની આંખો આનંદથી ચમકતી હતી.

તે રાતે આકાશે અચિરાને પૂછેલું, 'અચિરા, પેલી સાડી તેં તૃપ્તિને આપી દીધી ?'

અચિરા સાવ સહજ રીતે બોલી: 'એમણે જોઈ તો બહુ જ ગમી ગઈ. ભાભી થઈને મારે એમનું માન ન રાખવું જોઈએ ? આપણે તો છીએ જ ને ! સાડી બીજી લેવાશે, પણ એ કેટલા રાજી


Degitalised By ITDESK SOLUTIONS LLP

થાય ?'

આકાશ કશું બોલ્યો નહીં.

કશી આનાકાની નહીં એક મૂક સમર્પણ, નિર્જીવ સમર્પણ. વાંકાચૂકા સવાલોના એકદમ સીધા નિર્દોષ ઉત્તર. આકાશ હતાશ થઈ જાય છે. કોઈક થાક લાગી જાય છે. ચાદર ઓઢીને સૂઈ જવાનું મન થાય છે.

હૂંફ માટે જીવન પર જે ચાદર ઓઢવાનું મન હતું, તે ચાદર પોતે જ ટાઢ બની જાય છે.

વાંક કોઈ એવડો મોટો નહોતો.

લગ્નની પહેલી રાતની જ વાત. અચિરા બહુ ઉત્સાહમાં હતી. ઉલ્લાસ તેનો સ્વભાવ જ હતો. બે વચ્ચે બહુ લાંબો પરિચય નહોતો. માબાપે મુલાકાત ગોઠવી આપી હતી. પહેલી મુલાકાતમાં જ લાગ્યું – સૂર એકદમ જ મળે છે. પછી બેત્રણ વાર મેળાપ થયો હશે, ને લગ્ન થઈ ગયાં. એ નાના પરિચયમાં આકાશે જાણ્યું હતું. – અચિરા બહુ સ્વપ્નભરી, કોડભરી યુવતી છે. ભરતી સમયના સાગરકાંઠાની જેમ સતત તરંગિત. બોલવાની રીત બહુ મીઠી. એક ખાસ પ્રકારે હસવા–હસાવવાની આદત. વાતો કરતાં થાકે નહિ. ભવિષ્યનાં કેટલા બધાં સ્વપ્નો ! આપણે આમ કરીશું ને તેમ કરીશું. તમને નાટક જોવાં ગમે ? મને બહુ જ ગમે, પણ મારે ત્યાં મને કોઈ કંપની નથી. હવે આપણે સાથે જઈશું. મને વાંચવું પણ બહુ ગમે. તમે સારી લાઈબ્રેરીમાંથી મને ચોપડીઓ લાવી આપજો. મારે 'કૂકિંગ'ના ક્લાસમાં પણ જવું છે અને જુઓ, હવેથી તમારા કપડાની ખરીદી હું જ કરીશ, હોં...

'હું – તું'થી મધુર મર્યાદામાં રચાયેલી આ સૃષ્ટિ વિશે આકાશના મનમાં એક ખાસ ખ્યાલ હશે જ...

તેથી જ લગ્નની પહેલી રાતે, રખેને અચિરા તે બે જણની એક અલગ સ્નેહસૃષ્ટિ રચી ઘરનાં બાકીના લોકોને એ સૃષ્ટિની બહાર રાખી દે એવી બીકે ઠરેલ અને જવાબદાર વૃત્તિ ધરાવતો આકાશ, નિતાંત પ્રેમની વાત કરતા પહેલાં ઘરનાં કર્તવ્યો વિશે નાનું સરખું વ્યાખ્યાન આપી બેઠો હતો. 'પહેલાં બધાં ઘરનાં, આપણે પછી. આપણે તો હંમેશાં સાથે છીએ જ પણ એ લોકોનો ખ્યાલ આપણે પહેલાં કરવાનો. અધર્સ ફર્સ્ટ (બીજા લોકો પહેલાં).'

અધર્સ ફર્સ્ટ ? અચિરાના કંઠમાં શબ્દો જાણે સૂકાઈ ગયા ને સુક્કા પાંદડાંની જેમ ખખડ્યાં.

'હા, જો અચિરા, અત્યાર સુધી બા-બાપુના સ્નેહ વડે મોટો થયો. હવે આપણે સાવ આપણામાં ખોવાઈ જઈએ તો એમને એમ ન લાગે કે વહુએ આવીને એમના દીકરાને લઈ લીધો ? તું મને એમનાથી અલગ પાડીને જોઈશ. તૃપ્તિ–દીપ્તિનોયે હું વહાલો ભાઈ છું. તું એ બધાંને સ્નેહ કરીશ તો એ મને જ પહોંચશે. એ લોકોને કોઈયે વાતે અસંતોષ નહીં થવો જોઈએ. હું તો તારો જ છું, પણ પહેલાં એ લોકો...'

અચિરાની લાંબી કાળી પાંપણો એક વાર ઊંચી થઈને પછી નીચી ઝૂકી ગઈ.

એ ઝૂકેલી પાંપણો તળે આકાશમાં ઊંચે ચડતાં ને પહોળાં પથરાતાં સઘળા સ્વપ્નવાદળ સમેટાઈ ગયા.

અચિરા કશું બોલી નહિ. એનો વળતો ઉલ્લાસ કશીક ભીંત આગળ અટકી પડ્યો.

અને હવે સાગરના તરંગિત ઘૂઘવતા ઊછળતા કાંઠાને બદલે મધદરિયાની અટલ-અથાગ ગંભીરતા.

થોડા દિવસ આકાશને ખબર પડી નહિ, પછી તરત જણાઈ ગયું કે તેણે પોતે કેવી ભૂલ કરી હતી.

શરૂ શરૂમાં આકાશને ઑફિસેથી જલદી ઘરે આવવાનું મન થતું. રાતે અચિરાનું જે રૂપ દેખાતું તેથી જુદા રૂપે, દિવસના અજવાળામાં વિવિધ રૂપે જોવાનું તેને મન થતું. એક ઝબકારાની જેમ જરીક વાર આવીને બે શબ્દો બોલી જતી, હસી હસાવી જતી. પોતે બેઠો હોય ત્યાં અકારણ આંટો મારી જતી અચિરાને જોવાનું તેને મન થતું.

પણ અચિરા આવતી નથી.

સાંજે આકાશને ચા ને નાસ્તો આપવા તે તૃપ્તિ કે દીપ્તિ કોઈને મોકલે છે, નહિ તો નોકર સાથે મોકલી આપે છે. મોટું ઘર છે. આકાશ જે રૂમમાં બેસે છે ત્યાંથી રસોડું થોડું દૂર છે, અને અચિરા હંમેશાં રસોડામાં જ હોય છે.

રાતે આકાશ કોઈક વાર પૂછે : 'સાંજે બહુ કામ હોય છે, અચિરા ?'

મારી સાથે ચા પીવા બેસતી હો, તો ? એમ કહેવાનું તેને મન હોય છે, પણ તે પહેલો પ્રશ્ન કરીને જ અટકી જાય છે.

અચિરા સહજ કંઠે, તદ્દન નિર્દોષભાવે કહે છે : 'હા, દાદીમાં વહેલાં જમે છે એટલે રસોઈ વહેલી બનાવવાની હોય છે.'

કોઈવાર આકાશ પૂછે છે : 'કાલે નાટકની ટિકિટ લાવું, અચિરા ?'

અચિરા કહે છે : 'પણ કાલે તો બાને બહાર જવાનું છે. ઘરમાં કોઈક જોઈએ ને ! હું અને બા અમે બન્ને ઘરમાં ન હોઈએ તો કેમ ચાલે ?'

આકાશ સહેજ ધૂંધવાઈને રહે છે : 'બા પરમ દિવસે જાય તો નહીં ચાલે ?'

અચિરા કહે છે : 'આપણા આનંદ માટે થઈને એમ કંઈ બાને રોકાય ? પહેલા બા, આપણે પછી, નાટક તો વળી પછીયે જોવાશે.'

શબ્દોમાં કોઈ ડંખ નથી, કટાક્ષ નથી, ઠપકો નથી. ફરિયાદ નથી.

હોય તો સારું થાત. તો થોડુંક ઝઘડી શકાત, પછી મનાવી શકાત. માફી માગી શકાત.

પણ અહીં તો નમ્ર સ્વીકાર છે. તેના આદેશનું એકદમ યાંત્રિક પાલન છે, પોતાની જાતનું સંપૂર્ણ વિલોપન છે.

બધું છે, માત્ર જીવંતતા નથી. વિશેષ પ્રકારનો અંગત સંબંધ નથી. છે છતાં હોવાનો અનુભવ નથી. અચિરા આખા ઘરની છે. કેવળ આકાશની નથી.

તૃપ્તિ–દીપ્તિ ભાભી પર ખુશ છે. નાનો અમિત ઘણી વાર એટલું બધું હસતો હસતો નજીકમાંથી પસાર થાય છે કે આકાશ પૂછે છે : 'શું છે રે અમિત ? આટલું બધું કેમ હસે છે ?'

અમિત માંડ હસવાનું રોકીને કહે છે : 'ભાભી જુઓને કેટલું હસાવે છે ! મોં દુઃખી જાય હસી હસીને !'

બાએ કોઈક વાર કહી દે છે : 'અચિરાનો સ્વભાવ આટલો સારો હશે તેની કલ્પનાયે નહોતી. મારે તો એ જાણે તારા કરતાંયે સવાઈ છે. પડ્યો બોલ ઝીલે છે. ઘરના બધા લોકોની કાળજી રાખે છે ! જાણે તે પારકી દીકરી નહિ, જન્મથી આ


Degitalised By ITDESK SOLUTIONS LLP

ઘરની જ હોય!'

આખું ઘર ખુશ છે.

માત્ર આકાશ અચિરાના પ્રદાનથી વંચિત છે. અચિરાએ આખા ઘરને જે સ્નેહ આપ્યો છે તે તેને પહોંચી શક્યો નથી.

અને અચિરાના મનમાં શું છે, તેની કોઈને ખબર નથી.

દોઢેક મહિનો આ સંતાપમાંથી પસાર થતાં તો આકાશ ત્રાસી ગયો. દિવસોના માળામાંથી આનંદ-ઉલ્લાસના બધાં પંખી પાંખ ફફડાવ્યા વિના જ ઊડી ગયાં. સવાર સાંજ શરીરે થાક વીંટળાઈ રહેવા લાગ્યો. મનમાં થયું. આના કરતાં બહારગામ નોકરી કરવી શી ખોટી? પાસે હોઈને ન પામવાની આ પીડા વેઠવા કરતાં દૂર જ રહેવું સારું.

ઘેર આવીને જમતાં જમતાં તેણે વાત કરી. બધાં સાથે જ જમતાં હતા. અચિરા પીરસતી હતી.

આકાશે કહ્યું: 'મારી તો બદલી થાય તેવું લાગે છે. આજે મારા મૅનેજર કહેતા હતા કે દિલ્હીમાં અમારી ઑફિસની નવી બ્રાંચ ખોલવાની છે ને એ માટે એ લોકો મને મોકલવા માગે છે.'

બાએ, બાપુએ, ભાઈએ, બહેને પોતાના પ્રત્યાઘાત વ્યક્ત કર્યા, પણ જેને ઉદ્દેશીને તેણે આ વાત કરી હતી, તેણે તેની સાથે નજર મેળવી નહીં. એકાદ પળ, પીરસતાં પીરસતાં તેનો હાથ ધ્રૂજી ગયો હોય એમ આકાશને લાગ્યું, પણ તે તો ભ્રમ પણ હોય.

રાતે પૂછવું નહોતું તોયે પુછાઈ ગયું: 'હું જઈશ તો અચિરા, તને ગમશે?'

અચિરા અવાજને એકદમ સ્વાભાવિક બનાવીને બોલી: 'હમણાં તો ઘરમાં એટલું કામ છે કે મને મારા વિષે વિચાર કરવાની ફુરસદ પણ મળે તેમ નથી. બાનો બધો વખત દાદીમાની માંદગીમાં જાય છે એટલે ઘરમાં બધું મારે જ જોવું પડે છે. લોકો દાદીમાની ખબર કાઢવા આવે છે એટલે ઘરમાં અવરજવર ચાલુ જ રહ્યા કરે છે.'

ખબર જ હતી, તોપણ ઘર પ્રત્યે સમર્પિતા પત્નીનો આ ઉત્તર તેને કઠોર ઘાવ કરી ગયો.

ઘવાઈને તે બોલી ઊઠ્યો: 'હું તારો કોઈ નથી અચિરા?'

> ***મોં ફેરવીને અચિરા એકદમ જ શાંત, આવેગરહિત, લગભગ નિસ્પૃહ ભાવે બોલી: 'પણ હમણાં તો મારાથી અવાય નહિ. તૃપ્તિ-બહેનને હવે થોડા વખતમાં પરીક્ષા છે. એમનું ગણિત કાચું છે. હું શીખવું છું. ન શીખવું તો નાપાસ થાય એમ છે. પણ એમ કરો ને! ત્યાં જઈને, ઘર સરખું મળે કે તરત લખજો. બા ત્યાં આવશે. તમને એકલું નહિ લાગે ને બાનેય જરા હવાફેર થશે. દાદીમાને તો હું સંભાળી લઈશ.'***

'કેમ કોઈ નથી? તમે મારા પતિ છો. પણ ઘરમાં બીજા બધાંય છે ને! એમની સંભાળ ન રાખવી જોઈએ? આપણે તો પછી હંમેશાં સાથે જ હોવાનાં છીએ ને...'

અચિરા આટલી બધી માનિની છે તેવી જો ખબર હોત! 'અધર્સ ફર્સ્ટ' શબ્દો આવી દીવાલ રચશે તેની જો ખબર હોત...!

જવાનો દિવસ નજીક આવતો ગયો.

અચિરાએ બધી તૈયારી કરી. કાળજી કરીને ઝીણી ઝીણી વસ્તુઓ યાદ રાખી પેટીમાં મૂકી. આકાશને તેના હાથનાં મેથીના થેપલાં બહુ ભાવે છે. નાસ્તા માટે ડબ્બો ભરીને તેણે થેપલાં બનાવ્યાં. આખી બપોર તેણે રસોડામાં જ ગાળી. આકાશ બજારની મીઠાઈ પસંદ કરતો નથી. તેથી ઘેર મીઠાઈ બનાવી. સાંજે જરાક રસોડામાંથી છૂટી કે યાદ આવ્યું, હાથરૂમાલ ખલાસ થઈ ગયા છે. બજારમાં જઈને તરત જ તે હાથરૂમાલ લઈ આવી. ધોબી કપડાં નહોતો આપી ગયો, બે ચાર આંટા ખાઈને તે કપડાં લઈ આવી. નાની નાની દવાઓ મૂકી. અચાનક કંઈ વાગે - કરે તો લગાડવા માટે ડેટોલ, સ્વચ્છ નાનું રૂ પેકેટ, બામની શીશી, પેટ સાફ રાખવા માટેની ફાકીની નાની ડબ્બી, આકાશને ખાસ ગમતી પલંગની ચાદર પણ તેણે બિસ્તરામાં સાથે બાંધી આપી. બધું જ મૂક્યું.

માત્ર સ્નેહનું એક પણ ચિહ્ન મૂક્યું નહિ.

તે દિવસે એકેય કામ માટે તૃપ્તિ–દીપ્તિને મોકલ્યાં નહિ. બહારનું ઘરનું બધું કામ જાતે જ કર્યું.

એ છેલ્લા દિવસની રાતે સૂવા ગઈ ત્યારે સાડા અગિયાર વાગી ગયા હતા. આખો દિવસ, પળનાયે વિશ્રામ વિના કામ કરવાથી તે એટલી કલાન્ત, ચકિત હતી કે આકાશના મનમાં તેને જોઈને કરુણા ઊભરાઈ, તે એને કાંઈ કહે તે પહેલાં તો અચિરા ઊંઘમાં ઢળી પડી.

...જવાની ઘડી.

બૉસની સાથે કારમાં જ દિલ્હી જવાનું હતું. કાર બારણા પાસે આવી ઊભી રહી.

અચિરા સામાન લાવી લાવીને બહાર બારણા પાસે મૂકવા લાગી. છેલ્લી સૂટકેસ લેવા તે રૂમમાં ગઈ ત્યારે અચાનક જ આકાશે તેનો હાથ પકડી લીધો.

અચિરા નીચું જોઈ ગઈ. એક પળ કદાચ તે કંપી ગઈ.

પછી આકાશની આંખમાં સીધી નજર માંડીને સ્વસ્થ અવાજે બોલી: 'શું કહો છો?'

આકાશ બહુ મહેનત કરી બોલ્યો: 'મને ત્યાં એકલા ગમશે નહિ.'

અચિરાની આંખ પાણીની રેખાથી એક ક્ષણ ચમકી ઊઠી. તે બીજી બાજુ જોઈ ગઈ.

એક જ ક્ષણ.

પછી મોં ફેરવીને તે એકદમ જ શાંત, આવેગરહિત, લગભગ નિસ્પૃહ ભાવે બોલી: 'પણ હમણાં તો મારાથી અવાય નહિ. તૃપ્તિ-બહેનને હવે થોડા વખતમાં પરીક્ષા છે. એમનું ગણિત કાચું છે. હું શીખવું છું. ન શીખવું તો નાપાસ થાય એમ છે. પણ એમ કરો ને! ત્યાં જઈને, ઘર સરખું મળે કે તરત લખજો. બા ત્યાં આવશે. તમને એકલું નહિ લાગે ને બાનેય જરા હવાફેર થશે. દાદીમાને તો હું સંભાળી લઈશ.'

આકાશનું હૃદય ચિત્કાર કરી ઊઠ્યું: 'ઓ નિષ્ઠુર!'

ચુપચાપ તેણે અચિરાનો હાથ છોડી દીધો, ને તે બહાર જઈ ગાડીમાં બેઠો.

ગાડી ચાલી ત્યારે અજાણતાં જ પાછળ જોવાઈ ગયું. બારણામાં ઊભેલી અચિરાનો ઊંચો હાથ દેખાયો, પણ તેનું મોં બાની પાછળ છુપાઈ ગયું હતું.

✷ ✷ ✷


Degitalised By ITDESK SOLUTIONS LLP

# 'જલન' ચાલ્યા ગયા...



**જલન માતરી**

*'શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર ?*
*કુરઆનમાં તો ક્યાંય પયગમ્બરની સહી નથી.'*

આવા નમૂનેદાર શે'ર થકી ગુજરાતી ગઝલને ખળખળ વહેતી રાખનારા ગુજરાતના જાણીતા શાયર જલન માતરીએ આ દુનિયામાંથી વિદાય લીધી છે.

અનોખા અંદાજને અભિવ્યક્તિની આગવી છટાથી મુશાયરાને જાનદાર બનાવી દેતા આ અદના ગઝલકારે સરળ શબ્દોમાં જીવનની શાશ્વત ઘટનાઓને વણી લીધી છે. 'ઊર્મિની ઓળખ' અને 'જલન' એમના ગઝલ સંગ્રહો છે. 'સંયમની ટોચ પર બેઠેલા આ સંત'ની વિદાયથી ગુજરાતી ગઝલ રાંક બની ગઈ છે. પરંપરાના આ શાયરના દમદાર શે'ર થકી એ આપણા સહુના હૃદયમાં જીવંત રહેશે.

શાયર મિત્રોએ સરસ શબ્દાંજલિ આપતાં લખ્યું છે :

*'ઊંઘ ઉડાડી જગતની એ ચાલ્યા ગયા,*
*રાહ અજવાળી ગઝલની ને જલન ચાલ્યા ગયા;*
*માને મળવાની તમન્ના થઈ ગઈ જ્યારે તલપ,*
*ઠેસ સ્વીકારી સમયની ને જલન ચાલ્યા ગયા.'*

**શબ્દસુમન રૂપે તેમની જ ગઝલો....**

**☐ સંધ્યા શાહ**

## શંકર નહીં આવે

*દુઃખી થવાને માટે કોઈ ધરતી પર નહીં આવે;*
*હવે સદીઓ જશે ને કોઈ પયગમ્બર નહીં આવે.*

*છે મસ્તીખોર કિન્તુ દિલનો છે પથ્થર નહીં આવે;*
*સરિતાને કદી ઘરઆંગણે સાગર નહીં આવે.*

*ચમનને આંખમાં લઈને નીકળશો જો ચમનમાંથી,*
*નહીં આવે નજરમાં જંગલો, પાધર નહીં આવે.*

*અનુભવ પરથી દુનિયાના, તું જો મળશે કયામતમાં,*
*તને જોઈ ધ્રુજારી આવશે, આદર નહીં આવે.*

*દુઃખો આવ્યાં છે હમણાં તો ફક્ત બેચાર સંખ્યામાં,*
*ભલા શી ખાતરી કે એ પછી લશ્કર નહીં આવે.*

*હવે તો દોસ્તો ભેગા મળી વ્હેંચી પી નાખો,*
*જગતનાં ઝેર પીવાને હવે શંકર નહીં આવે.*

*આ બળવાખોર ગઝલો છોડ લખવાનું 'જલન' નહીંતર,*
*લખીને રાખજે અંજામ તુજ સુંદર નહીં આવે.*

*કરીને માફ સ્નેહીઓ ઉઠાવો એક બાબત પર,*
*'જલન'ની લાશ ઊંચકવા અહીં ઈશ્વર નહીં આવે.*

## સહી નથી

*મઝહબની એટલે તો ઈમારત બળી નથી;*
*શયતાન એ સ્વભાવે કોઈ આદમી નથી.*
*તકદીર ખુદ ખુદાએ લખી પણ ગમી નથી;*
*સારું થયું કે કોઈ મનુજે લખી નથી.*
*ત્યાં સ્વર્ગ ના મળે તો મુસીબતનાં પોટલાં,*
*મરવાની એટલે મેં ઉતાવળ કરી નથી.*
*કેવા શુકનમાં પર્વતે આપી હશે વિદાય,*
*નિજ ઘરથી નીકળી નદી પાછી વળી નથી.*
*શ્રદ્ધાનો વિષય હો તો પુરાવાની શી જરૂર ?*
*કુરઆનમાં તો ક્યાંય પયગમ્બરની સહી નથી.*
*હિચકારું કૃત્ય જોઈને ઇન્સાનો બોલ્યા,*
*લાગે છે આ રમત કોઈ શયતાનની નથી.*
*ડૂબાડી દઈ શકું છું ગળાબૂડ સ્મિતને,*
*મારી કને તો અશ્રુઓની કંઈ કમી નથી.*
*ઊઠબેસમાં જો ભૂલ પડે મનના કારણે,*
*એ બંદગીનો દ્રોહ છે, એ બંદગી નથી.*
*મૃત્યુની ઠેસ વાગશે તો શું થશે 'જલન',*
*જીવનની ઠેસની તો હજુ કળ વળી નથી.*

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશાં સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો `Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા ઉપર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશુંય સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા. નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક `Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

## આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- ચુડાનિવાસી, હાલ ઘાટકોપર માતુશ્રી કુમુદબેન હિંમતલાલ વોરા, હસ્તે ચેતના બિમલ વોરા, હાલ પુના
- સ્વ. દિલીપભાઈ ચંપકલાલ અજમેરા, વિંછીયા, હાલ મલાડના આત્મશ્રેયાર્થે, સ્વર્ગવાસ તા. ૨૮-૦૧-૨૦૧૮. હસ્તે રમીલાબેન દિલીપભાઈ અજમેરા.
- વિંછીયા નિવાસી હાલ મુલુંડ જયસુખલાલ ગાંડાલાલ ગોસલિયાના સ્મરણાર્થે. હસ્તે મીરાબેન જયસુખભાઈ ગોસલિયા
- રામપરા નિવાસી હાલ કાંદિવલી (ઈસ્ટ), શ્રી જશવંતલાલ ત્રંબકલાલ શાહના સુપુત્ર ચિ. રાહુલના શુભલગ્ન, અમરેલી નિવાસી હાલ અંધેરી, શ્રી પંકજભાઈ શાંતિલાલ મહેતાની સુપુત્રી ચિ. મિનલ સાથે તા. ૧૮-૦૨-૨૦૧૮ના રોજ થયા તે પ્રસંગે.


Degitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

# સમસ્યાઓ સામે લડવાનો સાચો રસ્તો...

***પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ સામે આપણે જેટલા રડ્યા રાખીએ એટલું જ એનું કદ વધતું જાય અને એક સમય એવો આવે કે એ આપણને મારી નાખે–ખલાસ કરી દે. પરંતુ જો પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ સામે હસતા રહીએ તો એક સમય એવો આવે કે એનું કદ નાની પૂતળી જેવું થઈ જાય અને આપણે એને મારી શકીએ.***

વેદવ્યાસજીએ મહાભારતમાં બહુ સરસ પ્રસંગનું વર્ણન કરેલ છે.



એકવાર કૃષ્ણ, બલરામ અને સાત્યકિ (સાત્યકિ દ્વારકાનો મોટો યોદ્ધો હતો) જંગલમાં ફરવા માટે ગયા. સાંજ પડવા આવી અને રસ્તો ભૂલી ગયા. કૃષ્ણએ કહ્યું, 'આપણે જંગલમાં રાતવાસો કરીએ અને સવારે સૂર્યોદય થાય ત્યારે રસ્તો શોધીશું. રાત્રે આપણી સલામતી માટે આપણે એવું નક્કી કરીએ કે રાતના ત્રણ સરખા ભાગ કરીને ત્રણે વ્યક્તિનો જાગવાનો વારો કાઢીએ. એક જાગે અને બાકીના બે સૂતેલાની રક્ષા કરે.'

પ્રથમ સાત્યકિનો જાગવાનો વારો હતો. એ સમયે બ્રહ્મરાક્ષસ આવ્યો. સાત્યકિએ એની સાથે લડાઈ શરૂ કરી. સાત્યકિ બ્રહ્મરાક્ષસને બરોબર ફાઈટ આપતો હતો. આ લડાઈમાં જ્યારે સાત્યકિને વાગે એટલે એ દર્દની ચીસ પાડે. એનું પરિણામ એ આવે કે સાત્યકિની ચીસથી બ્રહ્મરાક્ષસનું કદ મોટું થાય અને કદ મોટું થવાથી આવનારા મુક્કાની તાકાત વધી જાય. સાત્યકિને જાગવાનો સમય પૂરો થયો એટલે એમણે તુરત જ બલરામને જગાડ્યા.

હવે બલરામે આ રાક્ષસ સામેની લડાઈ ચાલુ કરી પરંતુ સાત્યકિએ કર્યું એવું જ બલરામે કર્યું. બલરામને પણ વાગે એટલે દર્દની ચીસ પાડે અને પેલા બ્રહ્મરાક્ષસનું કદ મોટું થાય. એમનો સમય પૂરો થયો એટલે એમણે કૃષ્ણને જગાડ્યા.

કૃષ્ણએ બ્રહ્મરાક્ષસ સાથેની લડાઈમાં નવી વ્યૂહરચના અપનાવી. પોતાને તક મળે ત્યારે પેલા રાક્ષસને બરાબરનો મારી લે અને રાક્ષસ મારે તો સામે જોઈને ખડખડાટ હસે. એનું પરિણામ એ આવ્યું કે પેલા બ્રહ્મરાક્ષસનું કદ નાનું થવા લાગ્યું અને થોડા સમયની લડાઈમાં એનું કદ નાનું પૂતળી જેવું થઈ ગયું. પછી કૃષ્ણએ બહુ જ આસાનીથી પેલા પૂતળી જેવા બ્રહ્મરાક્ષસની ગરદન મરડીને મારી નાખ્યો.

મહાભારતના આ પ્રસંગ દ્વારા વ્યાસજી જીવનનો બહુ મોટો સંદેશો આપી જાય છે.

આપણા બધાના જીવનમાં પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓરૂપી બ્રહ્મરાક્ષસ આવે છે. આ પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ સામે આપણે જેટલા રડ્યા રાખીએ એટલું જ એનું કદ વધતું જાય અને એક સમય એવો આવે કે એ આપણને મારી નાખે–ખલાસ કરી દે. પરંતુ જો પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ સામે હસતા રહીએ તો એક સમય એવો આવે કે એનું કદ નાની પૂતળી જેવું થઈ જાય અને આપણે એને મારી શકીએ.

અને છેલ્લે...

*જિંદગી ક્યાં સહેલી છે,*
*એને સહેલી બનાવવી પડે છે.*
*કંઈક આપણા અંદાજથી,*
*તો કંઈક નજરઅંદાજથી.*

✱ ✱ ✱

## જીવન ઉપયોગી વાતો

- હું મારા જીવનમાં અનેકવાર નિષ્ફળ થયો છું અને એ જ કારણે મને સફળતા મળી છે.
  **–માઈકલ જોર્ડન**
- જ્યારે આખી દુનિયા સાથ છોડી દે ત્યારે પણ સાથ ન છોડે તેને મિત્ર કહેવાય.
  **–ગ્રેસ પલ્પિટ**
- મનુષ્ય હોવાનો મતલબ એ જ છે કે સંપૂર્ણતાની આશા ન રાખો.
  **–જ્યોર્જ ઓરવેલ**
- સારો માણસ ખરાબ માણસ વિના રહી શકે છે, પણ ખરાબ માણસ સારા માણસ વિના નથી રહી શકતો.
  **–થોમસ એકવિનાસ**
- તમે દરેક વસ્તુની કિંમત જાણો છો જે તમે ખરીદો છો પરંતુ તમારા આત્માનું મૂલ્ય તમે નથી જાણતા એ સૌથી મોટી મૂર્ખતા છે.
  **–જલાલુદ્દીન રુમી**
- જે માણસ મુશ્કેલીઓથી બચે છે અને ડરતો રહે છે તે ખરેખર તો હંમેશાં મુશ્કેલીમાં જ રહે છે.
  **–માઈકેલ દ મંતેન**
- સુખનું રહસ્ય સ્વાતંત્ર્ય છે અને સ્વાતંત્ર્યનું રહસ્ય હિંમત છે.
  **–કેરી જોન્સ**
- જે માણસનું હૃદય પવિત્ર હોય છે એ માણસની તાકાત ને ક્ષમતાઓ દસ વ્યક્તિ સમાન હોય છે.
  **–આલ્ફ્રેડ ટેનિસન**
- તમે પડો છો ત્યારે તમારી હાર નથી થતી, પણ તમે પડ્યા પછી ઊભા થવાનો ઈનકાર કરો છો ત્યારે તમારો પરાજય થાય છે.
  **–અજ્ઞાત**
- જેમની પાસે ઓછું જ્ઞાન હોય છે તેઓ બહુ બોલે છે જ્યારે જેમની પાસે ઘણું જ્ઞાન હોય છે એવી વ્યક્તિઓ ઓછું બોલવાનું પસંદ કરે છે.
  **–જીન રુસો**
- જેના માટે ઘણું પણ ઓછું છે એવા માણસને ક્યારેય સંતોષની લાગણી ન થઈ શકે. જે સંતોષી હોય એવી વ્યક્તિને ઓછામાં પણ સંતોષ થઈ જાય છે.
  **–ઈપિક્યુરસ**

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP

# ભૂલોને વાગોળતા રહેવું એ સૌથી મોટી ભૂલ છે

દુનિયામાં એક માણસ એવો નહીં હોય જેણે ક્યારેય ભૂલ ન કરી હોય. ભૂલ એ જ નથી કરતો જેણે જિંદગીમાં કશું કર્યું ન હોય! ભૂલ થવી સ્વાભાવિક છે. દરેક માણસને ક્યારેક તો એવું થયું જ હોય છે કે યાર ખોટું થઈ ગયું. માણસનું ચાલે તો એ ક્યારેય કોઈ ભૂલ ન કરે. જોકે, માણસનું ચાલતું નથી. બધું આપણે ઇચ્છીએ એમ ન થાય. અમુક વખતે સમય અને સંજોગો આપણને સાથ નથી આપતા, તો અમુક વખતે આપણા ઈરાદા, આપણી દાનત, આપણું વર્તન અથવા તો આપણી માનસિકતા આપણી પાસે ભૂલ કરાવે છે.

તમે યાદ કરો, તમારી જિંદગીમાં એવું શું થયું હતું જ્યારે તમને એવું થયું હોય કે મારાથી ભૂલ થઈ ગઈ? એ ભૂલને તમે કેવી રીતે લીધી હતી! એ ભૂલને તમે ભૂલી ગયા છો કે હજુ પણ એ તમને ડંખે છે? ભૂલને જો પંપાળે રાખીએ તો એ વેદના બની જાય છે. આપણને કંઈ વાગ્યું હોય અને જો ડ્રેસિંગ ન કરાવીએ તો ઘા ઊંડો થતો જાય છે અને ક્યારેક કોહવાઈ જાય છે. ભૂલનું પણ એવું જ છે. ભૂલની સારવાર કરવી પડે. અમુક ભૂલ એવી હોય છે કે જેને માફી માગી લેવાથી મુક્ત થઈ જવાય છે. બીજાના મોઢે ભૂલ થઈ હોય તો માણસ પાસે માફી પણ માગી લઇએ, પોતાની સાથે જ ભૂલ થાય તો? એવી ભૂલોને ભૂલવી પડે છે. દુનિયાને માફ કરવી સહેલી છે, પોતાને માફ કરવાનું કામ અઘરું છે.

એક યુવાન સાધુ પાસે ગયો. એ બહુ ડિસ્ટર્બ હતો. તેના મનમાં ઘર કરી ગયું હતું કે હું મારા પિતાનો ખૂની છું. મારા કારણે મારા ફાધરનું મૃત્યુ થયું. સાધુને વાત કરી. પિતાનો બહુ મોટો બિઝનેસ હતો. દીકરાને પોતાના ગમતા કામ માટે વિદેશ જવાની ઇચ્છા હતી. પિતાએ કહ્યું, 'તું જઈશ તો આપણો આવડો મોટો ધંધો કોણ સંભાળશે? તારે મારા બધાં કર્યા–કારવ્યાં ઉપર પાણી ફેરવવું છે. તારે મને દુઃખી કરવો છે.' દીકરાએ પિતાને સમજાવવાની બહુ કોશિશ કરી કે મારે તમને દુઃખી નથી કરવા, પણ મારી જાતને સુખી કરવાનો મને કોઈ અધિકાર નહીં? પિતા ઉગ્ર મગજના હતા.જેમ તેમ બોલીને પોતાના રૂમમાં ચાલ્યા ગયા. રાત હતી. દીકરાને એમ થયું કે, પપ્પા અત્યારે બહુ ગુસ્સે છે. સવારે શાંતિથી વાત કરીશ. સવાર પડી. ઘરમાં હાહાકાર મચી ગયો. પપ્પાને રાતના ઊંઘમાં જ સિવિયર હાર્ટએટેક આવ્યો અને તેમનું મૃત્યુ થયું. દીકરાને આઘાત લાગ્યો કે અરરર, આ મારાથી શું થઈ ગયું? આ વાતનો આઘાત મનમાંથી ખસતો નથી.

સાધુએ કહ્યું, આ ભૂલ માટે તું તારી જાતને કારણભૂત શા માટે માને છે? પિતા પ્રત્યે આપણને આદર હોય છે એટલે આપણે અમુક વિચાર કરતા નથી. તને એક વિચાર નથી આવતો કે એ ભૂલ તારી નહીં, તારા પિતાની હતી? એ તને સમજી ન શક્યા. એ તારી પાસેથી તેઓ ધારતા હતા એવું કરાવવા ઇચ્છતા હતા? બીજી વાત કે, જિંદગી આપણે કલ્પી હોય એ રીતે ચાલતી નથી અને મોત આપણે ઇચ્છીએ એમ આવતું નથી. એક તો જે કંઈ બન્યું એના માટે તું તારી જાતને દોષી ન સમજ. બીજું, જો તને એમ થતું હોય કે તારાથી ભૂલ થઈ છે તો એ ભૂલને જેમ બને એમ વહેલી ભૂલી જા. જ્યારે વ્યક્તિ હાજર ન હોય ત્યારે મનથી પણ એની માફી માગી શકાતી હોય છે. તું માફી માગી લે. માણસે ક્યારેક પોતાનાથી જ મુક્ત થવું પડતું હોય છે. અમુક વખતે જો આપણે આપણાથી જ મુક્ત ન થઈએ તો આપણે આપણાથી જ ગૂંગળાઈ જઈએ છીએ. મોટા ભાગના પાગલ એટલા માટે ગાંડા થઈ ગયા હોય છે, કારણ કે, એ પોતાનામાંથી જ મુક્ત થઈ શકતા નથી.

**ક્યારેક આપણે એ પણ સમજવું જરૂરી હોય છે કે આપણા માટે શું મહત્ત્વનું છે? જ્યારે પણ ઈગો વચ્ચે આવતો હોય ત્યારે વિચારજો કે તમારા માટે એ વ્યક્તિનું ઈમ્પોર્ટન્સ કેટલું છે? આપણે ઇચ્છતા હોઈએ છીએ કે એ વ્યક્તિ આપણી નજીક રહે, પણ આપણે જ એ દરવાજો ખોલતા નથી કે એ અંદર આવી શકે. નકૂચા એટલા ન બીડી દો કે દરવાજો ખૂલે જ નહીં!**

આપણી આજુબાજુમાં ઘણા એવા લોકો હોય છે જેને જોઈને આપણને થાય છે કે એ હાથે કરીને દુઃખી થાય છે. એને કોઈ વાત છોડવી જ નથી. જે પોતાની પરિસ્થિતિનો સ્વીકાર કરતો નથી એ પોતાનામાં જ કેદ થઈ જાય છે.

એક છોકરીની વાત છે. એનો પિતા ખૂબ જ વિચિત્ર મગજનો. ઘરમાં એને શાંતિ લેવા ન દે. સતત ટોક ટોક કરે. ભણવા સિવાય ઘરની બહાર નીકળવા ન દે. દીકરી દરરોજ શોષવાતી રહે. કૉલેજમાં તેને એક બહેનપણી મળી. ફ્રેન્ડની વાત સાંભળીને તેણે કહ્યું કે, ચાલ માની લીધું કે ઘરમાં તારી સ્થિતિ સારી નથી, પણ ઘરની બહાર આવ્યા પછી તો તું તારી રીતે જીવ. કૉલેજમાં તો તારી મસ્તીમાં રહે. તારા પર તારું ઘર એટલું બધું હાવી રહે છે કે તું ભણવામાં પણ ધ્યાન આપી શકતી નથી. ઘરની બહાર નીકળ ત્યારે ઘરના દરવાજા પાસે જ ઘરને ખંખેરી નાખ. દરેક જગ્યા આપણને અનુકૂળ હોય એવું જરૂરી નથી. ક્યારે શું ખંખેરી નાખવું એની ખબર હોવી જોઈએ. અમુક વખતે જે કરવા જેવું હોય એ ન કરીને પણ આપણે ભૂલ કરતા હોઈએ છીએ. આપણને ઘણી વખત એવું થતું હોય છે કે, ત્યારે આવું કર્યું હોત તો કેવું સારું હતું! ઘણી વખત તો આપણને મન થઈ આવે છે કે, હવે તો કહી દેવું છે, મનમાં નથી રાખવું. અમુક સમયે મનને છુટ્ટું પણ મૂકવું પડતું હોય છે. અમુક ઇચ્છાઓને યાતનાપૂર્વક દબાવી રાખવી એ પણ પોતાની જાત સાથેની ભૂલ જ હોય છે જે દેખાતી નથી, માત્ર અનુભવાતી હોય છે. ઘણા અનુભવો સતત પીડા આપે છે. વેદનાને સમયસર દૂર ન કરીએ તો


Degitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

વેદના આપણને શોષી લે છે. સુકાયેલા ઘણા ચહેરા એ વાતની પણ ચાડી ખીતા હોય છે કે એણે પોતાની જાતને પોતાના હાથે જ શોષાવા દીધી.

કેટલાક લોકો ખોટા પડેલા નિર્ણયને પણ ભૂલ માની લેતા હોય છે. હકીકતે એ ભૂલ હોતી નથી. આપણી ગણતરીઓ ખોટી પડતી હોય છે. ગણતરી ખોટી પડે તેમાં પણ દર વખતે આપણો વાંક હોતો નથી.

એક યુવાનની આ વાત છે. તેને એક જૉબની સરસ ઓફર આવી. જે નોકરી ચાલુ હતી ત્યાં કોઈ પ્રોબ્લેમ ન હતો. છતાં નવી જૉબની ઓફર સારી લાગતી હતી. નવી કંપની હતી. સેલરી ખૂબ સારી ઓફર થઈ હતી. પ્રમોશન પણ મળતું હતું. ખૂબ વિચારીને અને પોતાના લોકોની સલાહ લઈને આખરે એણે નવી કંપની જોઈન કરી. થોડો સમય તો બધું બરાબર ચાલ્યું. અચાનક એવું થયું કે કંપની લોસમાં જવા લાગી. છેવટે કંપની બંધ થઈ ગઈ અને નોકરીમાંથી બધાને છૂટા કરી દીધા. એ યુવાનને થયું કે, જૂની કંપની મૂકીને મોટી ભૂલ કરી હતી. એ વાત એના મગજમાંથી નીકળતી જ નહોતી. આખરે તેના મિત્રએ કહ્યું કે, એ ભૂલ નહોતી. તારો નિર્ણય પણ ખોટો ન હતો. દરેક સંજોગ, દરેક સમય અને દરેક સ્થિતિ આપણા હાથમાં નથી હોતી. તેં બધું વિચારીને નિર્ણય લીધો હતો. એને ભૂલ ન સમજ. માન કે તું અગાઉ જે કંપનીમાં કામ કરતો હતો એ બંધ થઈ ગઈ હોત તો ? તો કદાચ તું એવું કહેત કે મને સારી ઓફર મળી ત્યારે હું ન ગયો એ મારી સૌથી મોટી ભૂલ હતી. અમુક વખતે આપણે અમુક બાબતોને ભૂલમાં ખપાવી દેતા હોઈએ છીએ. સમય બદલે એટલે દરેક એને પોતાની રીતે જોતો હોય છે. સમયને વર્તમાનની નજરથી જ જોવો જોઈએ. ભૂતકાળની નજરથી વર્તમાનને કે ભવિષ્યને ન જોવું જોઈએ. આમ કર્યું હોત તો આમ થયું હોત, આમ ન કર્યું હોત તો આમ થયું ન હોત, એ બધાં તર્ક હોય છે. તર્કનો કોઈ અર્થ નથી હોતો. વાસ્તવિકતાને કોઈ તર્ક સાથે જોડવી ન જોઈએ.

દરેક ભૂલ ભૂલ નથી હોતી, અમુક અકસ્માતો છે. અકસ્માતો પૂછીને નથી થતા, એ બસ થઈ જતા હોય છે. ઇરાદો નથી હોતો. ખરાબ દાનત નથી હોતી. કોઈ હર્ટ થાય એવું પણ આપણે ઈચ્છતા હોતા નથી, છતાં ભૂલ થઈ જાય છે. આપણે મજાકમાં કે હળવા ટોનમાં કોઈને કંઈક કહેતા હોઈએ અને તે ગંભીરતાથી લઈ લે. મિસઅન્ડરસ્ટેન્ડિંગને પણ ઘણા લોકો ભૂલમાં ખપાવી દેતા હોય છે. આપણી નજીકની વ્યક્તિ કોઈ કારણસર હર્ટ થાય ત્યારે આપણને પણ વેદના થતી હોય છે. કોઈને ખરાબ લાગે અને તમને સારું ન લાગે તો સમજવું કે એ વ્યક્તિ તમારી છે. તેની સાથે ચોખવટ કરી લેવી કે માફી માગી લેવી એ હળવા થવાનો ઉત્તમ રસ્તો છે.

બે મિત્રો હતા.કોઈ કારણસર બંને વચ્ચે ઝઘડો થઈ ગયો. એક મિત્રે કહ્યું કે, તારી ભૂલ હતી. તારે એવું વર્તન કરવું જોઈતું ન હતું. એ તેનાથી દૂર થઈ ગયો. તેણે કહ્યું કે, જ્યાં સુધી એ સોરી ન કહે ત્યાં સુધી હું તેની સાથે સંબંધ રાખવાનો નથી. બીજા મિત્રને આ વાતની ખબર પડી. તેને થયું મારી ભૂલ ક્યાં હતી ? એ ખોટું માને છે. તેણે ફોન ઉપાડ્યો. મિત્રને ફોન કરીને કહ્યું કે, આઈ એમ રિયલી સોરી. હવે બધું ભૂલી જા. આ વાત સાંભળીને એના બીજા મિત્રએ કહ્યું કે, તારી ભૂલ ન હતી તો પણ તેં સોરી કહ્યું ? મિત્રએ કહ્યું હા, કારણ કે મારા માટે મારા ઈગો કે કોની ભૂલ હતી એ વાત કરતાં અમારા બંનેની દોસ્તી વધારે મહત્ત્વની છે. ક્યારેક આપણે એ પણ સમજવું જરૂરી હોય છે કે આપણા માટે શું મહત્ત્વનું છે ? જ્યારે પણ ઈગો વચ્ચે આવતો હોય ત્યારે વિચારજો કે તમારા માટે એ વ્યક્તિનું ઈમ્પોર્ટન્સ કેટલું છે ? આપણે ઇચ્છતા હોઈએ છીએ કે એ વ્યક્તિ આપણી નજીક રહે, પણ આપણે જ એ દરવાજો ખોલતા નથી કે એ અંદર આવી શકે. નકૂચા એટલા ન બીડી દો કે દરવાજો ખૂલે જ નહીં !

ભૂલને ન સમજવી એ ભૂલ છે. સમજીને એને પંપાળ્યા રાખવી એ એનાથી પણ મોટી ભૂલ છે. ભૂલ થઈ હોય તો પણ માફી માગી લો. ભૂલવા જેવી ભૂલોને ભૂલી જાવ. જિંદગીને હળવી બનાવવા માટે આપણે ઘણું બધું આપણા હાથે જ કરવાનું હોય છે. લાઈફને બ્યુટીફૂલ બનાવવી એ આપણા હાથની વાત છે. આપણે જ ઘણી વખત જિંદગી સાથે હાથ મેળવતા નથી. એક વખત હાથ લંબાવી તો જુઓ !

ભૂલવા જેવું ન ભૂલીએ તો યાદ રાખવા જેવું યાદ રહેતું નથી. જિંદગીને સુંદર રાખવા માટે વાગોળવા જેવું હોય એને જ વાગોળવું જોઈએ.

✶ ✶ ✶

## ધન કરતાં સમય મહાન છે

એવું કહેવાય છે કે ટાઈમ ઈઝ મની. મતલબ કે સમય ધન છે. જે લોકો સમયનો દુરુપયોગ કરે છે તેના માટે આ બહુ મોટી ચેતવણી છે. હાલમાં ધન તો ઘણું હોય છે, પણ સમય કોઈ પાસે નથી હોતો. આ રૂઢિપ્રયોગના જન્મદાતા છે બેન્જામિન ફ્રેન્કલિન. ૧૭૪૮માં તેમણે એક નિબંધ લખ્યો હતો–યુવાન વેપારી માટે સલાહ. એમાં તેમણે લખ્યું હતું કે જો તમે અડધો દિવસ કામ નથી કરતા તો અડધા દિવસનો પગાર ગુમાવો છો. આ સલાહ એ લોકો માટે હતી જેઓ દિવસમાં કામ અનુસાર પૈસા મેળવતા હતા. એ પછી જિંદગીએ એવી તો સ્પીડ પકડી કે લોકો પાસે ધનની અછતની સાથોસાથ સમયની અછત પણ સર્જાવા લાગી, પરંતુ હવે આમાં પરિવર્તન આવ્યું છે. એક ખાસ સમયમાં કોણ કેટલું કમાશે એ કહી નથી શકાતું. એ તો તમે કેવી રીતે કામ કરો છો તેના પર આધારિત છે.ધન તમે પેદા કરો છો, સમયને તમે પેદા કરી શકતા નથી, પણ સમયે તમને જન્મ આપ્યો છે. તમે સમયની ભીતર જન્મો છો અને તમારો સમય પૂરો થતાં જ મૃત્યુ પામો છો. તમે જેને ઉત્પન્ન નથી કરતા તે તમારાથી બહુ વિશાળ હોય છે. તેથી સમય પર ધ્યાન આપો. તમારી પાસે જે સમય છે એને તમે કેવી રીતે પસાર કરો છો એના પર ધ્યાન કેન્દ્રિત કરો. તમે સમય પસાર કરી રહ્યા છો કે સમયનો ઉપયોગ કરી રહ્યા છો એ તમારા ઉપર આધારિત છે. સમયસર આત્માને ઓળખી લો એ જ સમયનો સફળ ઉપયોગ છે.

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP



# બિઝનેસ પાર્ટનર

**☐ ગિરીશ ગણાત્રા**

'મીટ માય બિઝનેસ પાર્ટનર, મિ. બાલ્યા.'

પટવારીએ મારી સામે સ્મિત ફેંકતાં એમના પાર્ટનરનો ઈન્ટ્રો કરાવ્યો.

એક દસ વર્ષના, મેલુંઘેલું ટી-શર્ટ અને ચડ્ડી પહેરેલા છોકરાની ઓળખાણ કરાવતા પટવારીએ પોતાનુ વાક્ય ફરી દોહરાવ્યું :

'હી ઈઝ માય બિઝનેસ પાર્ટનર.'

અને પછી એના ભાગીદાર સામે જોઈ પૂછ્યું,

'આજનો બિઝનેસ કેવો રહ્યો ?'

'ફર્સ્ટ ક્લાસ.'

'ટૂરિસ્ટ ખરા ?'

'ખૂબ જ. એક્ઝિબિશન ગ્રાઉન્ડ પર આંતરરાષ્ટ્રીય પ્રદર્શન છે એટલે ટૂરિસ્ટ બહુ રહે છે. પૂરા ત્રણ મહિના સુધી બિઝનેસ ચાલશે...'

'ફાઈન. આજે એક ડિનર છે એટલે અહીં આવ્યો છું. પણ કાલે અહીં જ અમારી એક કૉન્ફરન્સ છે એટલે બપોરે મળીશ. ઓ.કે.સી.યુ. ઍન્ડ ગુડનાઈટ.'

'ગુડનાઈટ' બાલ્યા નામધારી છોકરાએ હાથ ઊંચો કર્યો.

હૉટલના ડિનર વખતે મારે પટવારીને પૂછવું હતું કે આટલો નાનકડો, મેલોઘેલો, છોકરો તારો બિઝનેસ પાર્ટનર કઈ રીતે ? પણ ડિનર વખતે પટવારી ખૂબ જ વ્યસ્ત રહ્યો. દિલ્હીની ક્રીમ જેન્ટ્રીઓ સાથે એ મારી ઓળખાણ કરાવતો, હાથમાં પ્લેટ લઈને અહીંથી તેમ ઘૂમતો, ગ્રુપમાં ચર્ચા કરતો, હસી-મજાક કરતો આ પટવારી એક અકળ વ્યક્તિ હતો.

નાનપણમાં સ્કૂલમાં સાથે ભણતા ત્યારે પણ આ પટવારી ઘણો રહસ્યમય લાગતો. વાંચતો ન હોય એવો ડોળ કરતો પણ પહેલો નંબર રાખતો. જાતજાતના સરપ્રાઈઝ અમને આપતો.

અત્યારે પણ મને એણે એના બિઝનેસ પાર્ટનરની ઓળખાણ કરાવી સરપ્રાઈઝ આપી હતી.

આમ તો પટવારી દિલ્હીમાં ઘણા બિઝનેસ કરતો પણ થોડા મહિના પહેલાં જ એણે બિઝનેસ-કોમ્યુનિકેશન્સ સિસ્ટમ નામની એક નવી જ ઑફિસનું ઉદ્‌ઘાટન કર્યું હતું. એ ઈન્ફર્મેશન સિસ્ટમની નવી મેથડ દ્વારા એક કંપનીને એમના ધંધા અંગેની છેલ્લી માહિતીઓ પૂરી પાડતો.

દિલ્હીમાં યોજાયેલા એડવર્ટાઈઝિંગ ઍન્ડ બિઝનેસ કોમ્યુનિકેશન્સ કૉન્ફરન્સમાં ભાગ લેવા આવ્યો ત્યારે પટવારીને મળી ગયો. આવતી કાલથી શરૂ થનાર કૉન્ફરન્સની આગલી રાત્રે યોજાયેલા ડિનરમાં હાજરી આપવા એ મને મારી હૉટલ પર મળવા આવ્યો હતો અને અહીં બૅન્ક્વેટ હૉલમાં જતાં પહેલાં, હૉટલની બહારની ફૂટપાથ પર સિગારેટનું પાકીટ ખરીદતા એણે એના નાનકડા પાર્ટનરની ઓળખાણ કરાવી હતી.

મોડી રાત્રે ડિનર પૂરું થયું.

એ મારી રૂમ પર આવ્યો અને બેઠો. એ માંડ સોફા પર બેઠો હશે ત્યાં બૂટ કાઢતાં મેં પટવારીને પૂછી નાખ્યું;

> ***'મેં એ છોકરાના નામે બૅન્કમાં બચત ખાતું ખોલાવ્યું છે, મારા ભાગના તમામ પૈસા એના ખાતામાં જમા કરાવી દઉં છું... કોણ જાણે, ક્યારે કેવા દિવસો જિંદગીમાં આવી પડે ! અત્યારે તો એનો ધંધો સરસ ચાલે છે. હૉટલનો મેનેજર પણ એને મદદરૂપ થાય છે... જે છે તે, પણ એક છોકરાને ભીખ માગતો છોડાવી શક્યો એનું સ્મરણ દિલને હળવું ફૂલ બનાવી દે છે...'***

'પટવારી , પેલો તારો નાનકડો બિઝનેસ પાર્ટનર....'

'ઓહ ! ધેટ બાલ્યા. હી ઈઝ એ ગૂડ બૉય. ખૂબ જ સ્માર્ટ છોકરો છે.'

'એ ખરું, પણ તારો એ બિઝનેસ પાર્ટનર કઈ રીતે ?'

'એ મારો બિઝનેસ પાર્ટનર નથી, હું એનો બિઝનેસ પાર્ટનર છું-વીથ ઈન્વેસ્ટમેન્ટ. એના બિઝનેસમાં મેં ૩૦% મૂડીરોકાણ કર્યું છે. એ વર્કિંગ પાર્ટનર છે, હું સ્લિપિંગ પાર્ટનર છું.'

'શેનો બિઝનેસ છે ?'

'શૂ-સાઈનનો.'

'એટલે ?'

'એટલે કે બૂટ-પૉલિશનો.'

એ ખડખડાટ હસી પડયો. હું પણ.

વાહ, પટવારીનું આ નવું બિઝનેસ વેન્ચર ખરેખર નવાઈ પમાડે એવું હતું !

મેં કપડાં બદલાવ્યાં.

થોડીવારે કૉફી આવી.

કૉફી પર થતી વાતચીતમાં ફરી પટવારીના બિઝનેસ પાર્ટનર બાલ્યાની વાત આવી ચડી.

'આ ધંધામાં તું કેવી રીતે આવ્યો ?'

'શૂ-સાઈન બિઝનેસમાં ને ? એ પણ આકસ્મિક રીતે જ આવી ગયો. એ વખતે હું હૉટલ-ઉદ્યોગનું માર્કેટિંગ સર્વે કરી રહ્યો હતો. દિલ્હીની જુદી જુદી હૉટલોની અમુક પ્રકારની ખાસ માહિતીઓ મારે જોઈતી હતી. એટલે ઘણી હૉટલોના માલિકો કે મેનેજરને મળવા મારે જવું પડતું.'

'એક વખત હું એક હૉટલની બહાર નીકળ્યો ને મારી કારનો દરવાજો ખોલવા જતો હતો ત્યાં એક નાજુક હાથ મારા કોટની બાંયને ખેંચતો લાગ્યો. મેં પાછળ વળીને જોયું તો એક નાનકડો, હૃષ્ટપુષ્ટ છોકરો મને સલામ કરતો હતો.'

હું સમજી ગયો કે એ ભીખ માગતો હતો.

મને મન થઈ ગયું કે ગજવામાંથી થોડા સિક્કાઓ કાઢી એના હાથમાં મૂકું. મેં ગજવામાં હાથ પણ નાખ્યો.

છોકરો મારી સામે આશાભરી મીટ માંડી

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP

જોતો રહ્યો.

પણ અચાનક મેં મારો વિચાર બદલી નાખ્યો. મેં છોકરાને કહ્યું :

'હું અહીં બપોરે ચાર વાગે ફરી આવવાનો છું. તે વખતે મને મળજે. ત્યારે તને ખૂબ મોટી બક્ષિશ આપીશ.' છોકરા સામે દૃષ્ટિ નાખી મેં કાર મારી મૂકી.

'કેમ એમ કર્યું ? જો થોડા સિક્કઓની લહાણી કરવી હતી તો એ વખતે પણ કરી શક્યો હોત !' મેં પટવારીની નજરમાં નજર પરોવતાં પૂછ્યું.

'હા, કંઈક એવો જ વિચાર હતો અને એટલે જ મેં ગજવામાં હાથ નાખેલો. પણ ગજવામાં હાથ નાખ્યો ત્યારે અંદર એક નાનકડી ચબરખી પડી હતી. સવારે ઑફિસ જવા નકળ્યો ત્યારે મારી પત્નીએ મને યાદ અપાવવા મારા કોટના ગજવામાં ચબરખી મૂકી હતી. એ દિવસે મારા પિતાની પુણ્યતિથિ હતી. સાંજે બિરલા મંદિરમાં દર્શન કરવા જવાનું હતું.'

ચબરખીને હાથ અડતાં જ અચાનક મારા મનમાં એક નવો વિચાર આવ્યો – આજે પિતાજીની પુણ્યતિથિ છે. હું પત્ની અને બાળકો દર્શન કરવા જશું, મંદિરમાં દાન-ભેટ ચડાવીશું. બહાર બેઠેલા તમામ ગરીબ-ગુરબાઓને થોડા થોડા સિક્કાઓ આપીશું... આ છોકરો પણ એવો જ એક ગરીબ છોકરો છે. એ પણ ભીખ માગે છે. શા માટે એને ભિખારી રહેવા દેવો ?

બસ આ વિચારથી મારો હાથ ગજવામાંથી બહાર નીકળી ગયો. તે વખતે મેં આ છોકરા વિશે કશું નક્કર નહોતું વિચાર્યું. એ આ ટૂરિસ્ટો પાસેથી ભીખ ઉઘરાવતો હશે એટલે આટલામાં જ ક્યાંક હશે માની મેં ચાર વાગ્યે મળવાનું કહ્યું.

'પછી એ મળ્યો ?' મેં પૂછ્યું.

'હા, મળ્યો. મેં એને સમજાવ્યું કે જો ભીખ માગવાનું છોડી દે તો એને કશાક નાનકડા ધંધે ચડાવું. એ કબૂલ થયો. થોડી વાતચીત પછી નક્કી થયું કે એને બૂટ-પૉલિશનો ધંધો ફાવશે.

બીજે દિવસે મેં એને બૂટ-પૉલિશનું નાનકડું લાકડાનું સ્ટૅન્ડ, પૉલિશની ડબ્બીઓ, ક્રીમ, બ્રશ વગેરે લઈ આપ્યાં. હું જુદી જુદી હૉટલોમાં એ વખતે ફરતો એટલે ક્યાં બૂટ-પૉલિશની સુવિધા નથી એ મારા ધ્યાનમાં હતું. મેં આ છોકરાને હૉટલની બહારના એક ખૂણા પર ગોઠવી દીધો. એ અહીં છેલ્લા પાંચ-છ મહિનાથી બેસે છે. દરરોજ પચ્ચીસ ત્રીસ રૂપિયા કમાઈ લે છે...'

'ગૂડ બિઝનેસ.'

'છેસ્તો વળી. આજ સુધીમાં એણે મને પાંચેક હજાર કમાઈ આપ્યા છે – ધંધાની મારી ભાગીદારીના ત્રીસ ટકા લેખે...'

'પાંચ હજાર રૂપિયા ? તારું ઈન્વેસ્ટમેન્ટ કેટલું ?'

'બારસો–તેરસો રૂપિયા જેટલું.'

'તો તો તું શોષણખોર કહેવાય.'

'તું તું એમ માને છે ખરો કે આવડા નાનકડા છોકરાનું શોષણ હું કરું ? અને એ પણ પિતાજીની પુણ્યતિથિ પ્રસંગે એક સારા કામ કરવાના નિમિત્તે ?'

હું કશું બોલ્યો નહીં. પટવારી સામે જોતો રહ્યો. પટવારીએ હળવેકથી કહ્યું :

'મેં એ છોકરાના નામે બૅન્કમાં બચત ખાતું ખોલાવ્યું છે, મારા ભાગના તમામ પૈસા એના ખાતામાં જમા કરાવી દઉં છું... કોણ જાણે, ક્યારે કેવા દિવસો જિંદગીમાં આવી પડે ! આ છોકરાને એ રકમ મદદરૂપ થશે. અત્યારે તો એનો ધંધો સરસ ચાલે છે. હૉટલનો મેનેજર પણ એને મદદરૂપ થાય છે... જે છે તે, પણ એક છોકરાને ભીખ માગતો છોડાવી શક્યો એનું સ્મરણ દિલને હળવું ફૂલ બનાવી દે છે...'

બીજે દિવસે કૉન્ફરન્સ હૉલમાં જતાં પહેલાં હું બાલ્યા પાસે પહોંચી ગયો. એની પાસે બૂટ-પૉલિશ કરાવતો હતો ત્યાં પટવારીની કાર આવી પહોંચી. પાર્કિંગ-પ્લોટમાં કાર પાર્ક કરી એ મારી પાસે આવ્યો. મને બાલ્યા પાસે બૂટ-પૉલિશ કરાવતો જોઈ પટવારીને ખૂબ આનંદ થયો. એણે બાલ્યાને કહ્યું :

'પાર્ટનર, એ આપણા વેલ્યુડ કસ્ટમર છે. એને દસ ટકા ડિસ્કાઉન્ટ આપજે.'

અને ખરેખર મેં જ્યારે બાલ્યા સામે દસ રૂપિયાની નોટ ધરી ત્યારે તેણે ડબીમાંથી એક રૂપિયાનો સિક્કો કાઢી મારી સામે ધર્યો. પટવારી બોલ્યો :

'ટેક ઈટ, લઈ લે ઈટ્સ આ બિઝનેસ ડિસ્કાઉન્ટ. જો બને તો ચાર દિવસ બાલ્યા પાસે પૉલિશ કરાવજે. આફટર ઑલ, હી ઈઝ માય બિઝનેસ પાર્ટનર. ઍન્ડ યુ આર અવર વેલ્યુડ કસ્ટમર...'

✶ ✶ ✶

## ધોડિયે નહીં તો કંઈ નહીં પણ...

ઘોડિયે નહીં તો કંઈ નહીં પણ
ઝૂલે તો હજુ ઝૂલી શકાય છે,
પણ ભૂખ લાગે તો ક્યાં ફરી
મોંમાં અંગૂઠો ચૂસાય છે ?

કંઈક શીખવાની જિજ્ઞાસા લઈ
ફરી સ્કૂલ કૉલેજ જઈ શકાય છે,
પણ દફતર ફેંકી રમવા દોડવું
એવું હવે ક્યાં કરી શકાય છે ?

ઝાડ પર નહીં તો કોલર ટ્યૂનમાં
કોયલ–ટહુકા સાંભળી શકાય છે,
પણ અમથું અમથું ક્યાં ફરીથી કોયલ
સંગ ટહુકી શકાય છે ?

મિત્રો સંગ તાળી દઈ હજુ એ
જોને ખિલખિલાટ હસી શકાય છે,
પણ મનગમતી ચીજ મેળવવા
ક્યાં હવે ભેંકડો તાણી રડાય છે ?

જા તારી કિટ્ટા છે કહીને હજુ એ
પળમાં દુશ્મની કરી શકાય છે,
પણ બીજી જ પળે બુચ્ચા કરીને
ક્યાં કોઈને ય મનાવી શકાય છે ?

મોટા થવાની ઇચ્છા કરીને જુઓ
ઝટ મોટા તો થઈ જવાય છે,
પણ ફરી પાછું નાના થઈ જવું ?


Degitalised By ITDESK SOLUTIONS LLP



# સર્વગુણ સંપન્ન વહુ

❑ શિલ્પા જોશી

'વિપુલ, તું ફરી એની એ જ વાત કરે છે, તેને સમજણ નથી પડતી? ના એટલે ના જ હોય છે.' શકુંતલાબહેને ચિડાઈને કહ્યું.

'મમ્મી, પણ ડ્રેસ પહેરવામાં ખોટું શું છે? આજકાલ તો બધા જ ડ્રેસ પહેરે છે.' વિપુલ બોલ્યો.

'એટલે બધા કૂવામાં પડે, તો તું પણ પડીશ?' શકુંતલાબહેને દીકરાને સામો સવાલ કર્યો. 'તારા પપ્પાના કહેવાથી મેં વહુને નોકરી કરવાની મંજૂરી આપી. તારા પપ્પાએ કહ્યું સરકારી નોકરી છે, એટલે સરકારી નોકરી કરે છે તે શું મારા માથે ચડીને બેસવાની? મેં એક વાર ના કહી દીધી તો બસ, હવે ફરી મને કહેવા ન આવતો.' શકુંતલાબહેન બબડતાં બહાર નીકળ્યા. ઉપર ઊભેલી કવિતા બધું સાંભળતી હતી. વિપુલે એના તરફ નજર કરી, તો એ ભીની આંખે અંદર જતી રહી.

વિપુલ અને કવિતાના લગ્નને ચાર વર્ષ થવા આવ્યા હતા. એક મિત્રના લગ્નમાં વિપુલને કવિતા ગમી ગઈ હતી અને ટૂંક સમયમાં જ આ પસંદગી લગ્નમાં પરિણમી. કવિતા સરકારી સ્કૂલમાં શિક્ષિકા હતી. શકુંતલાબહેન આ સંબંધ માટે બિલકુલ રાજી નહોતાં. એમને તો એવી પુત્રવધૂ જોઈતી હતી જે ગૃહિણી હોય. રસોડામાં હોય તો એવું લાગે જાણે સાક્ષાત અન્નપૂર્ણા ઘરમાં હોય. રાત્રે સૂતાં પહેલાં સાસુની પગચંપી કરવાનું ન ભૂલે, પણ આ તો વહુ નોકરી કરતી મળી. પોતે તો દિવસો ગણતાં હતાં કે ક્યારે સાસુ બને અને આ રસોડાની ઝંઝટમાંથી છુટકારો મળે અને નિરાંતે બેસીને આરામ કરે. જોકે વિપુલના પપ્પા સામે એમનું કંઈ ન ચાલ્યું. એમણે કહ્યું, 'તુ નથી સમજતી. સરકારી નોકરી કરે છે, મજાક નથી.' પણ શકુંતલાબહેનને ખબર હતી નોકરી કરતી યુવતી ક્યારેય સુઘડ પુત્રવધૂ ન બની શકે. આખરે મન મારીને એમણે લગ્ન કરવા માટે હા કહી દીધી. એ જ દિવસથી એ હિંદી ફિલ્મોમાં જોવા મળતી સાસુ બની ગયાં.

'વહુ, નોકરી-બોકરી તો સમજ્યા, પણ એક ગૃહિણી માટે ઘર અને રસોડાનું કામ વધારે જરૂરી છે. તું કામ પર જાય એ પહેલાં તારા બધા કામ પતાવીને જાય તો મને કંઈ વાંધો નથી. આમ પણ આ ઉંમરે હું કેટલું કરી શકીશ? વળી, આ સાંધા પણ જકડાઈ ગયા છે.' સાસુએ નવી પુત્રવધૂને પહેલા જ દિવસે હુકમ ફરમાવી દીધો. બસ, એ દિવસથી કવિતા સવારે વહેલી ઊઠીને ઘરનું બધું કામકાજ પતાવી પોતાની નોકરીએ જતી. શકુંતલાબહેને તો જાણે નક્કી કરી લીધેલું કે પોતે કંઈ પણ નહીં કરે. બિચારી કવિતા સાંજે થાકીપાકી ઘેર આવે ત્યારે રસોડું જાણે એની રાહ જોતું હોય. એમણે અનેક પ્રયત્નો કર્યા, પણ બધું વ્યર્થ. એક વર્ષ પછી પપ્પા આ ફાની દુનિયા છોડી ગયાં. વેપારની તમામ પ્રકારની જવાબદારી વિપુલ પર આવી પડી. એ બિચારો વેપારમાં એટલો વ્યસ્ત થઈ ગયો કે એને પળવારનો પણ સમય ન મળતો. એવામાં ઘરની તમામ જવાબદારી કવિતા પર આવી ગઈ. બધું કામકાજ છોડી દેવાથી શકુંતલા-બહેનને ગોઠણનો દુખાવો વધારે થવા લાગ્યો હતો, છતાં સાસુ હોવાનો વટ નહોતો ગયો. વહુ ગમે તેટલું કામ કરી લે તો પણ એ તેમાંથી કંઈ ને કંઈ મીનમેખ અચૂક કાઢતાં.

**_વિપુલને વેપારમાં થોડી ખોટ ગઈ તે વખતે પોતે જમા કરેલા પૈસાથી એને મદદ કરી, કેટલાય મહિનાથી આ ઘરનો ખર્ચ એના જ પગારમાંથી ચાલે છે. સર્વગુણસંપન્નની કોઈ પરિભાષા નથી હોતી શકુ, સમય બદલાવાની સાથે એની પરિભાષા પણ બદલાઈ છે. તારી વહુ તારા કરતાં પણ તારું ધ્યાન વધારે રાખે છે. તારી દવા, તારી સારવારનું અને તને એ સુઘડ નથી લાગતી. તને સમજાવવાની મારી ફરજ હતી. હું જાઉં છું.'_**

થોડા દિવસ પછી સવારે કામ પૂરું કરવાની ઉતાવળમાં કવિતાનો પગ સાડીની પાટલીમાં ભરાયો અને ધડામ દઈને પડી. એટલું વળી સારું થયું કે હાડકું ન ભાંગ્યું. કવિતાએ સાસુને વિનંતી કરી કે હું ડ્રેસ પહેરું તો? બસ,એ જ દિવસથી ઘરમાં મગજમારી શરૂ થઈ ગઈ. વિપુલે કવિતાને એક્ટિવા લાવી દીધું, ત્યારે પણ આટલી મગજમારી થઈ હતી.

'અરે વિપુલ, સાંજે થોડો વહેલો આવજે. તારાં માસી રાજકોટથી આવે છે. એમને સ્ટેશને લેવા જવાનું છે. કેટલા વર્ષ પછી મારી દીદીને મળીશ.' શકુંતલાબહેને કહ્યું.

'વહુ, આજે રવિવાર છે. તું તારી તૈયારી કરી લે, દીદીને ગાજરનો હલવો ખૂબ ભાવે છે, બનાવી દે જે.' શકુંતલાબહેનનો હુકમ થયો.

'મમ્મીજી, હું કેવી રીતે જઈશ? આજે સાંજે તો ગોડાઉનમાં માલ આવવાનો છે. મારે ત્યાં જવાનું કમ્પલસરી છે.' વિપુલે જવાબ આપ્યો.

'કંઈ વાંધો નહીં મમ્મી, હું જઈને લઈ આવીશ, માસીને.' કવિતા બોલી. સાંજે સ્ટેશને જઈ કવિતા માસીજીને લઈને ઘરે આવી. કવિતાએ માસી માટે જે રસોઈ બનાવી હતી, તે ખાધા પછી એની પ્રશંસા કરતાં થાકતાં નહોતાં.

'અરે દીદી, મેં જો તમારા માટે રસોઈ બનાવી હોત, તો તમે આંગળીઓ ચાટતા હોત, પણ આ દુખાવો, લાચાર થઈ ગઈ છું આનાથી. વહુ હલવામાં ખાંડ થોડી ઓછી છે, મને ગોઠણનો દુખાવો છે, ડાયાબિટીસ નથી. થોડી

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP

ખાંડ લઈ આવ.' શકુંતલાબહેને મહેણું માર્યું.

બીજા દિવસે સવારે કવિતા સ્કૂલે જવા માટે રવાના થઈ. શકુંતલાબહેન પોતાની દીદીને લઈ રસોડામાં ગયાં. ત્યાં નાસ્તો બનાવી મૂકેલા બટાકાપૌંઆ પ્લેટમાં કાઢ્યા. શકુંતલાબહેન બોલ્યાં, 'જોયું દીદી, રસોડાની તો કેવી હાલત થઈ ગઈ છે ? અમારા જમાનામાં તો વાસણો એવા ચકચકાટ રાખતાં કે તેમાં મોં દેખાય. ત્યારે અહીં જુઓ, રસોડામાં કોઈ વસ્તુના ઠેકાણા છે ? આવી હોય ગૃહિણી ? ઘરપરિવારની જવાબદારી પહેલી હોય, પણ આને જુઓ, નોકરીના નામે ઘરમાંથી ભાગવાની ઉતાવળ હોય છે.'

થોડા જ દિવસોમાં શાંતિબહેને જોઈ લીધું કે શકુંતલાબહેનને પોતાની વહુની દરેક બાબતમાં પરેશાની છે. એ એક પણ તક એને ટોકવાની જતી ન કરતાં, એવામાં હજી માંડ અઠવાડિયું જ થયું હતું કે શકુંતલાબહેન સીડી પરથી પડ્યાં. કવિતા ઑફિસેથી આવીને કપડાં બદલતી હતી. શકુંતલાબહેનની ચીસ સાંભળતાં જ કવિતા અને શાંતિબહેન બંને સીડી તરફ દોડ્યાં.

'લાગે છે કે વધારે વાગ્યું છે.' શાંતિબહેન બોલ્યાં.

'માસીજી, તમે બે મિનિટ મમ્મીનું ધ્યાન રાખો, હું હમણાં જ રિક્ષા બોલાવી લાવું. આપણે હોસ્પિટલે લઈ જઈએ.' કવિતાએ કહ્યું. ડૉક્ટરે જણાવ્યું કે પગમાં નાની તિરાડ પડી છે.પંદર દિવસ પાટો બાંધી રાખવો પડશે. કવિતાએ પંદર દિવસની રજા લઈ લીધી અને શકુન્તલાબહેનની ખૂબ સેવા કરી. પથારીમાં પડ્યાં પડ્યાં શકુન્તલા-બહેનને એ તો ખ્યાલ આવી ગયો હતો કે પોતે કેવું ખોટું વિચારતાં હતાં. પણ એમના મનમાં રહેલાં સાસુના વટને એ દૂર કરી શકતા નહોતાં. કવિતાની સેવા એવી હતી કે એ ઝડપથી સાજા થઈ ગયાં.

'જો શકુ, તું કહેતી હતી ને કે તારી વહુ સુઘડ નથી, એને ઘર વ્યવસ્થિત રાખતાં નથી આવડતું. એ ક્યારેય સર્વગુણસંપન્ન નહીં બની શકે. હવે તું જ કહે, સર્વગુણસંપન્ન હોવું એટલે શું ? તને ખબર છે, કવિતા એકલી જ ઘરનું કરિયાણું લાવે છે, બૅન્કનું કામ કરે છે, લાઈટબિલ ભરવા જવાથી લઈને વિપુલને પણ હિસાબકિતાબમાં મદદ કરે છે. વિપુલે મને કહેવાની ના કહી હતી, તો પણ મેં તને કહ્યું. એને વેપારમાં થોડી ખોટ ગઈ તે વખતે પોતે જમા કરેલા પૈસાથી એને મદદ કરી, કેટલાય મહિનાથી આ ઘરનો ખર્ચ એના જ પગારમાંથી ચાલે છે. સર્વગુણસંપન્નની કોઈ પરિભાષા નથી હોતી શકુ, સમય બદલાવાની સાથે એની પરિભાષા પણ બદલાઈ છે. તારી વહુ તારા કરતાં પણ તારું ધ્યાન વધારે રાખે છે. તારી દવા, તારી સારવારનું અને તને એ સુઘડ નથી લાગતી. તને સમજાવવાની મારી ફરજ હતી. હું જાઉં છું.' શકુન્તલાબહેનની આંખોમાંથી આંસુ વહેતાં હતાં.

સાંજે કવિતા સાસુ માટે ચાનો કપ લઈ અંદર આવી ત્યારે એ બોલ્યાં, 'તારી ચા પણ લઈ આવ, બેટા, આપણે સાથે ચા પીશું.'

કવિતાને નવાઈ લાગી. પહેલાં તો સાસુએ ક્યારેય આવું કહ્યું નહોતું. એ પોતાનો કપ લઈ આવી. 'લે, બેટા આ...' શકુન્તલાબહેને એક પેકેટ કવિતાને આપ્યું.

'શું છે ?' કવિતાએ પૂછ્યું.

'ખોલીને જોઈ લે.' એ પેકેટમાં કવિતા માટે સુંદર ડ્રેસ હતો. 'કાલે સ્કૂલે જાય તો આ પહેરીને જજે, તને આ રંગ ખૂબ શોભશે.' શકુન્તલાબહેને કહ્યું અને કવિતાને પ્રેમથી પોતાની છાતીસરસી ચાંપી દીધી.

✷ ✷ ✷

## બીજાઓને સુખ આપીને પણ સુખી થઈ શકાય

### એક લાઈબ્રેરિયને તેની આખી જિંદગી ગરીબ લોકોની સેવા પાછળ ખર્ચી નાખી

તામિલનાડુના થુથુકડી જિલ્લાના શ્રીવાયકુંથમના નિવૃત્ત લાઈબ્રેરિયન કલ્યાણસુંદરમને સુપરસ્ટાર રજનીકાંતે પોતાના દત્તક પિતા જાહેર કર્યા છે, સંયુક્ત રાષ્ટ્રસંઘે તેમનો સમાવેશ વીસમી સદીના સર્વોત્કૃષ્ટ લોકોમાં કર્યો છે અને અમેરિકાની એક સંસ્થાએ તેમને મેન ઑફ ધ મિલેનિયમ જાહેર કર્યા છે.

શું વિશેષ છે કલ્યાણસુંદરમમાં કે જેના કારણે તેમને આટલું બધું માન મળ્યું છે ? તેમણે પોતાનું આખું જીવન સમાજના કલ્યાણનાં કાર્યોમાં સમર્પી દીધું છે અને એ માટે લગ્ન પણ નથી કર્યાં. તેમણે સાચા અર્થમાં તન, મન, ધનથી સમાજની સેવા કરી છે.

કલ્યાણસુંદરમે પાંત્રીસ વર્ષ સુધી શ્રીવાયકુંથમના કલા મહાવિદ્યાલયમાં લાઈબ્રેરિયન તરીકે ફરજ બજાવી. ૧૯૬૨થી તેમણે પોતાનો પગાર ગરીબોની મદદ પાછળ ખર્ચવા માંડ્યો હતો. ૧૯૬૨માં ભારત-ચીન યુદ્ધ વખતે તેઓ યુદ્ધ ફંડમાં તેમની સોનાની ચેઈન આપવા એક અખબારની ઑફિસમાં ગયા હતા એ વખતે એ અખબારના તંત્રીએ તેમને મજાકમાં કહ્યું કે લોકોની સેવામાં દર મહિને પગાર આપી દો તો તમને ખરા માનું. એ વખતે જ કલ્યાણસુંદરમે નક્કી કરી લીધું કે હવે હું દર મહિને મારો પગાર ગરીબ લોકો પાછળ ખર્ચીશ.

લાઈબ્રેરિયન તરીકે ડ્યૂટી પૂરી થાય એ પછી તેમણે એક રેસ્ટોરાંમાં વેઈટર તરીકે કામ શોધી લીધું. એનાથી તેઓ પોતાનો ખર્ચ કાઢવા લાગ્યા. અને લાઈબ્રેરિયન તરીકેનો પગાર તેઓ ગરીબો પાછળ ખર્ચવા લાગ્યા.

કલ્યાણસુંદરમ નિવૃત્ત થયા ત્યારે તેમણે રિટાયરમેન્ટ બેનિફિટના દસ લાખ રૂપિયા મળ્યા એ પણ તેમણે ગરીબોને દાનમાં આપી દીધા.

ગાંધીજીને પોતાના આદર્શ માનતા કલ્યાણ-સુંદરમે પોતાનું આખું જીવન બીજાઓને મદદરૂપ થવામાં વિતાવ્યું છે અને હજી પણ તેઓ પોતાનાથી થાય એટલી મદદ લોકોને કરી રહ્યા છે.

કલ્યાણસુંદરમ જેવા માણસો બીજાઓને સુખ આપીને સુખ મેળવતતા હોય છે.

✷ ✷ ✷


Degitalised By ITDESK SOLUTIONS LLP



# છેલ્લો પત્ર

ઓખા અમદાવાદ એક્સપ્રેસ સ્ટેશન પર ઊભી રહી. આ એક નાનકડું રેલવે સ્ટેશન હતું. પરશોત્તમ કાનજી એક જનરલ ડબામાંથી નીચે ઉતર્યા. સાથે બે મોટા થેલા હતા.

ટ્રેનની વ્હીસલ વાગી અને ટ્રેન ઉપડી અને સાથોસાથ મક્કમ ડગલે પરશોત્તમદાસ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર ચાલવા લાગ્યા. સામેથી જ કરશન દેખાયો. એ દોડ્યો ને પરશોત્તમદાસ પાસેથી એક થેલો લઈને પૂછવા લાગ્યો.

'દાસ સાહેબ અમદાવાદ જઈ આવ્યાં ?'

'હા, ઘણા દિવસથી ગયો નહોતો એટલે જઈ આવ્યો. આપણા નગરમાં શું નવાજૂની છે એ કહે.' પરશોત્તમદાસજી બોલ્યાં.

'બસ કશું જ નવીનમાં નથી, પણ તમે તમારું મકાન વેચીને જતા રહો છો એવી નગરમાં વાતો સંભળાય છે.' કરશને પોતાની ઑટો રિક્ષામાં સામાન ગોઠવ્યો, અને પોતે રિક્ષા ચાલુ કરી અને પાછળ પરશોત્તમદાસજી ગોઠવાઈ ગયા.

'એવું કોણે કીધું તને કે હું મારું મકાન વેચવા કાઢું છું.' પરશોત્તમદાસજીએ કરશન સામે જોઈને કહ્યું. રિક્ષા ધીમે ધીમે ચાલતી હતી. રસ્તામાં મળતાં પરિચિતો દાસજી સામે જોઈને સ્મિત કરતા હતા અને હાથ હલાવતા હતા.

'મને કલરકામ કરવાવાળો ટીકુડો કહેતો હતો. દાસજીનો છોકરો મકાન વેચી નાખવાનો છે અને શહેરમાં નવું મકાન લેશે અને દાસજીને ત્યાં લઈ જશે.'

પરશોત્તમદાસ કાનજીને આ ગામમાં બધાં દાસજી કહેતા હતા. ગામની ત્રણ પેઢીને ભણાવીને એ છેલ્લાં ચાર વર્ષથી નિવૃત્તિનું જીવન ગાળતા હતા.

મોટો દીકરો મયંક બાજુના શહેરમાં બૅંકમાં મેનેજર હતો. આશરે ૩૦ વર્ષની વયે છેલ્લે છેલ્લે મયંકને નોકરી મળી હતી. બે વર્ષ પછી તો મયંક પરણી ગયો હતો. મયંકને ત્યાં બે સંતાન પણ હતાં.

બે વરસ પહેલાં જ દાસજીનાં પત્ની અવસાન પામ્યા હતા અને દાસજી સાવ એકલા અટુલા પડી ગયા હતા. નાના એવા નગરના એક જાણીતા વિસ્તારમાં દાસજીનું ઘર આવ્યું એટલે ઑટો રિક્ષા ઊભી રહી. અને એ રિક્ષામાંથી ઊતરીને પોતાનાં ઘરના દરવાજા પાસે ગયા અને ડોરબેલ વગાડી.

કરશન બંને થેલા મૂકીને જતો રહ્યો. મયંકની પત્ની વનિતાએ બારણું ખોલ્યું અને દાસજી પોતાનાં મકાનમાં પ્રવેશ્યાં.

મયંકનો નાનો દીકરો કિશન દોડ્યો. 'દાદાજી આવ્યાં, દાદાજી આવ્યાં! દાદાજી અમારે માટે શું લાવ્યાં ?'

અને પરશોત્તમનો બધો જ થાક કિશનને જોઈને ઊતરી ગયો. જેવા કિશનને તેડવા જાય છે ત્યાં વનિતાનો અવાજ સંભળાયો.

'કિશન હોમવર્ક બાકી છે એ કોણ કરશે ? અને ડૉક્ટરે ના પાડી છે ને કે ચોકલેટ ખાવાથી દાંતમાં કીડા પડી જાય છે, કેટલી વાર કીધું કે તારે હોમવર્ક કર્યા સિવાય ક્યાંય નથી જવાનું તોય શરમ નથી તને!' અને કિશન થીજી જ ગયો અને સાથોસાથ દાદાજી પણ!!

ગામ આખું જેના વખાણ કરતાં નહોતું થાકતું એ દાસજી પોતાના ઘરમાં આ જ રીતે હડધૂત થતા હતા. મયંક તો આઠ વાગ્યે સવારે જતો રહે તે છેક સાંજના સાત વાગ્યે આવતો. આખો દિવસ દાસજી પોતાના રૂમમાં એકલા બેસી રહેતા.

***આ મારો ફાઈનલ નિર્ણય છે. કોઈ જ વાતચીત હું કરવા માગતો નથી. હવે હું મારા માટે જીવવા માગું છું. કોઈ મને તરછોડે એ પહેલાં જ હું એને સંપૂર્ણ તરછોડી દઉં છું. કારણકે જમાના પ્રમાણે સંતાનો બદલાઈ જાય તો મા-બાપ શા માટે નહિ ?***

સવારે આઠ વાગે એક કપ ચા મયંકની દીકરી વૈશાલી આપી જતી. બસ પછી તો બપોરના બાર વાગ્યે એક થાળી રૂમમાં આવી જતી. એ થાળીમાં જે હોય એ ખાઈ લેવાનું. જો કોઈ વસ્તુ માગે તો રસોડામાંથી વનિતાનો જવાબ સંભળાતો : 'હવે ઘરડે ઘડપણ સ્વાદના ચટકા ઓછા કરો. માંદા પડશો તો કોણ સેવાચાકરી કરશે ? આમ તો આખી જિંદગી માસ્તરની કાઢી પણ સમજ ના આવી તે ના જ આવી. જેમ ઉંમર વધતી જાય એમ ભોજન ઓછું ને ભજન વધારે કરવું જોઈએ. આખો દિવસ ઘેર જ ટોચાયા હોય. માણસ હોય તો બે ઘડી બહાર આંટો મારી આવે.'

અને દાદાજી બધું જ સાંભળીને બહાર નગરમાં ફરવા ચાલ્યા જાય. જેવા બહાર નીકળે કે લોકો એમને માન સન્માન આપે, કોઈ એમને ચા પીવા પણ લઈ જાય. એના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આદર આપે અને એ ઘરનો કંકાસ ભૂલી જતા. બગીચામાં જાય, નાના ભૂલકા હોય એને વાતો કહે, કવિતા ગવડાવે. તેઓ છોકરાઓને ગમવા લાગ્યા પણ પોતાના દીકરાના સંતાનને રમાડવાની ઇચ્છા મનમાં જ રહી જાય. ક્યારેક વનિતા બહાર ગઈ હોય ત્યારે પરશોત્તમદાસ વૈશાલી અને કિશનને પોતાની પાસે બેસાડીને વહાલથી વાતો કરી લે પણ જેવી ડોરબેલ વાગે કે વનિતાની આચારસંહિતા અને પરશોત્તમદાસની લાચારસંહિતા લાગી જાય.

એવું નહોતું કે એણે મયંકના કાને આ વાત નહોતી નાખી. જ્યારે મયંકને વનિતા વિશે કીધું ત્યારે મયંક એવું બોલેલો કે એણે એ વાત બીજી વાર કરી જ નહિ.

'તમારી મતિ ભ્રષ્ટ થઈ ગઈ છે બાપુજી! હવે તો નિવૃત્ત થયા છો એટલે તો વેદિયાપણું મૂકો! મારી વનિતા આવું વર્તન કરે જ નહિ, પણ તમારી માનસિક હાલત હવે બગડી ગઈ છે! એવું હોય તો આપણે દવાખાને જઈ આવીએ! તમને આટઆટલા તો સાચવીએ

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP

છીએ; અને જો વનિતા એવી હોયને તો તમને ક્યારનાય વૃદ્ધાશ્રમમાં ના મોકલ્યા હોય! આ તો હવે તમારે જતી જિંદગીએ અમને ભૂંડા લગાડવા છે ને તમે આટલા દુઃખી છો એ સમાજને બતાવવું છે એટલે આવાં નાટક કરો છો! તમને તમારા સગા દીકરાના ઘરમાં શાંતિ રહે એ જોઈ શકતા નથી ખરુંને.'

મયંકના આ શબ્દો એના કાળજામાં ધગધગતા ખીલાની જેમ ઝખમ આપી ગયાં હતાં. એ સમજતા હતાં કે મારા પેન્શનના વીસ હજાર આવે છે ને એટલે તમે મને ભેગો રાખ્યો છે નહીંતર તો ક્યારનોય બહાર તગેડી મૂક્યો હોત. પોતાના રૂમમાં ટીંગાડેલા પત્નીના ફોટા આગળ દાસજી આંસુ પાડી લેતાં. અને એમાંય પંદર દિવસ પહેલાં એણે વાત કરી કે જૂના મિત્રોને મળવા અમદાવાદ જવું છે કે તરત વનિતા વહુની આંખમાં ચમક આવી ગઈ હતી. બે થેલા એણે તરત જ તૈયાર કરી દીધા હતા. અને આજે આવ્યા ત્યારે વહુના મોઢા પર એક નફરતની લાગણી હતી.

સાંજે મયંક આવ્યો ત્યારે એ પોતાના ઓરડાની બારસાખે ઊભા હતા. મયંકે અછડતી નજર નાખી અને પોતાના રૂમમાં ચાલ્યો ગયો.

આ આખું મકાન એણે અને એની પત્નીએ જીવ દઈને બનાવ્યું હતું.

છેલ્લા કેટલાક સમયથી મયંક અને વનિતા શહેરમાં સેટલ થવાનો વિચાર કરતા હતા. દર મહિનાની પહેલી તારીખે સવારમાં આઠ વાગ્યે મયંક તેના રૂમ પર આવતો અને એને બાઈક પર બેસાડી બૅંકે લઈ જતો. પેન્શનના ૨૦૦૦૦ રૂપિયા એ લઈ લેતો. પછીના બે કે ત્રણ દિવસ ઘરમાં શાંતિ રહેતી. વળી પાછો વનિતાનો કકળાટ પહેલી તારીખ ન આવે ત્યાં સુધી શરૂ રહેતો.

દાસજીને મયંક સાથે વાત કરવી હતી. મયંક પોતાને પૂછ્યા વગર આ ઘર વેચવા તૈયાર થયો હતો. અત્યારે આ મોકાના મકાનના સારા પૈસા આવે એમ હતા અને એમાંથી એ શહેરમાં એક ફ્લેટ લેવાનો હતો એ બાબત એને વાત કરવી હતી. જમીને મયંક બહાર જતો રહ્યો અને વળી પાછા દાસજી રાહ જોતા રહી ગયાં.

છેવટે એણે એક ફૂલ સ્કેપ કાગળ કાઢ્યો અને એમાં એક પત્ર લખ્યો. બે વાર વાંચ્યો અને પોતાની પત્નીના ફોટા સામે જોઈ રહ્યા. અગિયારેક વાગ્યા હશે ને ડોરબેલનો અવાજ આવ્યો. પરશોત્તમદાસજી મક્કમ ડગલે ઊભા રહ્યા અને બોલ્યાં, 'મયંક અહીં આવ તો કામ છે તારું!'

મયંકે નજર પણ ના નાખી અને બોલ્યો, 'કામ હોય તો સવારે કહેજો. એક તો આખો દિવસ બૅંકમાં થાકી જતાં હોઈએ અને ઘેર આવીએ ત્યાં તમારી રામાયણ ઊભી જ હોય.'

પણ દાસજી મક્કમતાથી બોલ્યાં, 'સવારે મોડું થઈ જશે! ખૂબ મોડું એટલે જ કહું છું કે અત્યારે હું કામ પતાવી લઉં. કામ બીજું તો કશું નથી બસ આ પત્ર તને આપવાનો છે, એ વાંચી લજે. બાકી મારે તારો ટાઈમ જોતો પણ નથી મયંક! મારી પાસે તો હજુ પુષ્કળ ટાઈમ છે જ.' આટલું કહી દાસજીએ એક પત્ર આપ્યો.

આજે એની આંખો ધારદાર હતી. વનિતા પણ દૂર ઊભી રહીને આ બધું જોતી હતી.

આજે એને પણ સસરાજીનું વર્તન સમજમાં ના આવ્યું.

પરશોત્તમ પત્ર આપીને પોતાના રૂમમાં જતાં રહ્યાં અને સૂઈ ગયાં. હવે જાગવાનો વારો વનિતાનો અને મયંકનો હતો!

મયંકે પત્ર વાંચવો શરૂ કર્યો. બાજુમાં વનિતા બેઠી હતી.

પ્રિય મયંક અને મારા વહાલા
પૌત્રો વૈશાલી અને કિશન,

આપ સહુની કુશળતા ચાહું છું. આપની પાસે સમય નહોતો એટલે ના છૂટકે મારે આજ પત્ર લખવો પડે છે. આ મારો છેલ્લો પત્ર છે.

હું જ્યારથી સમજણો થયો છું ત્યારથી જિંદગીમાં તકલીફો સહન કરી છે. મારા પિતા ક સામાન્ય ખેત મજૂર હતા અને હું સહુથી મોટો હતો અને મારી પછી બીજા ત્રણ ભાઈ–બહેનો હતાં. એટલે મારું બાળપણ એકદમ સંઘર્ષમય હતું. હું નાનો હતો ત્યારથી દાડીએ જતો. આ નગરની કોઈ એવી સીમ નહિ હોય કે જ્યાં મેં મજૂરી કામ નહિ કર્યું હોય. સાંજે મજૂરીએથી આવતો ત્યારે મારા નાના ભાઈ બહેનો મારા પિતાજી કે માતાજીના ખોળામાં રમતાં હોય કે સૂતાં હોય. મને પણ ઈચ્છા થતી કે મને પણ કોઈ આવા લાડ લડાવે, પણ એ ઇચ્છા હું મનમાં દાબી દેતો. મારા ભાઈઓ અને બહેનો થોડાં મોટાં થયાં કે મારા પિતાજી અવસાન પામ્યા. અને માતા પણ બીમારજ રહેતી એટલે હવે ઘરની બધી જ જવાબદારી મારા માથે આવી ગઈ હતી. હું ઘરે બેસીને રાતે ભણતો અને દિવસે વાડીઓમાં મજૂરીએ જતો.

ભાઈઓ મોટા થતાં ગયાં અને ખર્ચા વધતાં ગયાં. બે બહેનોને પરણાવી. મરી પહેલાં નાના ભાઈઓને પરણાવ્યા. બધે મારી વાહવાહ થવા લાગી. ત્યારે શાળાંત પાસને નોકરી મળી જતી. મને પણ મળી ગઈ. ભાઈઓને પાંખ આવી એમ ઊડી ગયાં. મનમાં થતું હું કોના માટે જીવું છું? પણ પછી એમ થતું કે હવે મારા સંતાનો થશે પછી મને સુખ મળશે. તારી મમ્મી પણ હું નિશાળે જાઉં પછી ગામના કામ કરવા જતી. અમે પાઈ પાઈ બચાવતા. એ વખતે પગાર ટૂંકો. તારો જન્મ થયાં પછી હું આ નગરમાં વેપારી પેઢીના નામાં લખતો. એમાંથી જે રકમ આવે એ હું દર મહિને પોસ્ટમાં મૂકતો.

ક્યારેય સારું લૂગડું મેં નથી પહેર્યું. એક વખત તું આઠ વરસનો હતો અને જીદ કરી હતી કે મારે નવા બૂટ જોઈએ છીએ અને હું શહેરમાં ગયેલો. બૂટ તો મેં લઈ લીધેલા પણ ભાડાંના પૈસા નહોતા વધ્યા. હું વીસ કિલામીટર ચાલીને સવારે ઘરે પહોંચેલો પણ તને બૂટ અપાવેલા.

ધીમે ધીમે મેં ટ્યૂશન કર્યાં. રકમ બચાવતો એ પોસ્ટમાં મૂકતો ગયો. અત્યારે જે આ મકાન છે એ ત્યારે સાવ છેવાડાનું ગણાતું અને આ જગ્યા સાવ સસ્તામાં મળેલી. રાતે રાતે હું અને તારી મા આ મકાન ચણતાં! કડિયાના છોકરાને હું મફત ભણાવતો એટલે એ રાતે બાર વાગ્યા સુધી એમને એમ ચણવા આવતો. આમાં જે ઈંટ વપરાઈ છે ને તે એક એક ઈંટ મેં અને તારી માએ ઉપાડેલી ઈંટ છે. આ રીતે આખું મકાન તૈયાર થતાં સાત વરસ લાગેલાં.

પછી તો પગાર વધ્યો પણ મેં કરકસર ના છોડી. તું બી. કોમ. થયો. તને નોકરી મળી. તારા લગ્ન કર્યાં પછી મને થતું હતું કે હવે સુખના


Degitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

દિવસો આવ્યા છે, પણ કેવા દિવસો! તારાં સંતાનોને હું ના રમાડી શકું!

જે આખું ઘર મેં મારી મહેનતથી બનાવેલું છે એ ઘરમાં બીજે ફરવાનો પણ હક નહિ! તારી પત્નીનો તિરસ્કાર મારે સહન કરવાનો!

એ બધું તો ઠીક પણ હવે તારે આ મકાન વેચીને શહેરમાં ફ્લેટ લેવો છે. તેં આખા ગામમાં વાત કરી પણ મને તો પૂછ્યું જ નહિ?

હું અંદરથી હલી ગયો છું! હું હવે મારી રીતે જીવવા માગું છું. હું જે રકમ પોસ્ટમાં મૂકતો એ ડબલ થતી હતી એ રકમ પણ પોસ્ટમાં મૂકી દેતો હતો. આમને આમ આ રકમ હવે એવડી મોટી થઈ ગઈ છે કે દર મહિને ૨૦૦૦૦ હજાર જેટલી રકમ મને મળે છે.

આ વાત મેં તને કદી નથી કરી. મને એમ હતું કે ક્યારેક દીકરાને સરપ્રાઈઝ આપીશ. મારું પેન્શન તો જુદું આવે છે.

હું છેલ્લા પંદર દિવસ અમદાવાદમાં મારા એવા મિત્રોને મળ્યો છું કે જે મારી જેવી જ હાલાકી ભોગવે છે. અમુક તો ઘરડાં ઘરમાં છે. અત્યારે ઘરમાં અલ્શેસિયન કૂતરો પોસાય પણ ગરીબ ગાય જેવા મા-બાપ નથી પોસાતાં. અને આમાં વાંક મા-બાપનો જ છે. એ પોતાની જિંદગી પોતાના સંતાનો પાછળ ખર્ચે છે; બસ એ આશયથી કે બાકીની જિંદગી સંતાનો એની જિંદગી એમની પાછળ ગાળે, એમની વાતો સાંભળે.

બસ, અહીંજ મા-બાપ ભૂલ કરે છે. પછી સંતાનો એની દુનિયામાં એટલા મશગૂલ હોય છે કે એ બધું જ ભૂલી જાય છે અને અચાનક એટલા મોટા થઈ જાય છે કે મા-બાપને ભૂલી જાય છે.

એટલે મેં એક નિર્ણય લીધો છે. બે દિવસ પછી મારા આઠ મિત્રો અહીં રહેવા આવશે. આ ઘરમાં, કારણકે આ મારું ઘર છે. મારી માલિકીનું છે. અમે સાથે અહીં રહીશું. બે જણને રાંધતાં આવડે છે. એ જેવું બનાવે એવું ખાઈ લઈશું.મારી પેન્શનની રકમમાંથી અને બચતની રકમમાંથી સરસ રીતે ઘર ચાલશે.

તમારી પાસે બે દિવસનો સમય છે. તમારી વ્યવસ્થા તમે કરી લો. ભાડે રહેવું હોય તો ભાડે રહેજો, જે કરવું હોય એ પણ બે દિવસમાં તમારે જતું રહેવાનું છે મન ફાવે ત્યાં. આ મકાન પર મોટા અક્ષરે 'મયક' લખેલું છે એ કાલે જ દૂર થઈ જશે. અને ત્યાં 'ખિલખિલાટ' લખાઈ જશે.

અમારે હવે વૃદ્ધ થવું જ નથી. ફરીથી નાના બાળક જેવું થવું છે. મારા જે આઠ મિત્રો આવે છે એનામાં કોઈને કોઈ આવડત છે જ. એમાં એક તો ડૉક્ટર પણ છે. એ અમારી તબિયત પણ સાચવશે.

આ મારો ફાઈનલ નિર્ણય છે. કોઈ જ વાતચીત હું કરવા માગતો નથી. હવે હું મારા માટે જીવવા માગું છું.

કોઈ મને તરછોડે એ પહેલાં જ હું એને સંપૂર્ણ તરછોડી દઉં છું. કારણકે જમાના પ્રમાણે સંતાનો બદલાઈ જાય તો મા-બાપ શા માટે નહિ?

બસ એ જ પોતાની રીતે જીવવા માગતો–

**પરશોત્તમ કાનજી**

અને બે દિવસ પછી જ મયંક અને વનિતા પોતાના સંતાનો સાથે ચાલી નીકળ્યાં. નીકળતાં પહેલાં એ આશીર્વાદ લેવા ગયાં હતાં પણ દાદાજીએ કહ્યું કે લગ્ન થયા પછી સંતાનોને આશીર્વાદની કોઈ જ જરૂર રહેતી નથી.

એ પોતાના નિર્ણયમાં અફર રહ્યાં અને આજે એ 'ખિલખિલાટ' બંગલામાં નવ વ્યક્તિઓ જીવન જીવી રહી છે. આજુબાજુનાં ગામોમાં ખૂબ ચર્ચા થઈ પણ કોઈ આમાં પરશોત્તમ-દાસજીનો વાંક જોતું નથી. ✷ ✷ ✷

## વાચકોની વિચારગોષ્ઠી

### રિફાઈન્ડ ઓઈલ–ફિલ્ટર ઓઈલ

જ્યારે આપણે હૃદય વિશે વિચારીએ છીએ ત્યારે સૌ પ્રથમ ખાદ્યતેલ માટે વિચારવું ઘટે છે. ખાદ્યતેલ રસોઈની દરેક વાનગીમાં અનિવાર્ય છે અને આજે ઘણી બધી બ્રાન્ડના તેલોથી બજાર ભરેલી છે. યોગ્ય ખાદ્ય તેલ સ્ત્રી માટે કપરું થઈ ગયું છે, તો તેમાં કરવું શું?

તેલમાં બે વર્ગીકરણ કરવામાં આવે છે. રિફાઈન્ડ ઓઈલ અને ફિલ્ટર્ડ ઓઈલ. બેમાંથી ક્યું સારું? મને વારંવાર બધા પેશન્ટ તરફથી પૂછવામાં આવે છે કે બન્ને તેલમાંથી ક્યું તેલ સારું?

**ફિલ્ટર ઓઈલ કેવી રીતે બને છે?**

કાચી ઘાની તરીકે ઓળખાય છે. સામાન્ય રીતે તેને ઠંડા દબાવવામાં આવે છે. તેના પર મિકેનીકલ રીતે મશીન દ્વારા દબાવી દબાવીને તેનું તેલ કાઢવામાં આવે છે. ત્યારબાદ તેલમાંથી ઘન કણો અને અન્ય અશુદ્ધિઓ દૂર કરવામાં આવે છે. ગળણી વડે ગાળવામાં આવે છે. પરંતુ તે પ્રક્રિયામાં રસાયણનો ઉપયોગ કરવામાં આવતો નથી. તેનો કલર ઘેરો અને વાદળી હોય છે. તેની એક વિશિષ્ટ સુગંધ હોય છે.

**રિફાઈન્ડ તેલ (શુદ્ધ તેલ) કેવી રીતે બને છે?**

રિફાઈન્ડ ઓઈલ બનાવવા તેની ઘાનીને ગરમીથી અને રસાયણ દ્રવ્યોનો ઉપયોગ કરીને કાઢવામાં આવે છે. તેની પ્રાકૃતિક સુગંધ દૂર કરી, બ્લીચ કરીને શુદ્ધ કરે છે. અને તેને સુંદર દેખાવ આપે છે. બજારમાં રિફાઈન્ડ તેલ વધુ મળે છે.

**ક્યું તેલ સારું?**

એક સામાન્ય નિયમ છે કે 'પ્રક્રિયા ઓછી અને પોષણ વધુ' શુદ્ધ તેલને રસાયણ સાથે ગણવામાં આવે છે. ફિલ્ટર કરેલું તેલ વધુ સારું છે. તે નીચા તાપમાન વડે બનાવાય છે. તે તેલમાં મોટા ભાગના પોષક તત્ત્વો રહેલા છે. તેમાં રહેલું ફેટી એસીડ ઝેરી બનતું નથી.

- તેથી તમને સલાહ આપું છું કે તંદુરસ્ત રહેવા માટે ફિલ્ટર કરેલું તેલ નિયમિત વાપરવું જોઈએ.
- ભારતીય શૈલીની રસોઈ માટે ફિલ્ટર ઓઈલ જેમકે, રાઈસ બ્રાન્ડ,શીંગ તેલ અને રાઈનું તેલ વિગેરે વાપરવું હિતાવહ છે.
- ફિલ્ટર તેલમાં વધારે સુગંધ હોય છે.ખાદ્ય પદાર્થને તળવા માટે અનુચિત બનાવે છે.
- શું તમે તમારા વધુ સારા સ્વાસ્થ્ય માટે ફિલ્ટર કરેલાં તેલનો વપરાશ કરશો?

**–ધ્વનિ શાહ**
(ડાયટિશીયન)


Degitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

# તડકા – છાયા

- તું મિનિટનો કાંટો બનજે અને હું કલાકનો...
  સમય સારો આવશે ત્યારે બંને સાથે હશું.
- જ્યારે આપણે આપણા સંબંધો માટે સમય નથી કાઢી શકતા... ત્યારે સમય આપણા વચ્ચેથી સંબંધ કાઢી નાખે છે.
- નામ એવું હોવું જોઈએ વહાલા...કે દુશ્મન પણ કહે, 'હા એને કોણ ન ઓળખે !'
- એ જ મજબૂરી મારી રહી છે દોસ્ત !
  માથાડૂબ પાણીમાંથી તો નીકળી જાઉં છું,
  પણ પાંપણડૂબ પાણીમાં સાલું ડૂબી જવાય છે !
- આંખ સાથે આંખો મળી ને સ્નેહ સાથે લાગણી;
  આ ચોમાસે અમે કરી છે, અઢી અક્ષરની વાવણી !
- અતિશય ભીના ન થવું કે લોકો નીચોવી દે.
  અતિશય કોરા પણ ન થવું કે લોકો ગડી વાળીને મૂકી દે,
  થોડા આળાલીલા રહેવું કે લોકોને સમજ ન પડે કે આને તડકે રખાય કે છાંયે...
- પરપોટો કદી અસ્તિત્વ ઉપર
  દસ લીટીનો નિબંધ લખી જ ન શક્યો,
  છતાં તે તેની પારદર્શિતાના
  સો ટકા ગુણ મેળવીને પાસ થઈ ગયો !
- સૂરજને કહો કે તારું રાજ જોખમમાં છે,
  આજે મેં વાદળોને એક થતાં જોયાં છે !
- મીઠાં ફળો અને સારા માણસોની હાલત
  પૂછશો જ નહિ,
  હંમેશાં ચપ્પુની ધાર પર જ જિંદગી હોય છે.
- ઋતુની માફક બદલાતા માણસો એટલા મળ્યા...
  કે હવેથી હર એક ઋતુ માફક આવી ગઈ... !
- ચોપડીના દાખલા ખોટા પડે તો
  પહોંચી વળાય સાહેબ...
  લાગણીનું ગણિત ખોટું પડે ત્યારે
  જિંદગી ગોટાળે ચડે... !!
- ભાગીદારી કરો તો કોઈના દુ:ખદર્દમાં કરજો સાહેબ,
  કેમકે ખુશીઓના પ્રસંગના અહીં દાવેદાર ઘણા છે.
- કહી દેજે એ દવાને, તારું પણ નહીં ચાલે,
  શબ્દોના ઘા લાગ્યા છે ક્યારેય રૂઝ નહીં આવે !
- સભ્યતાને લીધે મૌન ન રાખ,
  જમાનો એને તારી નબળાઈ સમજશે... !
- ઊગતી હોય લાગણી તો આંખોમાં આંસુ લાવી દઉં,
  એક બે છાંટા નહીં, પૂરેપૂરું ચોમાસું લાવી દઉં.
- પર્વતો એ કંઈ નથી બસ,
  પથ્થરોની એકતા છે !
- મદદનું એક વખત પાટિયું લગાવ્યું'તું,
  શિખામણોનું લગાતાર દાન આવ્યું !
- જરૂરત જેમ પડતી જાય, સહુ બદલાય છે પોતે,
  સવારે હોય એવો માનવી ક્યાં હોય છે રાતે ?
- બસ હવે તો મન મૂકીને વરસી લે એય આકાશ,
  આમ ભારે હૈયે ફરવું એ માણસને શોભે, તને નહીં !
- આપણું એન્જોય એવું હોવું જોઈએ કે,
  એન્જોય આપણે કરીએ,
  ને જોનારને એન્જોગ્રાફી કરાવવી પડે.
- અસ્તિત્વ પર ઘણાં 'ઉઝરડા' થાય છે,
  ત્યારે જ માણસ સમજદાર થાય છે...
- નિમિત્ત નાનું ને નુકસાન મોટું
  એનું નામ 'ક્રોધ' !
- બારણું વાસતાં ભેજ નડે તો, ચોમાસાને દોષ ન દેતા,
  કદાચ, થોડી ઘણી યાદો હજી ઉંબરે બેઠી હશે !
- તૂટી ગયું મેઘધનુષ મારા હૃદયનું,
  અતિશય પ્રત્યંચા ખેંચાઈ ગઈ લાગણીમાં...
- યાદોના પાનાથી ભરેલી છે જિંદગી,
  સુખ અને દુ:ખના પ્રસંગોથી ભરેલી છે જિંદગી,
- એકલા બેસીને વિચારી તો જુઓ,
  મિત્રો વગર કેટલી અધૂરી છે જિંદગી...
- આંખોમાં રહેલી લાગણીની ભીનાશને વાંચી શકે તેને ભણેલા ન કહેવાય... એને પોતાના કહેવાય.

✶ ✶ ✶


Degitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

## શ્રી વઢવાણ મિત્રમંડળ મુંબઈ દ્વારા

# શ્રી સી. યુ. શાહને જન્મશતાબ્દી વર્ષે 'શ્રેષ્ઠ માનવ' એવૉર્ડ



**શ્રી સી. યુ. શાહનો 'શ્રેષ્ઠ માનવ' એવૉર્ડ
મીનલબેનને અર્પણ કરતા શ્રી મધુભાઈ શાહ**




સમાજના શ્રેય અને પ્રેય માટે જીવનભર સંપત્તિનો અજસ પ્રવાહ વહાવનારા દાનવીર શ્રી સી. યુ. શાહનું આ જન્મશતાબ્દી વર્ષ છે.

ઝાલાવાડની ધરતીને આરોગ્ય તથા શિક્ષણની સંપદા આપનાર શ્રી સી. યુ. શાહની સ્મૃતિને સદાય જાળવી રાખવા તેમની સુપુત્રી મીનળબેને જન્મશતાબ્દી વર્ષે વઢવાણ મિત્રમંડળને મેડિકલ તથા શૈક્ષણિક સહાય યોજના અન્વયે ત્રણ કરોડ રૂપિયાનું અનુદાન આપ્યું,

વઢવાણ મિત્રમંડળના પ્રમુખ શ્રી જવાહરભાઈ મણિયાર તથા માર્ગદર્શક શ્રી મધુભાઈ ન્યાલચંદ શાહ વઢવાણના સમસ્ત પ્રજાજનોની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. વઢવાણનો કોઈ પરિવાર, કોઈ બેન, દીકરી દુઃખી ન રહેવી જોઈએ એવી ઊજળી ભાવના અને ઉદારદિલ ઉદ્યોગપતિઓના સાથ સહકારથી તેમણે અનેક યોજનાઓ બનાવી જેને મીનળબેને સહર્ષ સ્વીકારી.

વઢવાણ મિત્રમંડળે જન્મશતાબ્દી વર્ષે શ્રી સી. યુ. શાહને 'શ્રેષ્ઠ માનવ'નો એવૉર્ડ આપી ઋણસ્વીકારનું સ્તુત્ય કાર્ય કર્યું.

તા. ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૮ના દિને ભાઈદાસ સભાગૃહમાં યોજવામાં આવેલા આ સમારોહમાં અતિથિવિશેષ પદે રાજ સોભાગ સત્સંગ મંડળના પૂ. ભાઈશ્રી નલિનભાઈ કોઠારી બિરાજ્યા હતા. પિતાનાં સત્કાર્યોની સરવાણીને જીવંત રાખનારા મીનળબેન તથા રોહિતભાઈની પણ આ પ્રસંગે વિશેષ ઉપસ્થિતિ હતી.

આદરણીય નલિનભાઈ કોઠારી, મધુભાઈ, જવાહરભાઈ, ડૉ. રાજેશભાઈ મણિયાર, પરાગભાઈ, અક્ષયભાઈ, મીનળબેન તથા રોહિતભાઈએ દીપ પ્રાગટ્ય કર્યું. જવાહરભાઈએ મિત્રમંડળની યોજનાઓને વિસ્તૃતપણે રજૂ કરી. પૂ. ભાઈશ્રી નલિનભાઈ કોઠારીએ સંકલ્પ થકી સિદ્ધિનું મનનીય પ્રવચન આપી મંડળને આશીર્વાદ પાઠવ્યા.મીનળબેને પિતાના સંભારણા વાગોળ્યા હતા ને તેમને મળેલા આ સન્માનની પ્રસન્નતા પ્રગટ કરી હતી. જે રીતે સમાજના મંગલ માટે પિતાએ દાનની સરવાણી વહાવી છે તે જ પંથે ચાલી પિતાના નામને રોશન કરવાની પ્રતિબદ્ધતા  દર્શાવી હતી.મીનળબેને પિતા પર લખેલી કવિતાનું પઠન કર્યું હતું. મધુભાઈએ સી. યુ. શાહને આપેલા આ શ્રેષ્ઠ માનવના એવૉર્ડનો શ્રીમતી મીનળબેન તથા રોહિતભાઈએ સ્વીકાર કર્યો હતો. મેડિકલ અને શૈક્ષણિક યોજનામાં સહભાગી થયેલા દાતાઓનું મીનળબેન તથા રોહિતભાઈના હસ્તે સન્માન કરવામાં આવ્યું. મુરબ્બી શ્રી અનોપચંદભાઈએ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

✷ ✷ ✷

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP

# ક્યારેક તમારી હાજરી પણ કોઈના માટે હૂંફ બની શકે છે

***તેણે પોતાના પર્સમાંથી નાનકડો ચેન કાઢ્યો, જે મારી માતાએ તેને ત્યારે આપ્યો હતો, જ્યારે તે નાનકડી હતી. તેણે મારા હાથમાં ચેન આપીને તેના પુત્રને પહેરાવવા કહ્યું. પહેલી વખત તેણે આ સંબંધને નામ આપ્યું હતું. તેને એ દિવસ સ્પષ્ટ યાદ હતો કે કેવી રીતે તેણે પોતાના પિતાના મૃત્યુના બે દિવસ પહેલાં અમને બંનેને દરિયાકાંઠે ચાલતા જોયા હતા. અમુક યાદગીરીઓ સ્પષ્ટ છાપ મૂકી જતી હોય છે.***



આશરે ૨૫ વર્ષ પહેલાંની વાત છે. અમે થોડા મિત્રો પોતાના પરિવારજનો સાથે અલીબાગના બીચ રિસોર્ટ પર ગયા હતા, જે એ સમયે મુંબઈવાસીઓનું પ્રિય સ્થળ હતું. રાત્રે મોડે સુધી પાર્ટી ચાલ્યા પછી બધા સવારે ૩-૩૦ વાગ્યે સૂવા માટે જતા રહ્યા. હું અને કૃષ્ણન બીચ પર દરિયાના કાંઠે કાંઠે ટહેલતા હતા અને અમારા વ્યવસાયને લગતી વાતો કરતા હતા. અમને ખ્યાલ નહોતો કે કૃષ્ણનની છ વર્ષની દીકરી તેના રૂમમાંથી અમને જોતી હતી. તેણે પોતાની માતાને પૂછ્યું કે આ બંને સવારે ચાર વાગે એવી શું વાત કરતા હશે? જ્યારે બંને એક જ ઑફિસમાં કામ કરે છે અને આખો દિવસ એક સાથે વીતાવે છે. તેની માતાએ કહ્યું, 'જ્યારે પુરુષોની ઉંમર વધે છે, ત્યારે તેમનો વ્યવહાર કોઈ યુગલ જેવો થઈ જાય છે અને તેઓ સ્ત્રીઓ કરતાં વધારે વાતોડિયા થઈ જાય છે!' આની પાછળની મજાક સમજ્યા વિના છોકરીએ માથું ધુણાવ્યું અને ઊંઘવા જતી રહી. એ સમયે તેને ખ્યાલ નહોતો કે પછીના અઠવાડિયે તેના જીવનમાં અનેક ઘટનાઓ બનવાની છે.

બે દિવસ પછી કૃષ્ણનને હૃદયરોગનો ગંભીર હુમલો આવ્યો અને તેનું મૃત્યુ થયું. પતિના અવસાન પછી તેની પત્નીએ મુંબઈમાં રહીને જ પોતાની એકમાત્ર પુત્રી પર ધ્યાન કેન્દ્રિત કરવાનું નક્કી કર્યું. મેં તેને સારી સ્કૂલમાં પ્રવેશ અપાવવામાં મદદ કરી, જ્યારે મારાં માતા-પિતા તેની માતાની ઑફિસેથી પરત આવતા સુધી તેનો ખ્યાલ રાખતાં. ત્યાર પછી મેં બીજી જે મદદ કરી તે હતી કૉલેજના પહેલા દિવસે તેની સાથે જવાની. ત્યાં પ્રવેશને લગતી તમામ ઔપચારિકતા તેની માતા સાથે તેણે પૂરી કરી લીધી હતી. હું માત્ર ત્યાં હાજર રહ્યો. ત્યાર પછી તેમની ઉંમર વધવાની સાથે વ્યસ્તતાઓ વધવા માંડી. અમારા ઘરે તેમનો આવરોજાવરો માત્ર તહેવારો અને પ્રસંગો પૂરતો રહી ગયો. જ્યારે તે છોકરી એમબીએ કરવા લંડન ગઈ, ત્યારે ફરીથી હું તેની સાથે રહ્યો. તેની સાથે ત્યાં તેના માટે વ્યવસ્થા કરવા માટે ગયો, કારણ કે એ જ સમયે મારે પણ ઑફિસના કામથી ત્યાં જવાનું હતું.

એમબીએનો અભ્યાસ કરીને તે આવી ત્યારે કિશોરીમાંથી યુવતી બની ગઈ હતી અને ખાડી દેશમાં કોઈ જર્મન કંપનીમાં જોડાઈ ગઈ. તે અવારનવાર પોતાની માતાને ત્યાં બોલાવી લેતી અને ક્યારેય કોઈની પાસે મદદ માટે હાથ નહોતી ફેલાવતી. તે પગભર બની ચૂકી હતી. તેનું જીવન ઝડપથી આગળ વધવા માંડ્યું. તેની માતાએ છાપામાંથી આવતી જાહેરાતોની મદદથી તેના માટે જર્મનીમાં રહેતો જ્ઞાતિનો જ એક યુવાન ખોળી કાઢ્યો અને તેમનાં લગ્ન કરાવી દીધાં.હું ત્યારે પણ હાજર હતો.

ત્રણ વર્ષ પછી એ યુગલ પોતાના બાળક સાથે અમેરિકા ચાલ્યું ગયું. તાજેતરમાં તેઓ મુંબઈ આવ્યાં હતાં એરપોર્ટથી સીધાં અમને મળવા આવ્યાં. સ્વાભાવિક રીતે અમને આવી કોઈ અપેક્ષા નહોતી. પોતાના ત્રણ વર્ષના પુત્ર સાથે મારો પરિચય કરાવતા કહ્યું કે, 'આ તારા દાદાજી છે.' પછી તેણે પોતાના પર્સમાંથી નાનકડો ચેન કાઢ્યો, જે મારી માતાએ તેને ત્યારે આપ્યો હતો, જ્યારે તે નાનકડી હતી. તેણે મારા હાથમાં ચેન આપીને તેના પુત્રને પહેરાવવા કહ્યું. પહેલી વખત તેણે આ સંબંધને નામ આપ્યું હતું. તેને એ દિવસ સ્પષ્ટ યાદ હતો કે કેવી રીતે તેણે પોતાના પિતાના મૃત્યુના બે દિવસ પહેલાં અમને બંનેને દરિયાકાંઠે ચાલતા જોયા હતા. અમુક યાદગીરીઓ સ્પષ્ટ છાપ મૂકી જતી હોય છે.

તેણે કહ્યું, 'જ્યારે એક બાળક જીવનમાં કંઈક અમૂલ્ય વસ્તુ ગુમાવી બેસે છે (તેના કિસ્સામાં તેના પિતા) તો તેને પિતાની જરૂર હોય છે અને શાળા, કૉલેજ, નોકરી અને લગ્નના પહેલા દિવસે – આ ચારેય સમયે તમે મારી સાથે હાજર હતા. એટલા માટે હું તમને મારા પિતાના સ્થાને જોઉં છું.' મારી પાસે કહેવા માટે કોઈ શબ્દો નહોતા, માત્ર ભીની આંખો સિવાય.

**☐ એન. રઘુરામન**

## સેવાવૃત્તિથી સંતત્વ આવે

સંતના સમગ્ર વ્યક્તિત્વમાં સેવાભાવ હોય છે પરંતુ જેની અંદર સેવા ઊતરી આવે, તે આપોઆપ સંત બની જશે. આના માટે ન તો તમારે કોઈ અલગ પ્રકારનાં વસ્ત્રો પહેરવાની જરૂર છે ન તો કોઈ આશ્રમે જવાની જરૂર છે કે પછી શાસ્ત્રોનું અધ્યયન કરીને તેના શબ્દોને લોકોની વચ્ચે ઉછાળવાના છે. સેવાનો અર્થ થાય છે, બીજાની જરૂરિયાતોને સમજીને તેને પૂરી કરવી. એટલા સરળ અને સુવિધાજનક બની જાઓ કે કોઈ પણ વ્યક્તિ તમારી સાથે સમય વિતાવવા માટે નિશ્ચિંત બની જાય. મન, વચન અને કર્મથી વિશ્વાસપાત્ર બની જાઓ. ક્યા ક્ષેત્રમાં સેવા કરવી, તેની પણ ચિંતા છોડી દો. માત્ર પ્રેમપૂર્ણ બની જાઓ. તેમાં પણ મુશ્કેલી આવે, તો કરુણામય બનીને વિચારો કે જીવનમાં સજીવ કે નિર્જીવ, જે કંઈ પણ વસ્તુ આવે, તેના પ્રત્યે સેવાભાવ રાખીશું, તેની મદદ કરીશું. એક સૌથી મોટી સેવા જેમાં પૈસાની જરૂર નથી કે નથી શક્તિની જરૂર પડતી, તે એ કે તમે ખુદ પણ ખુશ રહો અને તમારા સંપર્કમાં આવનારી દરેક વ્યક્તિને પણ ખુશ કરો. ખુશ રહેવું એ એક અભ્યાસ હશે, પણ બીજાને ખુશ રાખવા સેવા બની જશે.


Degitalised By ITDESK SOLUTIONS LLP

# જૈન શાસનના અડગ પ્રહરી, નારણપુરા સંઘના સર્વેસર્વા શ્રી જયંતીભાઈ સંઘવીનો દેહવિલય

ધર્મને કાજે, પરમાર્થને કાજે, કરુણાને કાજે જીવનભર અથાક, અવિશ્રાંત પરિશ્રમ કરનારા શ્રાવકરત્ન શ્રી જયંતીભાઈ ચંદુલાલ સંઘવીએ ૧ ફેબ્રુઆરી ૨૦૧૮ના દિને અંતિમ પ્રયાણ કર્યું.



ધર્મ પ્રત્યેની અપાર શ્રદ્ધા અને સાધુ સંતો પ્રત્યેનો અહોભાવ ધરાવતા જયંતીભાઈએ ૧૯૬૫માં અન્ય અગ્રણીઓ સાથે મળીને નારણપુરા સંઘની સ્થાપના કરી.૫૩ વર્ષથી તેના સર્વેસર્વા બની અનેક ઉજ્જવળ ચાતુર્માસની સમાજને ભેટ ધરી, નારણપુરા સંઘને અમદાવાદના શ્રેષ્ઠ સંઘનું ગૌરવ અપાવ્યું. કરુણા તેમના જીવનમાં વણાયેલી હતી. સાધર્મિક બંધુઓ તથા સંત સતીજીઓની વૈયાવચ્ચમાં તેઓ ખડેપગે રહ્યા.

**'ટિફીન યોજના'** એ જૈન સમાજને જયંતીભાઈ તરફથી મળેલી ભેટ છે. પોતાની બીમાર ભાભીની માંદગીમાં જે તકલીફ અનુભવી તે અન્યને ન પડે તે માટે આ યોજના તેમણે અમલમાં મૂકી. છેલ્લાં ૨૫ વર્ષથી રોજના ૧૫૦ ટિફિન સિવિલ હોસ્પિટલ તથા વાડીલાલ હોસ્પિટલમાં મોકલવામાં આવે છે.

૨૦૦૧માં અમદાવાદમાં ધરતીકંપ આવ્યો અને પીડિતોની દશા જોઈ તેમનું હૃદય દ્રવી ઊઠ્યું. પહેલી મિટિંગ નારણપુરા ઉપાશ્રયમાં યોજાઈ હતી. મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટના બીજ અહીં જ રોપાયાં. દુષ્કાળમાં કેટલ કેમ્પ કર્યા. રમખાણોમાં લોકોને સહાય કરી સાધર્મિકોના બેલી બની રહ્યા. અંતરમનની ઋજુતાનું આથી વધુ ક્યું પ્રમાણ હોય ?

સરસ્વતી તો જીભે રહેતી. મુંબઈમાં જેમ રમણીકભાઈ કોઠારી હોય, સુરેન્દ્રનગરમાં શાંતિલાલ ચત્રભુજ હોય તેમ અમદાવાદમાં જૈન સમાજના કોઈ પણ પ્રસંગે તેમની ઉપસ્થિતિ અનિવાર્ય લેખાતી. તેમની ટહેલ પડે ને આયોજકોની ઝોળી છલકાઈ જાય. ૧૦૦થી પણ વધુ દીક્ષા પ્રસંગોનું તેમણે અદ્ભુત સંચાલન કર્યું છે.

ધર્મ પ્રત્યેની ઊંડી આસ્થા ધરાવતા જયંતીભાઈની વાણી એટલી જેટલી નિર્મળ તેટલું જ તેમનું વર્તન પણ. ૫૦ વર્ષથી ચોવિહાર, સવારે મૌન સામાયિક અને સંતોના દર્શન પછી જ મૌન છૂટે. પર્યુષણના આરંભે જ અઠ્ઠાઈની આરાધના કરે જેથી આખું ચાતુર્માસ સંઘની સેવા થઈ શકે. વરસાદના દિવસોમાં જો સાધુ સંતોને ગોચરી ન મળે તો પોતે પણ ઉપવાસ કરે...

આવી વ્યક્તિની વિદાય જગતના સત્ તત્ત્વને ઝાંખું પાડી દે છે. સાધુ સંતોના અમ્મા પિયા, સાચા શ્રાવક, અપાર કરુણા વરસાવનારા સહૃદયી જયંતીભાઈને સજળ નયને આદરાંજલિ. જૈન સમાજ સદાય તેમનો ઋણી રહેશે.

**☐ સંધ્યા શાહ**

## પુણ્ય કરીને ભૂલી જાઓ

પુણ્યને પણ પાપની જેમ છુપાવીને રાખવું જોઈએ. આપણે જ્યારે કોઈ ખોટું કામ કરી બેસીએ તો તેને છુપાવવાના પ્રયત્નો કરતા રહીએ છીએ અને સારાં કામનો જોરશોરથી પ્રચાર કરીએ છીએ. જ્યારે ધર્મને એટલે કે સત્કાર્યને છુપાવતા હોય અને અધર્મ એટલે કે દુષ્કૃત્યો જાહેર કરવા જોઈએ. ક્યારેક પુણ્ય એટલે જાહેર કરવાં પડે છે કે પાપનો નાશ થાય. તુલસીદાસજી લખે છે કે – 'અબ ધૌં કહા કરિહિ કરતારા, અતિ સભીત સબ કરહિં બિચારા. બિન પૂવે મગુ દેહિં દિખાઈ, જેહિ બિલોક સોઈ જાઈ સુખાઈ.' રાક્ષસરૂપી દુર્ગુણો ભયભીત થઈને વિચારવા માંડ્યા કે હવે ખબર નહીં કે વિધાતા શું કરશે ? તેઓ વગર કહ્યે જ અંગદ માટે રસ્તો કરી આપવા માંડ્યા.' આપણે જ્યારે સદ્માર્ગ પર ચાલીએ છીએ, તો આપણા જ દુર્ગુણો આપણને નડતરરૂપ બનતા હોય છે. અહીં દુર્ગુણો અંગદની મદદ કરતાં હતાં. કારણ કે રામદૂત હોવાનું પુણ્ય અંગદની સાથે હતું. એટલા માટે આપણાં પુણ્યો ત્યારે અવશ્ય જાહેર કરો, જ્યારે પાપનો નાશ કરવો હોય. નહીંતર સત્કાર્યોને વધારે પ્રમાણમાં જાહેર કરવાથી પણ અહંકાર આવી જતો હોય છે.

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP

# જૈન આચાર મીમાંસા



❑ ચંદ્રહાસ ત્રિવેદી

# તાણમાંથી મુક્તિ

ભલે અધ્યાત્મ તરફ કોઈનું વલણ ન હોય તોપણ શારીરિક અને માનસિક તાણમાંથી મુક્ત થવા માટેના ઉપાય તરીકે તો કાયોત્સર્ગનું મહત્ત્વ સ્વીકારવું જ રહ્યું. આજે તો એ વાત સર્વમાન્ય છે કે આપણા મોટા ભાગના રોગોનું ઉગમસ્થાન માનસિક તાણ છે. શરીરની તાણ – થાક મટાડવો સહેલો છે. ફક્ત બાહ્ય કારણોને લીધે શરીરમાં જે રોગોએ દેખા દીધી હોય છે તેમને મટાડવા પણ હજુ સહેલા છે, પણ માનસિક તાણમાંથી ઉદ્‌ભવેલા રોગો અનેક ઉપાયો કે ઈલાજો કરવા છતાંય મટતા નથી. માનસિક તાણમાંથી પેદા થતા રોગોનો પરિવાર આપણને કલ્પના પણ ન આવે એટલો મોટો છે. હૃદયરોગ, બ્લડપ્રેશર, પેપ્ટિક અલ્સર, નર્વસ બ્રેક ડાઉન, મંદ પાચનશક્તિ, અનિદ્રા આ બધાય રોગો આપણા આજના તાણગ્રસ્ત જીવનની દેન છે.

શહેરીકરણ અને બદલાયેલી આપણી જીવનવ્યવસ્થાને લીધે આપણે હવે સતત ટેન્શનમાં જીવીએ છીએ. હંમેશાં આપણને ઉતાવળ અને અધીરાઈ હોય છે. ઘરમાં ઑફિસમાં, શાળામાં, નોકરીમાં, ધંધામાં બધે જ એવું વાતાવરણ હોય છે કે આપણે સતત ટેન્શન હેઠળ જ જીવવું પડે છે. આ ટેન્શન એટલું તો સહજ થઈ ગયું છે કે આપણને ખબર પણ પડતી નથી કે આપણે ઊઠ્યા ત્યારથી સૂઈએ ત્યાં સુધી સતત એક પ્રકારના ટેન્શનમાં જ રહીએ છીએ અને પરિણામે આપણે અનેક રોગોના ભોગ બનીએ છીએ. આ રોગોમાંથી શાંતિ મેળવવા આપણે જાતજાતની દર્દશામક દવાઓ લેવી પડે છે. અને ઘણા તો એક પ્રકારના નશાનું પણ સેવન કરતા થઈ જાય છે.

ટેન્શનને ઉત્પન્ન થવા માટેનાં કારણો આપણી અંદર પણ હોય છે અને બહાર પણ હોય છે. ટેન્શનનો પ્રતિકાર કરનાર એક સ્વતંત્ર વ્યવસ્થાતંત્ર આપણા શરીરમાં હંમેશાં કાર્યરત હોય છે, પણ લાંબે ગાળે તેની પ્રતિકારક શક્તિ ક્ષીણ થતી જાય છે અને તંત્ર ખોટકાવા માંડે છે. પછી તનાવ આપણા શરીરમાં ઘર ઘાલી જાય છે અને અનેક રૂપે તે તેનો પરચો દેખાડે છે.

હર્ષ-શોક, આનંદ-નિરાશા, ભય-સાહસ, ઈર્ષા, પ્રતિસ્પર્ધા, ઘૃણા, લાલસા, વાસના આ બધા આપણા મૌલિક આવેગો છે અને તે કોઈ નિમિત્ત મળતાં ઉદયમાં આવે છે કે કદિક વિના નિમિત્તે પણ આપોઆપ ઉદયમાં આવે છે. આ આવેગો સક્રિય થતાં હાયપોથેલ્મસ પ્રભાવિત થાય છે. તેનાથી પિચ્યુટરી ગ્લેન્ડ, એડ્રિનલ ગ્લેન્ડ ઇત્યાદિ ગ્રંથિઓ તેમ જ સ્વાયત્ત નાડી સંસ્થાન પરિસ્થિતિને સંભાળી લેવા કાર્યરત થઈ જાય છે. આમ આપણને ખબર પણ ન પડે

***આપણે જો સમતા સાધવી હોય તો કે સ્વસ્થતા પ્રાપ્ત કરવી હોય કે પછી સંસાર ટૂંકાવવો હોય તો આપણે જીવન અને સંસારને પ્રવર્તમાન કરતો પ્રવાહ જ્યાંથી આવે છે તે ઉગમસ્થાન સુધી પહોંચવું પડશે. અને એ માટે કાયોત્સર્ગ જેવું કોઈ ઉપકારક કે અનુકૂળ નથી. એક વખત આપણે એ પ્રકંપનોના ઉગમસ્થાને જોઈ લઈએ, ત્યાં પહોંચી શકીએ તો પછી આપણે એ પ્રકંપનોને અલ્પ કરી શકીએ, તેની માત્રામાં સુધારાવધારા કરી શકીએ, તેની લંબાઈ – વેવલેન્થ ઘટાડી શકીએ કે વધારી શકીએ જેથી તેની અસરોની તીવ્રતામાં ઘટાડો કે વધારો કરી શકીએ.***

તેમ એ રીતે શરીરમાં હલચલ મચી જાય છે પરિણામે શ્વાસ અનિયમિત થઈ જાય છે, ઘણી વાર હાંફ ચડે છે, લોહીના દબાણમાં ફેરફારો થાય છે, બ્લડ પ્રેશરમાં વધઘટ થવા લાગે છે. આ ફેરફારોની અસર સમગ્ર પાચનતંત્ર ઉપર પડે છે. યકૃત અને પેન્ક્રિયાસના કાર્યમાં વિક્ષેપ પડે છે. હૃદયના ધબકારા વધી જાય છે.

પ્રાસંગિક રીતે ઉત્પન્ન થતી તાણને જીરવવા માટે આપણું શરીર સક્ષમ છે, પણ સતત રહેતી તાણને લીધે સહજ રીતે સ્વયંસંચાલિત થતું આપણું આંતરિક તંત્ર ખોટકાવા લાગે છે અને તેની કાર્યક્ષમતા ઘટી જાય છે. પરિણામે કેટલાક રોગોનાં ચિહ્નો દેખાવા લાગે છે. અને જો તેનાથી પણ આપણે ચેતી ન જઈએ તો પછી રોગો ઘર ઘાલી જાય છે અને પછી તેમને નાથવા મુશ્કેલ થઈ પડે છે. પાછળથી આ રોગો ઘાતક સ્વરૂપ ધારણ કરે છે. આવા રોગોને લીધે આપણી કાર્યક્ષમતા ઘટી જાય છે. થોડી થોડી વારે થાક લાગે છે અને આળસ તેમ જ અકર્મણ્યતા વધતાં જાય છે. સ્વસ્થ રીતે વિચાર કરવાની આપણી શક્તિ ઘટતી જાય છે અને આપણો સ્વભાવ પણ ચીડિયો થઈ જાય છે. ઉત્સાહનો ભંગ થાય છે અને નિરાશા વધતી જાય છે અને તેનાં નિવારણ માટે આપણે કેફી દવાઓ લેતા થઈ જઈએ છીએ. જે તાત્કાલિક રાહત આપીને રોગને વકરાવતી જ હોય છે. આમ એક વિષચક્ર ઊભું થાય છે અને આપણે તેમાં ફસાતા જઈએ છીએ.

આ વિષચક્રને તોડવાનો સરળ અને બિલકુલ નિર્દોષ તેમજ કુદરતી ઇલાજ છે કાયોત્સર્ગ–કાઉસ્સગ્ગ. કાયોત્સર્ગ દમિયાન આપણે શરીરનું સંપૂર્ણ શિથિલીકરણ કરીએ છીએ તેથી સ્નાયુઓ, માંસપેશીઓ ઇત્યાદિ શિથિલ થતાં જાય છે. સંપૂર્ણ કાયોત્સર્ગ સધાય તો શરીરના અવયવો કે સ્નાયુઓ તો શું પણ શરીરની એકેક કોશિકા શિથિલ – રિલેક્સ થઈ ગઈ હોય છે. પરિણામે શરીરનું સમગ્ર વ્યવસ્થાતંત્ર શાંત થઈ જાય છે. શરીર શિથિલ, મન શાંત, આવેગો અને ઉછાળાઓનું શમન એટલે કાયોત્સર્ગની શારીરિક કે ભૌતિક ભૂમિકા સધાઈ. આ સધાતાં જ તન અને મન બંને તનાવથી મુક્ત થઈ જાય

www.zalawadi.com

છે. પરિણામે સ્વસ્થતાનું ચક્ર ગતિમાન થાય છે. આપણા વ્યવસાયશીલ અને તાણોથી ભરપૂર જીવનમાં જો આપણે દિવસમાં ત્રણથી ચાર વખત ફક્ત પંદર-વીસ મિનિટ જ કાયોત્સર્ગ કરવાની ટેવ પાડીએ તો આપણે અનેક રોગોને દૂર રાખીશું એટલું જ નહીં પણ સ્વસ્થ રહીને વધારે કાર્યક્ષમ રહી શકીશું.

કાયોત્સર્ગ દરમિયાન આપણા શરીરનું સંચાલન કરનાર ઊર્જા પ્રવાહ મંદ પડે છે તેથી તેની ઇલેક્ટ્રો-મેગ્નેટિક શક્તિ ઘટે છે. પરિણામે બધી માંસપેશીઓ શિથિલ થઈ જાય છે. આપણા જીવનની ત્રણ સ્થિતિઓ સામાન્ય છે – ઊંઘ, આરામ અને ક્રિયાત્મકતા. પણ જે અસામાન્ય સ્થિતિ છે તે તનાવની છે જેના આપણે દિવસમાં સતત ભોગ બનતા રહીએ છીએ જેથી ઊર્જા પ્રવાહ તીવ્ર બને છે. પરિણામે ઇલેક્ટ્રો-મેગ્નેટિક શક્તિ વધારે સક્રિય બને છે અને બધા સ્નાયુઓમાં તાણ પેદા થાય છે. આમ તનાવ-ગ્રસિત માણસનાં જડબાં દબાયેલા રહે છે. દાંત પીસાતા રહે છે. ભ્રમરો ચડેલી હોય છે અને તેના ચહેરાના સ્નાયુઓ તંગ થઈ ગયા હોય છે. આ બધાની અસર પાચનતંત્ર, ગ્રંથિતંત્ર, નાડી સંસ્થાન બધા ઉપર પડે છે. આમ સમગ્ર વ્યવસ્થાતંત્રને પોતાની ક્ષમતાથી કંઈ ઘણું કામ કરવું પડે છે અને તેમના ઉપર ઘણો બોજો પડે છે. તનાવ દરમિયાન ઊર્જા શક્તિનો વપરાશ સતત વધતો રહે છે. તેથી શરીરમાં કોશિકાઓના નવસર્જનની જે પ્રક્રિયા સતત ચાલતી હોય છે તે મંદ પડે છે. આમ થતાં વૃદ્ધાવસ્થા પણ જલદીથી આવતી જાય છે. આપણા શરીરમાં કેટલીક સ્નાયવિક કોશિકાઓ તો એવી હોય છે કે જે કાયમની હોય છે અને તેને બદલી શકાતી નથી. તનાવથી આવી કોશિકાઓ સતત ઘટતી જાય છે પરિણામે માણસની યાદશક્તિ ઘટતી જાય છે અને એવાં ઘણાંબધાં ચિહ્નો શરીરમાં વરતાય છે.

કાયોત્સર્ગ કરીને જો સંકલ્પપૂર્વક સંપૂર્ણ શિથિલીકરણ કરવામાં આવે તો આપણો થાક-તાણ અને એમાંથી જન્મનાર અનેક અનિષ્ટોમાંથી બચી શકીશું. તેની સામે સંરક્ષણની એક અડીખમ દીવાલ ઊભી કરી શકીશું. સ્નાયુઓ બિલકુલ શિથિલ થઈ જતાં માંસપેશી રૂપ વિદ્યુત ચુંબકોમાં વપરાતી ઊર્જાનું સંરક્ષણ કરી તેનું સંવર્ધન કરી શકીશું. ઊર્જાના વપરાશને સ્થગિત કરીને કે અલ્પ કરીને કાયોત્સર્ગ ઊંઘ કરતાં પણ વધારે આરામ આપનાર અને સ્વાસ્થ્ય બક્ષનાર નીવડે છે. નિયમિત રીતે કાયોત્સર્ગ કરનારનું સ્વાસ્થ્ય જળવાય છે એટલું જ નહીં પણ તેની કાર્યક્ષમતા વધે છે અને તેનો સ્વભાવ પણ સૌને સ્વીકાર્ય બનતો જાય છે આમ કાયોત્સર્ગની ભૌતિક દેન પણ નાનીસૂની નથી.

x x x

**ચૈતન્ય પ્રીતિ :**

આપણી સમગ્ર આધ્યાત્મિક પ્રવૃત્તિઓનું લક્ષ્ય સમત્વ હોય છે કે હોવું જોઈએ. જંજાળ અને ઝંઝાવાતોથી ભરેલા જીવનમાં જો કંઈ સાધવા જેવું હોય તો તે છે સમત્વ–સમતા. ભલે કોઈ આત્મા-પરમાત્માની વાતમાં ન પડે પણ સમતાનું મૂલ્ય તો તેને મન રહેવાનું જ. આપણી પ્રવૃત્તિઓ પછી ભલે તે મનની હોય કે વચનની હોય કે પછી કાયાની હોય તે શરૂ થાય છે ક્યાંક અસંતુલનથી. કોઈ જગ્યાએ આપણી અંદરનું સંતુલન જોખમાયું કે આપણે તેને ઠીક કરવા મન – વચન અને કાયાના યોગ દ્વારા પ્રવૃત્તિશીલ થઈએ છીએ. પરંતુ આપણી સમજ કાચી હોવાને લીધે કે આપણી ક્ષમતા ઓછી હોવાને લીધે સંતુલન સાધવાની પ્રક્રિયામાં જ આપણે વધારે ને વધારે અસંતુલિત થઈ જઈએ છીએ. સંતુલન સાધવા માટે કાયોત્સર્ગ જેવું અસરકારક કોઈ સાધન નથી.

જો કોઈ આત્મા-પરમાત્માની વાત કરતું હોય, અધ્યાત્મ પ્રતિ તેનો ઝોક હોય તો તે આત્મજ્ઞાનની વાત આવવાની જ. આત્મજ્ઞાન ધ્યાન વિના ભાગ્યે જ સિદ્ધ થઈ શકે. જ્યાં સુધી દેહાધ્યાસ ગાઢ છે, ત્યાં સુધી દેહની બાબતો સિવાય આપણે બીજું કંઈ વિચારી શકતા નથી. આત્મજ્ઞાન પ્રાપ્તિની પહેલી શરત છે દેહાધ્યાસથી મુક્તિ કે દેહાધ્યાસની અલ્પતા. ચૈતન્યની પ્રતીતિ કરવા માટે દેહાધ્યાસ ઓછો કરવો પડે અને તે માટે પણ કાયોત્સર્ગ જેવું કોઈ સાધન નથી.

સરળતા ખાતર ભલે આપણે કાયોત્સર્ગને એક ક્રિયા તરીકે કે વિધિ તરીકે ઓળખીએ પણ વાસ્તવમાં તો તેમાં ક્રિયાનો લોપ કરવાનો છે. એ જ રીતે કાયોત્સર્ગને આપણે ધ્યાન પણ અમુક અપેક્ષાએ જ કહેવાનું છે કારણ કે તેના અંતિમ ચરણમાં ધ્યાન પણ છૂટી જાય અને ફક્ત ઊર્જાનું અસ્તિત્વ જ રહે.

ધ્યાનમાં એકાગ્રતા છે, વિષયની સાથે તન્મયતા છે પછી ભલે તે વિષય સૂક્ષ્મ હોય કે આધ્યાત્મિક હોય, જ્યારે કાયોત્સર્ગમાં વિષય જ છૂટી જાય છે – છોડવાનો હોય છે. આપણા સર્વ વિષયોનું કેન્દ્ર શરીર છે – દેહ છે. જ્યાં દેહ છોડવાની વાત આવી ત્યાં પછી વિષય કેવી રીતે રહે ? આમ કાયોત્સર્ગ વિષયના મૂળમાં જ ઘા કરે છે પછી ડાળખાં-પાંદડાં કે ફળ-ફૂલ ટકવાની વાત જ ક્યાંથી રહે ? આપણાં સર્વ સુખ કે દુ:ખનું વેદન આપણે દેહ દ્વારા કરીએ છીએ. દેહમાં જ તેનો આવિર્ભાવ થાય છે એ વાત આપણે રખે ભૂલીએ. જ્યાં દેહ છોડવાની વાત આવી ત્યાં પછી મન પણ છૂટી જાય. એકવાર મનની પકડ છૂટી ગઈ પછી વાણી ક્યાં રહી ? અને કાયાનો યોગ કરવાપણું પણ ક્યાં રહ્યું ?

એકવાર દેહાત્મભાવ છૂટી ગયો પછી કોણ આપણું અને કોણ પરાયું ? રોગ કોને થાય છે ? વૃદ્ધ કોણ થાય છે ? અરે, મૃત્યુ કોણ પામે છે ? આ બધું શરીર વિના કે દેહ વિના શક્ય નથી. એકવાર જ્યાં દેહ જ છૂટી ગયો ત્યાં આ બધાનું અસ્તિત્વ જ ક્યાં રહ્યું ?

મૃત્યુ દેહને છોડાવે છે. રોગો દેહને પીડા આપે છે. કાયોત્સર્ગમાં ચતન્ય પોતાની મેળે જ દેહને છોડી જુએ છે. **કાયોત્સર્ગ દેહ છોડવાનો અભ્યાસ છે.** વાસ્તવિકતામાં કાયોત્સર્ગ દરમિયાન ચૈતન્ય દેહને પૂર્ણ રીતે છોડતું નથી, પણ દેહ સાથેનો તેનો સ્પર્શ ઓછો થતો જાય છે. અને જે કંઈ સ્પર્શ રહે છે તે પણ સઘન હોતો નથી. તે સમયે ચેતનાના દેહ સાથેનાં સ્પર્શકેન્દ્રો ઘણાં ઓછાં થઈ જાય છે. જો સંપૂર્ણ કાયોત્સર્ગ સધાય તો ચેતના અને કાયા બંને આપણી ઇચ્છા મુજબ અલગ પડી જાય અને પછી ધાર્યા પ્રમાણે બંને એક પણ થઈ જાય. આમ


Degitalised By ITDESK SOLUTIONS LLP

સાધ્ય તો બંનેને અલગ પાડીને જોવાનું છે પણ તે બનતું નથી અને જો એવો કાયોત્સર્ગ ઘટે તો આપણે બડભાગી. આત્મા અને દેહ બંને ભિન્ન છે. એની પ્રત્યક્ષ પ્રતીતિ થાય એ કંઈ નાનીસૂની વાત નથી.

x x x

**સ્વરૂપનું ભાન :**

અધ્યાત્મની ચરમ સીમા છેવટે સ્વરૂપનું ભાન થતાં અને એમાં તલ્લીન થતાં આવી જાય છે. જ્યાં સુધી સ્વ અને પર, એ બંને અલગ છે– તે ભાન ન થાય, તેની પ્રતીતિ ન થાય ત્યાં સુધી સ્વરૂપમાં સ્થિરતા પ્રાપ્ત કરવી દુર્લભ છે. સ્વ અને પરનો ભેદ સાધવા માટે કાયોત્સર્ગ જેવી કોઈ સાધના નથી. જેમ જેમ કાયોત્સર્ગ ઘટિત થતો જાય છે તેમ તેમ સ્વરૂપનું ભાન વધતું જાય અને છેવટે એક એવી ક્ષણ આવી જાય ત્યારે લાગ્યા વિના રહે નહીં કે દેહના પીંજરામાં જકડાયેલો હું અલગ છું – જુદો છું. દેહના બંધનથી હું સીમિત થઈ ગયો છું. બાકી હું તો અસીમ છું. હું સાગર છું; બિંદુ નથી. આનંદ મારું સ્વરૂપ છે. સંકલેશ મારો વિભાવ છે. આ વિભાવ અવસ્થાને લીધે જ કેટલાય જન્મો સુધી હું દીન બનીને ભટક્યો છું. દેહ સાથે તાદાત્મ્ય સાધીને બેઠેલા સંબંધો મારા નથી. દેહાધ્યાસને લીધે મેં જેને સુખ-દુઃખ માન્યાં છે એ મારાં નથી તે મિથ્યા છે. હું આત્મા જ સત્ય છું. અનંત શક્તિનો સ્વામી હું જ છું. અવ્યાબાધ સુખનો અધિપતિ હું પોતે જ છું. આ શક્તિનો આવિર્ભાવ કરવા માટે કાયાનો ઉત્સર્ગ કરવા જેવું કોઈ તપ નથી. તેથી તો જૈનદર્શનમાં તપના જે બાર પ્રકારો ગણાવ્યા છે એમાં કાયોત્સર્ગને સૌથી મહાન ગણવામાં આવે છે. વાસ્તવિકતામાં બાકીનાં બધાં તપ કાયોત્સર્ગ સાધવામાં સહાયરૂપ નીવડે છે.

કાયોત્સર્ગ આત્મજ્ઞાનની અનુભૂતિનો પથ છે. આત્મજ્ઞાન ધ્યાનસાધ્ય છે. નિજના સહજશુદ્ધ સ્વરૂપનું અનુસંધાન કરવા માટે કાયોત્સર્ગ જેવું ધ્યાન નથી. તેના જેવું બીજું કોઈ શ્રેષ્ઠ તપ નથી. દેહાત્મ બુદ્ધિથી ઉપર ઊઠી સ્વરૂપમાં ઠરવું અને એમાં રમણ કરવું એ સર્વ ધાર્મિક ક્રિયાઓનું ધ્યેય છે.

કાયોત્સર્ગમાં જ્ઞાન-ધ્યાન અને ક્રિયાની આરાધના સમાવિષ્ટ થઈ જાય છે. સંસારની આપણી સઘળી પ્રવૃત્તિઓ આત્માની બહિરાવસ્થામાં થાય છે. કાયોત્સર્ગ અંતર્મુખતાનું પ્રથમ ચરણ છે. તે અંતરાત્મ દશા પ્રતિ દોરી જાય છે અને તે સધાતાં પછી પરમાત્મ દશા ઝાઝી દૂર રહેતી નથી. ભગવાને જે અનેક ઉપસર્ગો સહન કર્યા તે ફક્ત સહનશક્તિ અને ઇચ્છાબળને જોરે જ નહીં પણ ઊંડી અંતર્મુખતાને કારણે. તેથી તો એમની ઉગ્ર તપશ્ચર્યામાં કાયોત્સર્ગ અગ્રસ્થાને રહ્યો હતો. ભગવાન નિજની અનુભૂતિમાં નિમગ્ન રહી કાયોત્સર્ગ દ્વારા કેવળજ્ઞાન પ્રતિ જઈ શક્યા હશે એમ માનીએ તો ખોટું નહીં. સાધનામાં ત્યાગ, તિતિક્ષા, ઉપવાસ, એકાંત, મૌન અને ધ્યાન મહત્ત્વનાં છે અને બધાં એકસાથે કાયોત્સર્ગમાં સધાઈ જાય છે એ વાત જ કાયોત્સર્ગની મહત્તાની સૂચક છે.

x x x

**પ્રકંપનોનો સંસાર :**

આપણી સમગ્ર પ્રવૃત્તિઓ, ઇચ્છાઓ, આકાંક્ષાઓ, હતાશાઓ એ બધાનું ઉગમસ્થાન આપણી અંદર છે, પણ એ બધું વ્યક્ત થાય છે શરીર દ્વારા. આપણો સમગ્ર સંસાર ચાર ગતિશીલ તત્ત્વોનો સંસાર છે. મન, વચન, કાયા અને શ્વાસ દ્વારા આપણે પ્રત્યેક ક્ષણે અસંખ્ય પ્રકંપનો બહાર ફેંકીએ છીએ. આમ અન્ય જીવો પણ પ્રત્યેક પળે સંખ્યાતીત પ્રકંપનો બહાર ફેંકે છે. આપણા પ્રકંપનો અન્યને અસર કરે છે અને અન્યનાં પ્રકંપનો આપણને અસર કરે છે. આમ ક્રિયા અને પ્રતિક્રિયાનું ચક્ર ચાલ્યા જ કરે છે. આ ચક્રમાં આપણે એવા તો અટવાઈ ગયા છીએ કે આપણને ખ્યાલ પણ નથી આવતો કે આપણે વિષચક્રના એક આરાથી વિશેષ કંઈ નથી, જ્યારે કાયોત્સર્ગ સાધવા બેસીએ છીએ ત્યારે જ ખ્યાલ આવે છે કે આપણું જીવન સતત ઘૂમતા એક ચક્રથી કંઈ વિશેષ નથી રહ્યું.

જે ચાર તત્ત્વો દ્વારા આપણો સંસાર પ્રવર્તમાન થાય છે એમાં કાયા સ્થૂળ છે. વાણી તેનાથી થોડી સૂક્ષ્મ છે. શ્વાસ સૂક્ષ્મતર છે અને મન સૂક્ષ્મતમ છે. સામાન્ય રીતે આપણે મનના સ્તર સુધી જ વિહરતા હોઈએ છીએ પણ એનીય પારથી આવી જે પ્રવાહ સતત આપણી અંદર વહ્યા કરે છે તેનાથી તો આપણે અજ્ઞાત રહીએ છીએ. આ પ્રવાહનું ઉગમસ્થાન આપણી ચેતનાની ખૂબ નજીક રહેલું તેની સાથે ઓતપ્રોત થઈ ગયેલું કર્મશરીર છે. જે લોકોને ચેતનાના સ્વીકાર સામે વાંધો હોય તેઓ તેને અવ્યક્ત મનને નામે પણ ઓળખે છે. વાસ્તવિકતામાં મન એ તો ચેતનાનો જ આવિર્ભાવ છે. જેને આપણે જાણીએ–અનુભવીએ તો વ્યક્ત મન અને જે આપણાથી અજ્ઞાત રહે છે તે અવ્યક્ત મન. આપણે જો સમતા સાધવી હોય તો કે સ્વસ્થતા પ્રાપ્ત કરવી હોય કે પછી સંસાર ટૂંકાવવો હોય તો આપણે જીવન અને સંસારને પ્રવર્તમાન કરતો પ્રવાહ જ્યાંથી આવે છે તે ઉગમસ્થાન સુધી પહોંચવું પડશે. અને એ માટે કાયોત્સર્ગ જેવું કોઈ ઉપકારક કે અનુકૂળ નથી. એક વખત આપણે એ પ્રકંપનોના ઉગમસ્થાને જોઈ લઈએ, ત્યાં પહોંચી શકીએ તો પછી આપણે એ પ્રકંપનોને અલ્પ કરી શકીએ, તેની માત્રામાં સુધારાવધારા કરી શકીએ, તેની લંબાઈ – વેવલેન્થ ઘટાડી શકીએ કે વધારી શકીએ જેથી તેની અસરોની તીવ્રતામાં ઘટાડો કે વધારો કરી શકીએ. આમ કરતાં આપણે છેક પ્રકંપનની અવસ્થાની તો નિષ્પતિ કરી શકીએ. બાહ્ય તરંગો ઝીલવાની શક્તિમાં વધારો પણ કરી શકીએ અને જેને દૂર રાખવા માગતા હોઈએ એવા તરંગો સામે સક્ષમ કવચ પણ ઊભું કરી શકીએ. આમ પ્રકંપનમાંથી અ પ્રકંપન તરફ જવાનો રાજમાર્ગ કાયોત્સર્ગથી શરૂ થાય છે કે ત્યાંથી પસાર થાય છે. ✷ ✷ ✷

## મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને સેનેટોરિયમ બુકિંગ તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.


Degitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

# સાચી ધાર્મિકતાની વ્યાખ્યા

**એક ફકીરે સિત્તેર વર્ષ પછી નમાજ પઢવાનું બંધ કર્યું ત્યારે...**

મા યોગ કુંદને બોધકથા-ચોટકથા શીર્ષક હેઠળ ઓશોની બોધ કથાઓનાં સુંદર પુસ્તકનું થોડાં વર્ષો અગાઉ સંપાદન – પ્રકાશન કર્યું હતું. એ પુસ્તક અંગત મિત્રએ ભેટ આપ્યું. એમાં એક સરસ કથા વાંચીને વાચકો સમક્ષ મૂકવાની ઇચ્છા થઈ. વાંચો એ કથા ઓશોના જ શબ્દોમાં :

એક ફકીર અંગે મેં સાંભળ્યું છે. એ સિત્તેર વર્ષો સુધી મસ્જિદમાં જતો હતો. પાંચ વખતની નમાજ પૂરી કરતો. અને એવા ડરથી એ પોતાનું ગામ છોડીને બીજે ગામ ક્યારેય ન ગયો કે ત્યાં કદાચ મસ્જિદ ન હોય, તો શક્ય છે તે કદાચ નમાજ કરવાનું ચૂકી જાય. સિત્તેર વર્ષની ઉંમર સુધી આ ક્રમ ચાલતો રહ્યો. બીમાર હોય તો પણ જતો. એક પણ દિવસ એવો નહોતો કે તે હાજર ન હોય. એ ગામના લોકોને એ મસ્જિદનો અને એ ફકીરનો વિચાર એક સાથે જ આવતો. ક્યારેય એવી કલ્પના પણ આવતી નહોતી કે ફકીર વિનાની મસ્જિદ હોઈ શકે ?

પરંતુ એક દિવસ સવારે લોકોએ જોયું કે ફકીર આવ્યો નથી. રાતે ફકીર મરી ગયો હશે એ સિવાય બીજો કોઈ વિચાર કોઈને ન આવ્યો. બધા લોકો ફકીરના ઘર તરફ ગયા. પરંતુ એ લોકો જોઈને નવાઈ પામી ગયા. તે પોતાની ખંજરી પકડી એક ઝાડ નીચે બેસીને ગીત ગાઈ રહ્યો હતો. એ જીવતો હતો. એ બીમાર પણ નહોતો કે મરી પણ ગયો નહોતો. એટલે એ બધા લોકોએ પૂછ્યું કે શું ઘડપણમાં નાસ્તિક બની ગયા ? આ શું કરી રહ્યા છો ? નમાજ ચૂકી ગયા ? સિત્તેર વર્ષથી જે ચૂક્યા નથી તે આજે ચૂકી ગયા ?

તે વૃદ્ધ ફકીર બોલ્યો : હું ભ્રમમાં હતો. હું વિચારતો હતો કે મસ્જિદમાં જવાથી હું ધાર્મિક બની જઈશ.પરંતુ મેં ક્યારેય એવો વિચાર ન કર્યો કે હું જે મસ્જિદની બહાર છું એ જ તો હું મસ્જિદની અંદર હોઈશ. જો હું બહાર અધાર્મિક છું તો અંદર ધાર્મિક કેવી રીતે બની જઈશ ? આ તો કાલે રાતે જ મને ખ્યાલ આવ્યો કે ચોવીસ કલાકની ચેતના જો બદલાય તો જ પરિવર્તન આવી શકે. મસ્જિદે જવાથી કશું નહીં થાય. અને એટલે આજથી હું એવી કોશિષ કરતો રહીશ કે હું જ્યાં પણ રહીશ ત્યાં મસ્જિદમાં રહેતો હોઉં તેમ રહું. હવે મસ્જિદમાં નહીં જાઉં.

x x x

આ કથા પછી ઓશો ટિપ્પણી કરે છે કે બે પ્રકારના લોકો છે : એક તો એવા છે, જે મંદિરોમાં જાય છે અને વિચારે છે કે અમે ધાર્મિક બની ગયા. અને બીજા એવા જે ચિત્તને જ એવું બનાવે છે કે જ્યાં બેઠા હોય ત્યાં મંદિર હોય, તેની હયાતી જ મંદિર હોય. તેમની ચેતનાની એકધારી પવિત્રતા, તેમની ચેતનાનો એકધારો આનંદ, તેમની ચેતનાનું એકધારું સૌંદર્ય, તેમની ચેતનાની સતત શાંતિ અને સંગીત તેને ધાર્મિક બનાવે છે.

✱ ✱ ✱

## સાદગીમાં પણ ખૂબ શક્તિ રહેલી છે

સાદગીમાં પણ ખૂબ શક્તિ રહેલી છે. પ્રદર્શન કે દેખાડામાં એક પ્રકારની પોકળતા રહેલી છે. જો ।  પોકળતાને યોગ્ય રીતે ન પૂરવામાં આવે, તો તે પાખંડ બનીને મુશ્કેલીમાં નાખી શકે છે. તમારી સાદગીને તમારી શક્તિ બનાવવા માગતા હો, તો અમુક પ્રયોગ કરતા રહેજો.જ્યારે કોઈની પ્રશંસા કરો, તો તેમાં દેખાડો ન કરો. તે તથ્ય અથવા ઘટના મુદ્દે કોઈની પ્રશંસા કરવામાં આવી રહી હોય, તેને યોગ્ય રીતે સમજો, પછી જ કહો.

એ જ રીતે જ્યારે કોઈની નિંદા કરવી હોય, તો ટીકા અને નિંદાનો ફરક સમજવો. ટીકા કરુણાની સાથે ચાલે છે અને નિંદા શરૂઆતથી જ ઘૃણા લાવે છે. જેમના વ્યક્તિત્વમાં સાદગી હોય છે, તે બધાને પોતાની સાથે ઉપર ઉઠાવે છે. એટલા માટે ટીકા પણ કરવી પડી શકે છે.

સાદગીપૂર્ણ વ્યક્તિત્વ ક્યારેય કોઈને દબાવતું નથી અને જેવી તમે નિંદા કરશો, તમે સામેની વ્યક્તિને દબાવશો. અંતરમાં સાદગી ઉતરતાં જ તમારામાં બધા માટે મિત્રભાવ આવી જાય છે.

જ્યારે પણ કોઈને મળો, તો આ બાબતનો તાલમેળ યોગ્ય રીતે બેસાડવો, જેથી તમારી અંદર છે, તે વાણીમાં હોય અને આ બંને અનુસાર જ તમે કામ પર કરો.

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–માસિક પત્રિકા**

(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)

રજિસ્ટ્રેશન ઓફ ન્યુસ પેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે 'માસિક પત્રિકા' માલિકી અને તે અંગેની માહિતી.

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થાન | :૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | :માસિક |
| ૩–૪. મુદ્રક–પ્રકાશક | :શ્રી પ્રવીણચંદ્ર જી. શાહ |
| રાષ્ટ્રીયતા | :ભારતીય |
| સરનામું | :૧૦, ઉમેદ સદન, પ્લોટ નં. ૫૮, સાયન (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૨૨. |
| ૫. તંત્રી | :શ્રીમતી સંધ્યાબહેન બિપિનભાઈ શાહ |
| રાષ્ટ્રીયતા | :ભારતીય |
| સરનામું | :બી-૧૦૦૧, રાહુલ, પોઈસર જિમખાના સામે, કાંદિવલી (વેસ્ટ),મુંબઈ-૪૦૦ ૦૬૭ |
| ૬. માલિકનું નામ અને સરનામું | :શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૨. |

હું પ્રવીણચંદ્ર જી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૫-૩–૨૦૧૮ ❑ **પ્રવીણચંદ્ર જી. શાહ**–પ્રકાશક



Degitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

# વિકટ પરિસ્થિતિનો ઉકેલ પણ જિંદગી આપે જ છે !

## ઝૂંપડપટ્ટીમાં જન્મીને ઉછરેલી છોકરી આંતરરાષ્ટ્રીય સ્તરની ચેસ ચૅમ્પિયન બની !

યુગાન્ડાના કમ્પાલાના કેટ્વેમાં ૧૯૯૬માં જન્મેલી ફીઓના મુટેસીનું નામ ગૂગલમાં ટાઈપ કરો તો આફ્રિકન ચેસ ચૅમ્પિયન તરીકે તેની સિદ્ધિઓ જોવા મળે, પણ ફીઓનાના જીવનની શરૂઆત ગંદી ઝૂંપડપટ્ટીથી થઈ હતી.

યુગાન્ડાના કેટ્વેની એક ગીચ ઝૂંપડપટ્ટીમાં અત્યંત ગરીબ કુટુંબમાં જન્મેલી ફીઓના હજુ તો સમજણી થઈ નહોતી એ પહેલાં તેના પિતાનું એઇડ્ઝના કારણે મૃત્યુ થઈ ગયું હતું. પિતાના મૃત્યુ પછી ફીઓના તેની મોટી બહેન જુલિયા અને બે નાના ભાઈ બ્રાયન અને રિચાર્ડની જવાબદારી ફીઓનાના માતા ડેસિ પર આવી ગઈ.

મુટેસી પરિવાર એક મૃત્યુનો આઘાત પચાવી લે એ પહેલા તો તેણે બીજાં મોતનો સામનો કરવો પડ્યો. ફીઓનાની મોટી બહેન જુલિયા અચાનક મૃત્યુ પામી.

ફીઓનાની માતા પતિ અને દીકરીનાં મૃત્યુનો આઘાત સહન કરીને મજૂરીએ વળગી ગઈ. તે તનતોડ મજૂરી કરીને પોતાનું અને ત્રણ સંતાનોનું ગુજરાન ચલાવવા મથતી હતી. જોકે તેની આવકમાંથી તેઓ બે વખત પૂરતું ખાઈ શકે એટલી રકમ મળતી નહોતી.



થોડી સમજણી બનેલી ફીઓનાએ માતાને મદદરૂપ બનવા માટે કહ્યું કે હું પણ મજૂરી કરીશ.

જોકે તેની માતા હેરિટે એવું કરવાની ના પાડી. તેણે કહ્યું કે તારે મને મદદ કરવી હોય તો બજારમાં જઈને મકાઈ વેચવા માંડ. ફીઓનાએ શાળાએ જવાનું બંધ કર્યું અને બજારમાં જઈને મકાઈ વેચવા માંડી.

ફીઓના જ્યાં રહેતી હતી એ ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને બે વખત ધરાઈને ખાવા મળતું નહોતું. એકવાર ફીઓનાની એક બહેનપણીએ ફીઓનાને કહ્યું કે આજે તો મને શાળા પૂરી થયા પછી ત્યાં ભરપેટ જમવા મળ્યું.

ફીઓનાને આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું કે શાળામાં જમવાનું આપે છે ? તેની બહેનપણીએ કહ્યું કે સ્કૂલ પૂરી થાય એટલે એક સર અમને ચેસ શીખવવા આવે છે અને તે અમને જમવાનું પણ આપે છે.

બીજે દિવસે ફીઓના જમવાની લાલચમાં ચેસ શીખવા પહોંચી ગઈ. એ દિવસથી એને ચેસમાં રસ પડવા માંડ્યો. શાળામાં ચેસ શીખવવા આવતા કોચ રોબર્ટ કેનેડીએ પણ ફીઓનાની પ્રતિભા પારખીને તેને તાલીમ આપવા માંડી. ધીમે ધીમે ફીઓના ચેસની સ્પર્ધાઓમાં ભાગ લેતી થઈ અને ૨૦૧૦માં ૧૪ વર્ષની ઉંમરે તો તેને રશિયામાં યોજાયેલા ચેસ ઓલિમ્પિયાડમાં યુગાન્ડાનું પ્રતિનિધિત્વ કરવાની તક મળી.

યુગાન્ડામાં નેશનલ લેવલની સ્પર્ધાઓમાં છવાયેલી રહેતી ફીઓનાને ૨૦૧૪માં નોર્વેમાં રમાયેલા ચેસ ઓલિમ્પિયાડમાં રમવાની તક પણ મળી હતી.

યુગાન્ડાની નેશનલ આઇકન બની ગયેલી ફીઓના મુટેસી કહે છે કે ક્યારેક જિંદગી આપણા મનોબળની કસોટી કરે છે, એ વખતે ગભરાયા વિના રસ્તો કાઢવાની કોશિશ કરવાની, કારણ કે દરેક વિકટ સ્થિતિનો ઉકેલ પણ જિંદગીએ સાથે આપ્યો જ હોય છે. ✶✶✶

## કેમ, કોણ અને કેટલું... આ ત્રણ પ્રશ્નોના જવાબ મેળવવાનું સૌથી મહત્વનું

***સફળતા માટે કેટલીક વસ્તુઓની જરૂર બધાને હોય છે. તેમને ઓળખીને જ સફળતા તરફ વધી શકાય છે.***

### હું શા માટે અહીં છું

સફળ લોકો જાણે છે કે તેઓ દુનિયામાં શા માટે છે. તેમનો ઉદ્દેશ અને લક્ષ્ય સ્પષ્ટ હોય છે. પ્રસિદ્ધ અમેરિકી લેખક માર્ક ટ્વેને જીવનમાં બે જ દિવસને સૌથી મહત્વપૂર્ણ માન્યા છે. એક એ જ્યારે તમારો જન્મ થયો હતો. બીજો દિવસ એ જ્યારે તમને ખબર પડે કે તમારો જન્મ શા માટે થયો છે.

### હું કોણ છું

સફળતા માટે એ જાણવાનું જરૂરી હોય છે કે હું કોણ છું અને ક્યા કામમાં સૌથી સારો છું. પોતાની ઉણપો અને ખૂબીઓને ઓળખવાનું સૌથી જરૂરી છે. પ્રસિદ્ધ પેઇન્ટર પાબ્લો પિકાસોએ કહ્યું છે કે તમે જે કંઈ કલ્પના કરો છો એ સાકાર કરી શકાય છે. જો તમારા મનમાં તેના પ્રત્યે ઝનૂન હોય તો.

### સમય કેટલો છે

સફળતા માટે સમયનું સૌથી વધુ મહત્વ છે. તેના ઉપયોગ પર પણ સફળતા-નિષ્ફળતા નિર્ભર છે. ચંદ્ર પર પગ મૂકનારી પ્રથમ વ્યક્તિ નીલ આર્મસ્ટ્રોંગે કહ્યું છે હું જાણું છું કે જીવનમાં મને નિર્ધારિત સંખ્યામાં ધબકારા મળ્યા છે. હું આમાંથી એકને પણ વ્યર્થ ગુમાવવા માગતો નથી.

✶✶✶

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP

# પશ્ચિમ બંગાળના સુભાષિની મિસ્ત્રીએ ગરીબ દર્દીઓ માટે જીવન સમર્પિત કરી દીધું

## જીના ઈસીકા નામ હૈ

થોડા દિવસો અગાઉ પદ્મ એવૉર્ડ્સની જાહેરાત થઈ. એમાં નામાંકિત વ્યક્તિઓને પદ્મ એવૉર્ડ્સ મળ્યા એમના વિશે અખબારોએ લખ્યું, પણ કેટલીક એવી વ્યક્તિઓને પણ પદ્મ એવૉર્ડ્સ મળ્યા છે કે જેમના વિશે ખાસ જાણવું જોઈએ. આવી જ એક વ્યક્તિ એટલે સુભાષિની મિસ્ત્રી.

સુભાષિની મિસ્ત્રી અત્યારે ૭૦ વર્ષનાં છે અને પશ્ચિમ બંગાળના હાંસખલી અને સુંદરબનમાં બે હોસ્પિટલ ચલાવે છે. તેમનો દીકરો અજય ડૉક્ટર છે અને તે તેમની હોસ્પિટલોનું ધ્યાન રાખે છે.

કોઈનો દીકરો ડૉક્ટર હોય અને હોસ્પિટલ ચલાવે એમાં કંઈ નવીનવાઈ નથી એવો વિચાર સ્વાભાવિક રીતે ઘણા લોકોને આવે. પણ સુભાષિની મિસ્ત્રીના કેસમાં નવીનવાઈની વાત એ છે કે તેમની હોસ્પિટલોમાં ગરીબ દર્દીઓને મફત સારવાર અપાય છે. તેઓ માત્ર ૨૩ વર્ષના હતાં ત્યારે તેમના પતિ ગરીબી અને બીમારીને કારણે મૃત્યુ પામ્યા હતા અને ચાર બાળકોને ઉછેરવાની જવાબદારી સુભાષિનીજી ઉપર આવી પડી હતી.પતિની સારવાર માટે પૈસા નહોતા એટલે સારવારને અભાવે તેમના પતિ મૃત્યુ પામ્યા. એ વખતે જ તેમણે નક્કી કરી લીધું કે હું એવી હોસ્પિટલ ઊભી કરીશ કે જ્યાં ગરીબોને મફત સારવાર મળી શકે.



પદ્મશ્રી સુભાષિની મિસ્ત્રી

પતિના મૃત્યુ પછી સુભાષિનીજીએ કંસ્ટ્રક્શન સાઈટ્સ પર ઇંટો ઉપાડવાનું કામ શરૂ કર્યું. એનાથી તેમનું અને તેમના ચાર સંતાનોનું ગુજરાન ચાલતું નહોતું એટલે તેમણે બાકીના સમયમાં લોકોના ઘરોમાં કામવાળી તરીકે કામ સ્વીકાર્યાં. અજયને તેઓ ડૉક્ટર બનાવવા માગતા હતા એટલે તેમણે તેને એક અનાથાશ્રમમાં મોકલી દીધો, કારણ કે તેઓ અજયના અભ્યાસનો ખર્ચ ઉઠાવી શકે એમ નહોતા. એટલે તે આશ્રમની અનાથાશ્રમની સ્કૂલમાં ભણવા લાગ્યો. એ પછી આગળના અભ્યાસ માટે તે નાનીમોટી નોકરીઓ કરતો રહ્યો અને એમાંથી પોતાની ફી ભરતો રહ્યો.

આ બાજુ સુભાષિનીજી તનતોડ મજૂરી કરતા રહ્યા અને નાનીનાની બચત કરતાં રહ્યાં. તેમણે હવે શાકભાજી વેચવાનો ધંધો શરૂ કરી દીધો હતો એમાંથી તેમને પ્રમાણમાં સારી આવક થવા લાગી હતી. તેમનો દીકરો અજય ડૉક્ટર બની ગયો અને વધારાની આવક ઊભી થઈ ગઈ. એ દરમિયાન બીજાં સંતાનો પણ મોટા થઈને સુભાષિનીને મદદ કરવા લાગ્યા હતા. હવે બચત દેખાવા લાગી હતી. છેક ૧૯૯૬માં સુભાષિનીજીનું ચેરિટેબલ હૉસ્પિટલ બનાવવાનું સપનું પૂરું થયું. તેમણે એક ડઝન ડૉક્ટર્સ સાથે ૨૫ બેડની હ્યુમિનિટી હૉસ્પિટલ શરૂ કરી. એ હૉસ્પિટલમાં ગરીબોને મફત સારવાર અપાવા લાગી અને બેઝિક સર્જરી પણ થવા લાગી.

૨૧ વર્ષ દરમિયાન સુભાષિનીજીએ અને તેમના દીકરા અજયે હજારો ગરીબ દર્દીઓને મદદ કરી છે. કેટલાય દર્દીઓના જીવન બચાવ્યાં છે.

સુભાષિનીજીના આ અમૂલ્ય પ્રદાન બદલ તેમને પદ્મશ્રીથી પુરસ્કૃત કરાયા છે. બીજાઓ માટે જીવન સમર્પિત કરી દેનારી વ્યક્તિઓને સન્માનિત કરાય ત્યારે આનંદની લાગણી થાય છે. ગરીબ લોકો માટે જાત ઘસી નાખનારા સુભાષિનીજી માટે કહી શકાય કે જીના ઈસીકા નામ હૈ.

✶ ✶ ✶

## મોટા હોવું અને મોટાઈનો ફરક

તમે જે કામ કરો છો, તે ભલે તમે કર્યું હોય પણ તમારી પાસે કરાવનારું કોઈ બીજું તત્ત્વ છે. જે દિવસે આપણે આવી ભાવનાથી કામ કરીએ છીએ, એક શાંતિ પ્રવર્તે છે અને આપણી અંદર ઊર્જાનો અસીમ ભંડાર ઉદ્‌ભવવા લાગે છે. મોટા થવું અને મોટાઈ આવવામાં આ જ ફરક છે. ભૌતિક સંસાધનો તમને મોટા બનાવે છે. પદ–પ્રતિષ્ઠા હોય, પૈસા હોય, પ્રખ્યાતિ હોય... આ બધું તમને મોટાભાઈ બનાવી શકશે અને એ દૃષ્ટિએ મોટા થતાં જ તમે બીજાને નાના માનવા માંડો છો, પરંતુ મોટાઈનો અર્થ એ છે કે બધાને પોતાના જેવા જ માનવા. મોટા થવાનો ભાવ ભેદભાવ ઊભા કરે છે, વડપણ સમાનતા લાવે છે. ભારતનાં ઘર–પરિવારોમાં વડપણ શબ્દ ખૂબ મહત્ત્વનો છે.

જ્યારે તમે ઘરમાં વડીલ બનો, તો એ એક સાંસારિક વ્યવસ્થા હોય છે. વડપણ લાવવા માટે ક્ષમાનો ભાવ, ધીરજ, ગંભીરતા, વિશાળ હૃદય અને બધાને સાથે લઈને ચાલવાની લાગણી જરૂરી હોય છે. આવું કરવું અધૂરું લાગે તો એવું ધારો કે તમારી પાસે બીજું કોઈ બીજું કરાવે છે. એ સાથે જ મોટાઈ તમારી અંદર સરળતાથી ઊતરી આવશે.

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP

# સાભાર સ્વીકાર

વઢવાણ નિવાસી હાલ મલાડ, સ્વ. નરેન્દ્રભાઈ છનાલાલ શાહના સ્મરણાર્થે, હસ્તે ગીતાબેન નરેન્દ્રભાઈ શાહ
નોટબુક યોજના ફંડ ૩૦૦૦

સ્વ. મધુબેન મનસુખલાલ શાહ, ખારાઘોડા હાલ બોરીવલી
પાણી પરબ ફંડ ૩૦૦૦

વઢવાણ નિવાસી હાલ કાંદિવલી (વેસ્ટ) છબીલદાસ વૃજલાલ કોઠારીના ધર્મપત્ની સ્વ. મંજુલાબેનના સ્મરણાર્થે
પાણી પરબ ફંડ ૩૦૦૦

રામપરા નિવાસી હાલ કાંદિવલી, શ્રી જશવંતલાલ ત્રંબકલાલ શાહના સુપુત્ર ચિ. રાહુલના વેવિશાળ અમરેલી નિવાસી હાલ અંધેરી શ્રી પંકજભાઈ શાંતિલાલ મહેતાની સુપુત્રી ચિ. મિનલ સાથે થયા તે પ્રસંગે. ૫૦૧

માતુશ્રી શારદાબેન તથા પિતાશ્રી અમૃતલાલ લક્ષ્મીચંદ ગોપાણીની પુણ્યતિથિ નિમિત્તે ૧૫૦૦

દાદી ઘેલીબેન તથા દાદા લક્ષ્મીચંદ ચતુરદાસ ગોપાણીની સ્મૃતિમાં ૫૦૦

પૂજ્ય માસી સ્વ. કંચનબેન રમણીકલાલ વોરા, અમદાવાદની સ્મૃતિમાં હસ્તે પરેશ અમૃતલાલ ગોપાણી ૫૦૦

## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

## સાભાર સ્વીકાર

### આરાધ્યાજી ફાઉન્ડેશન

**સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ફંડ રૂા. ૨,૫૦,૦૦૦**

### પુણ્યતિથિ નિમત્તે

- પાળિયાદ નિવાસી હાલ ઘાટકોપર (મુંબઈ) સ્વ. છોટાલાલ માધવજી શાહની ઓગણીસમી પુણ્યતિથિ નિમિત્તે, સ્વ. બાલુબેન છોટાલાલ શાહની સત્યાવીસમી પુણ્યતિથિ નિમિત્તે, સ્વ. મહાસુખલાલ છોટાલાલ શાહની બીજી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે માતુશ્રી કુંદનબેન મહાસુખલાલ શાહ પરિવાર તરફથી

| | |
|---|---|
| શ્રી સી. યુ. શાહ ઉચ્ચ શિક્ષણ ફંડ | રૂા. ૩૦૦૦ |
| શ્રી સી. યુ. શાહ તબીબી સહાય ફંડ | રૂા. ૩૦૦૦ |
| પાણી પરબ ફંડ | રૂા. ૩૦૦૦ |
| સાધર્મિક રાહત ફંડ | રૂા. ૩૦૦૦ |
| **કુલ રકમ ભેટ મળેલ છે.** | **રૂા. ૧૨૦૦૦** |

# વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **દેવાંગ — સરસ્વતી**<br>શ્રી રાજેન્દ્રભાઈ મહાસુખલાલ તુરખિયાના સુપુત્ર, સુદામડા હાલ કાંદિવલી તથા શ્રી ડૉ. કાશીનાથ રામનાથ ચૌહાણની સુપુત્રી, લાતુર હાલ કાંદિવલી. | ૫૦૧ | ૫૦૧ |
| **ઉત્સવ — શ્રદ્ધા**<br>શ્રી મિલનભાઈ ચંપકલાલ શાહના સુપુત્ર, વઢવાણ શહેર હાલ સાયન તથા શ્રી પંકજભાઈ નગીનદાસ શાહની સુપુત્રી, ટુવા હાલ ડોમ્બિવલી | ૫૦૧ | ૫૦૧ |
| **પ્રતીક — રિદ્ધિ**<br>શ્રી કિશોરભાઈ પ્રેમચંદ શાહના સુપુત્ર, સુરેન્દ્રનગર હાલ ઘાટકોપર તથા શ્રી નિલેષભાઈ રમાકાંતભાઈ શાહની સુપુત્રી સુરેન્દ્રનગર હાલ સુરેન્દ્રનગર | ૫૦૧ | ૫૦૧ |
| **રાહુલ — મિનલ**<br>શ્રી જશવંતલાલ ત્રંબકલાલ શાહના સુપુત્ર, રામપરા હાલ કાંદિવલી તથા શ્રી પંકજભાઈ શાંતિલાલ મહેતાની સુપુત્રી અમરેલી હાલ અંધેરી<br>સ્વધર્મી સહાય ફંડ | ૧૧૦૧ | ૧૧૦૧ |
| **કેયુર — પ્રણાલી**<br>શ્રી પરેશકુમાર ચંદુલાલ શાહના સુપુત્ર, લીંબડી હાલ બોરીવલી તથા શ્રી હસમુખભાઈ ગાંગજીભાઈ ગાલાની સુપુત્રી બિદડા-કચ્છ હાલ મુલુંડ<br>સ્વધર્મી સહાય ફંડ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **સોમીલ**<br>શ્રી પરેશકુમાર ચંદુલાલ શાહના સુપુત્ર, લીંબડી હાલ બોરીવલી તથા શ્રી પરેશકુમાર ડાહ્યાલાલ શાહની સુપુત્રી છત્રિયાળા-ચુડા હાલ મીરા રોડ<br>સ્વધર્મી સહાય ફંડ | ૧૦૦૧ | ૧૦૦૧ |

## સુધારો

**(૧)** ગત પત્રિકામાં પાના ક્રમાંક ૫૦ ઉપર પ્રગટ થયેલ સ્વ. રમીલાબેન અનિલભાઈ શાહની શ્રદ્ધાંજલિ જાહેરખબરમાં–
દેર-દેરાણી : રેખાબેન મધુસુદન શાહ,
પિતા : સ્વ. જયંતીલાલ ત્રિકમલાલ સંઘવી,
માતા : સ્વ. કંચનબેન જયંતીલાલ સંઘવી તથા
ભાઈ-ભાભી : દીનાબેન દિલીપભાઈ સંઘવી અને
બેન-બનેવી : સ્વ. કળાબેન શાંતિલાલ શાહ **સુધારીને વાંચવું.**

**(૨)** ગત પત્રિકામાં પાના ક્રમાંક ૨૯ ઉપર પ્રગટ થયેલ સાભાર-સ્વીકાર પાણી પરબ યોજના સ્વ. અ. સૌ. સુશીલાબેન વિનોદચંદ્ર ધોળકિયાની પંદરમી પુણ્યતિથિ નિમિત્તે (જન્મ તા. ૮-૬-૪૧ થી મૃત્યુ તા. ૧૬-૦૧-૨૦૦૩)
**સુધારીને વાંચવા વિનંતી**


Degitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

# સમાચાર સંકલન

**શ્રી ઘાટકોપર ઝાલાવાડી સ્થા. જૈન મંડળ**

શ્રી ઘાટકોપર ઝાલાવાડી સ્થા. જૈન મંડળ આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ તા. ૨૧-૧-૨૦૧૮ના રવિવારે સુધા પાર્ક ગ્રાઉન્ડમાં યોજાઈ હતી. જેમાં યુવાનોની બાર ટીમ તથા યુવતીઓની ત્રણ ટીમોએ ભાગ લીધો હતો.

ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે અને રાષ્ટ્રીય ગીતના સન્માન સાથે મેચનો પ્રારંભ થયો હતો. પ્રમુખ શ્રી સુરેશભાઈ શાહે ટુર્નામેન્ટ ખૂબ જ શાંતિથી રમવાની અપીલ કરી હતી.

ગ્રુપ મેચો, ક્વાર્ટર ફાઈનલ બાદ બિગબોસ તથા રાઉડીઝની ટીમ ફાઈનલમાં રમી હતી જેમાં બિગબોસની ટીમનો વિજય થયો હતો.

લેડિઝની ફાઈનલ દંગલ ગર્લ્સ તથા પદ્માવતી વચ્ચે રમાઈ હતી, જેમાં પદ્માવતી ટીમનો વિજય થયો હતો. બપોરે ગરમ નાસ્તો, ચા તથા ઠંડાની વ્યવસ્થા પ્રવીણાબેન રમેશભાઈ શાહ (ગૌતમ એડવર્ટાઈઝ) તરફથી હતી તથા ટુર્નામેન્ટના સ્પોન્સરર નરેશ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ-વાળા શ્રી નરેશભાઈ તથા સૌરવભાઈ હતા. શ્રી નરેશભાઈના પરિવાર તરફથી આયોજિત ફાસ્ટ ફૂડનું જમણ ૪૫૦થી વધુ મેમ્બરોએ માણ્યું હતું. વિજેતાઓને ટ્રોફી તથા કેશ પ્રાઈઝ આપ્યા હતા.

**સૌરાષ્ટ્ર-ગુજરાત ખંધાર પરિવાર સ્નેહમિલન**

તા. ૨૪-૧૨-૨૦૧૭ના રોજ સૌરાષ્ટ્ર-ગુજરાતના ખંધાર પરિવારોનું સ્નેહમિલન ડોળિયા જૈન તીર્થ તથા ચોટીલા ખાતે ખૂબ જ ઉત્સાહપૂર્વક યોજાઈ ગયું. પચાસ જેટલા ખંધાર પરિવારો સવારના નવ વાગ્યે સમયસર હાજર થઈ ગયા. નવકારશી બાદ નવકાર મંત્રના સ્મરણ અને દીપ પ્રગટાવીને પરિચયવિધિથી સ્નેહમિલનની શરૂઆત થઈ.

આ સ્નેહમિલનનો મુખ્ય વિષય હતો...'ખૂબી ખંધારની તથા ખમીરી ખંધારની.' વર્ષ ૧૯૩૨થી શરૂ કરીને વર્ષ ૨૦૧૭ સુધીના કેટલાય ખંધારની ખૂબી અને ખમીરીનું વર્ણન જુદા જુદા વક્તાઓ પાસેથી સાંભળીને હાજર બધા ખંધાર ગર્વથી ગદ્‌ગદીત થઈ ગયા.

ત્યાર બાદ એક ઠરાવ પસાર કર્યો કે જે ખંધાર પરિવાર પોતાની ખંધાર અટક બદલાવી છે તેઓ વ્યવહારમાં તથા પોતાના વિઝિટિંગ કાર્ડમાં તથા લેટરપેડમાં (ખંધાર) પોતાની અસલ ઓળખ જાળવી રાખે. બપોરનું ભોજન લઈ સૌ ચોટીલા ચામુંડા માતાના દર્શન કરી, સાંજનું કાઠિયાવાડી 'વાળુ' ચોટીલાના ખંધાર સુરેશભાઈ તારાચંદ પરિવારના સૌજન્યથી જમીને આવતા વરસે ડિસેમ્બર માસમાં **સમસ્ત વિશ્વના ખંધાર પરિવારો**નું સ્નેહમિલન સૌરાષ્ટ્ર ખાતે કરવાનું વિચારતા, ઉત્સાહભેર રૂા. એક લાખનું વચન આપી, મિલનની સ્મૃતિરૂપે દીવાલ ઘડિયાળ ભેટ મેળવી અત્યંત આનંદપૂર્વક છૂટા પડ્યા.

**શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ (વાલકેશ્વર) વિશેષ રાહત યોજના**

શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ (વાલકેશ્વર) સંચાલિત સ્પે. વિશેષ રાહત યોજના હેઠળ શ્રીમતી રમીલાબેન મહેન્દ્રભાઈ પરીખ તથા શ્રીમતી સરયૂબેન પ્રવીણભાઈ કોઠારી અને ચંદ્રાબેન પીયૂષભાઈ કોઠારી તરફથી રવિવાર તા. ૧૪-૧-૨૦૧૮ના રોજ મુંબઈમાં રહેતા ૯૮૫ સાધર્મિક જૈન કુટુંબોને અનાજ, કઠોળ, તેલ-ઘી, સાકર, મસાલા વગેરે જીવનજરૂરી વસ્તુઓ તથા ગાડીભાડું આપવામાં આવેલ. તેમાં સંઘના ટ્રસ્ટી–ઉપપ્રમુખ શ્રી હસમુખભાઈ શેઠ, ટ્રસ્ટી શ્રી પ્રવીણભાઈ કોઠારી, ટ્રસ્ટી શ્રીમતી સરિતાબેન મહેતા, મંત્રીશ્રી વિજયભાઈ કોઠારી તથા સુભાષભાઈ કોઠારી, દાતા પરિવારના સભ્યો, કારોબારીના સભ્યો, મહિલા મંડળની બહેનો તથા શ્રાવક-શ્રાવિકાઓએ સાધર્મિક ભક્તિનો લાભ લઈ ઉત્સાહપૂર્વક કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**વડાલા હોસ્ટેલ**

તા. ૨૬-૦૧-૨૦૧૮ ના રોજ વડાલા હોસ્ટેલ ખાતે હોસ્ટેલ દિન તેમ જ શ્રી બચુભાઈ દોશી ઈનામ વિતરણ દિન ઉજવાઈ ગયો. શ્રી બચુભાઈ દોશીની તસવીરને ફૂલહાર ચઢાવી, દીવો પ્રગટાવી અને નવકારમંત્રના સ્મરણથી શ્રી શશિકાંતભાઈ બદાણી, શ્રી ભરતભાઈ મહેતા, શ્રી મનસુખભાઈ કોઠારી, શ્રી સી. પી. સર તથા શ્રી બચુભાઈના સુપુત્ર શ્રી મહેશભાઈ કોઠારીએ સમા રંભની શરૂઆત થઈ.

વિદ્યાર્થીઓએ વર્ષ દરમિયાન મેળવેલી સિદ્ધિઓ બિરદાવવા તેમને સર્ટિફિકેટ અને વિશિષ્ટ ઈનામોથી નવાજવામાં આવ્યા. વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા. શ્રી મહેશભાઈ બી દોશી તરફથી વર્ષના શ્રેષ્ઠ બે વિદ્યાર્થીઓને ખાસ ઈનામ આપવામાં આવ્યા. J.E.S. અને J.E.S.P.ના ઓફિસ બેરર્સ સભ્યો, ભૂતપૂર્વ અને હાલના અસંખ્ય વિદ્યાર્થીઓ ઉપરાંત આમંત્રિત મહેમાનોએ સમારંભને સ્મૃતિમય બનાવ્યો.

**શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘ**

શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘ દ્વારા દર વર્ષે જૈન પત્રકારોને પ્રોત્સાહન મળે તે માટેછ અલગ અલગ પ્રકારના એવૉર્ડો આપવામાં આવે છે. તેમાં પત્રલેખન હરીફાઈમાં વિજેતા થનાર પત્રકારો તથા લેખકોના નામ નીચે પ્રમાણે છે.

(૧) શ્રીમતી ઋષમણીબેન દીપચંદ ગાર્ડી 'વિદ્યાવારિધિ' ૧૩મા એવૉર્ડના ત્રણ વિજેતાઓ.

(અ) કાંતિલાલ સી. શેઠ

(બ) શ્રીમતી સુબોધીબેન સતિષભાઈ મસાલીયા

(ક) જાદવજી કાનજી વોરા

(૨) શેઠશ્રી નવિનચંદ્ર ડી. મહેતા તરફથી દ્દ્ઢા એવૉર્ડના વિજેતા.

(અ) ક્ષેણિક મફતલાલ વિદાણી–સુરત

(૩) શ્રેષ્ઠી પુખરાજજી બાફના શેઠ ચુનીલાલ ચેરિટેબલ ટ્રસ્ટ ૭મા એવૉર્ડના વિજેતા.

(અ) શ્રીમતી ભારતીબેન બી. શાહ

(૪) જૈન શ્રેષ્ઠીશ્રી મંગલપ્રભાત લોઢા–જસ્ટી ગુમાનમલજી લોઢા ફાઉન્ડેશન ટ્રસ્ટના ૪થા એવૉર્ડના વિજેતા.

(અ) શ્રીમતી ભારતીબેન દીપકભાઈ મહેતા-રાજકોટ

(૫) શ્રેષ્ઠી શ્રીમતી જેઠીબેન ચીમનલાલ મુલચંદ-ભાઈ શેઠ તરફથી પ્રથમ એવૉર્ડના વિજેતા.

(અ) કોકિલાબેન બી. શાહ

(૬) સતિષભાઈ સુરાણા તરફથી દૈનિક અખબારના જૈન પત્રકારને આપવામાં આવશે તેની જાહેરાત એવૉર્ડ સમારંભ ખાતે કરવામાં આવશે.

✷ ✷ ✷


Degitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

# DHWANI GOSALIA



**PERSONAL DETAILS**

Birth Date : 2nd Oct.1992 Height : 5'.6''

Birth Time & Place : 14:37 Pm, Day - Friday

Place : Mumbai

Religion : Zalawadi Dashashrimali Sthanakwasi Jain

Native Place : Wadhwan

Email ID : gosaliarakesh@gmail.com

**Education :**

Bachelors in Commerce ( B.Com.) Mithibai College

Masters in Commerce ( M.Com.)

Diploma in Event Management (NIEM)

MBA in H R Management (IBS)

Pursuing LL.B. (JCCL College of Law)

**Profession :**

Currently working in H R Dimension India Pvt. Ltd.

Founder of Gift Gallery (Customize Gift)

Hobbies : Avid Traveller, Adventure Sports, Photography, Dancing.

**FAMILY DETAILS :**

Father : Rakesh Mulchand Gosalia [9324521718]

Mother : Jashmin Rakesh Gosalia [7877778219]

Grand Father : Shri Mulchand Gandalal Gosalia [9320031718]

Grand Mother : Smt. Indumati Mulchand Gosalia

Kaka : Nayan Mulchand Gosalia [9323455850]

Chetan Mulchand Gosalia [9820537470]

Siblings : Bansri Gosalia (Younger), (B.Com., C.S., Pursuing LL. B.)

Raj Gosalia (Younger), (F.Y. B.Com.)

Mosal : Late Surji Lalji Shethia (Wadala, Kutch)

Mama : Mahesh Surji Shethia - Andheri [9820048023]

Business : Shanti Packaging, 146/152, Samuel Steet, Masjid Bunder, Mumbai 400 009.

Factory : 102, Geeta Industries, Vasai East.

Address : A/603, Highland Harmony, Mahavir Nagar , Kandivali West, Mumbai-400067.

(Advt.)

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP

# BIO-DATA



**NAME** : **PARAS MUKESHKUMAR MEHTA**
Address : A-102, Rajvi Complex, Opp. SBI
Billimora (E), Dist. Navsari, Gujarat
Phone No. : +91 99791 77702 (WhatsApp).
+1 404 791 9449 (USA-WhatsApp)
Email ID : parasmehta29@gmail.com
Date, Place
Time of Birth : 29-Aug-1984, Billimora (Gujarat) 02.58 PM
Education : Master of Computer Application (MCA)
University of Pune, PUNE.
Height/Weight : 5' 4" /162 Cms, 63 Kgs.
Religion : Dashashrimali Sthanakwasi Jain
Occupation : Principal Software Engineer,
Manhattan Associates, Atlanta - USA
Father's Name : Mukeshkumar Balubhai Mehta
Mobile No. : +91 98243 99819
Occupation : Retired : Owner of Mahavir Engineering
Corporation, Bilimora - 396321
Mother's Name : Bharati Mukeshkumar Mehta (House Wife)
Siblings : Purvi - Younger Sister (Married)
Purvi Bhavinkumar Thosani. Dombivali-Mumbai.
+91 89764 77596 (WhatsApp)
Native Place : UMRALA (Saurashtra)
Maternal : Late Shri Mansukhlal Jadavaji Kothari
Bhavnagar.
Paternal : Late Shri Pareshbhai Balubhai Mehta,
Vadodara, + 91-265-2282938.

Holding L1-B Work Permit Visa of United States for Manhattan Associates, Inc

Seeking for professionally qualified and well cultured girl.

**Visiting India from 10-March-2018 to 23-March-2018**

(Advt.)

# BIO-DATA



**NAME** : **MANAN ASHWINBHAI SANGHAVI**
Birth Date : 27th June, 1990.
Height : 5' 9"
Education : B.E. Electronics & Communications
Job Profile : Software Engineer at Sapient (Goregaon)
Caste : Zalawadi Vishashrimali Sthanakwasi Jain
Native : Dhangadhara
Hobby : Movie, Music, Cricket

**Family Details**

Grand Father : Late Nanchandbhai Laherchandbhai Sanghavi
Grand Mother : Late Champaben N. Sanghavi (Ranpur)
Father : Ashwinbhai Nanchandbhai Sanghavi (M. Com.)
+91 8980479556
Occupation : Retired General Manager at Eimco Elecon Ltd., Anand, Gujarat
Mother : Daxaben Ashwinbhai Sanghavi (B.A.)Housewife
Brother : Naman Ashwinbhai Sanghavi (Married)
+91 9833866454.
B.E. Computer working at
Morgan Stanley India Pvt. Ltd.
Sister in-Law : Pratiksha Naman Sanghavi (CFA, B.Com.)
Housewife +91 9819850702
Daughter of Prafulbhai Bhagwandas Shah,
(Ghatkopar) 9322003812.
Uncle : Navinbhai N. Sanghavi (Ahmedabad)
+91 9426003972.
Late Kaushikbhai N. Sanghavi (Ahmedabad)
Fuva : Late Navinchandra V. Shah (Maninagar)
Sureshbhai B. Vora (Borivali) +91 9324631399
Pravinchandra V. Sanghavi (Ahmedabad)
+91 9825721091.
Mosal : Late Natvarlal Vadilal Shah (Sanand)
Mama : Harshadbhai N. Shah (Ahmedabad)
+91 9898626347
Pareshbhai N. Shah (Ahmedabad)
+91 9825357881
Masi : Kailashben Subodhbhai Sanghavi (Anand)
+91 9409157291
Rupalben Divyeshbhai Shah (Borsad)
+91 9924758109

Residential Address: 101-A Wing, Vrindavan Society, Ram Baug Lane, Off S. V. Road, Near Himalaya School, Borivali West, Mumbai-400 092. Landline: 022 - 28092089.

(Advt.)

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP

# BIO-DATA



**NAME** : **KINJAL SURESH SANGHVI**
Date of Birth : 7th November, 1990
Birth Time & Place : 02:58 pm – Kandivali
Height : 5'
Education : Bachelor in Accounting & Finance (BAF) - - Bal-Bharti College
Profession : Working with K. Stock Products as an Accountant
Hobbies : Travelling, Listening to Music
Native Place : Joravarnagar
Religion : Zalawadi Vishashrimali Sthanakwasi Jain
Email : kinjalsanghvi90@gmail.com

**Family Details :**
Father : Suresh Manilal Sanghvi - 9819595005
Profession : Business (Iron & Steel)
Mother : Nirupa Suresh Sanghvi (Homemaker - 7666195005)
Elder Brother : Chintan Suresh Sanghvi Pursuing C. A. Final & C.S. Final
Residential Address } 602, Sures Sadan, Daulat Nagar Road No. 4 Borivali (East), Mumbai - 400 066. Tel No. 022 - 28945063.

**Paternal Family**
Grand Parents : Late Manilal Zunzabhai Sanghvi
Late Kantaben Manilal Sanghvi
Uncle (Kaka) : Pravin Manilal Sanghvi (Borivali - 022-28919690 / 8080526271)
Bipin Manilal Sanghvi (Borivali - 022-28915814 / 9820094820)
Aunty (Faiba) : Premilaben Hasmukhlal Shah (Surendrnagar - 02752-243179)
Bhartiben Jaswantlal Vora (Kandivali - 022-8078031)
Late Ushaben Sureshkumar Gopani (Borivali - 022-28917191)

**Maternal Family:**
Grand Parents (Nana-Nani) : Late Chandulal Tribhovandas Kothari
Late Kantaben Chandulal Kothari

(Advt.)

# BIO-DATA



**Personal Information :**
**NAME** : **KRUNAL RAJESH SHAH**
Date of Birth : 28th July, 1992
Height : 5' 9"
Education : B. Com. D.F.M., M.B.A. (Finance) Welingkar Institute of Management Studies
Profession : Worked as Sr. Associate at CRISIL Limited for 3.5 years.
Currently handling Family Business (Kahan Plastics)
Hobbies : Sports, Driving, Travelling, Photography
Mobile No. : 09029640622
E-Mail : krunalshah1000@yahoo.com
Caste : Zalawadi Dasha Shrimali Digamber Jain
Native Place : Surendranagar

**Family Details :**
Father : Rajesh J. Shah (B. Com.)
Mother : Shilpa R. Shah (B. Com.)
Sister : Dhwani R. Shah (Younger)
Residential Address } 302, Neminath Apt., Opp. Salute Hotel, Borivali (West), Mumbai - 400 092.
Contact : Rajesh Shah - 9819973329.
Shilpa Shah - 9029924049.
Business : Kahan Plastic.
Address : 13, Ansuya App., Opp. Railway Station, Bhyander (East)
Contact : 022 28041863.

**Paternal Details**
Grand Father : Late Jayantilal Nimchand Shah
Grand Mother : Sushilaben J. Shah
Uncle : Hareshkumar J. Shah (Surendranagar)
Contact : 09898801859

**Maternal Details**
Nana : Late Anilkumar B. Shah (Wadhwan)
Nani : Late Manjulaben A. Shah
Mama : Mehul A. Shah (Ghatkopar)
Contact : 09821932829
Mami : Reena M. Shah

(Advt.)

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP

# BIO-DATA



**JIMIT YOGESH SANGHVI**

PERSONAL DETAILS:

Birth Details : 01/04/1989. 10:50 AM (Malad)
Height&Weight : 5' 11", 70 Kg.
Education : Chartered Accountant, B.Com. (Mithibai College) Pursuing Actuarial Science
Profession : Associate at Morgan Stanley (Finance) Previously worked with ICICI Bank
Email Id : sanghvi.jimit@yahoo.co.in
Interests : Cricket, Music, Travelling, Writing.
Caste : Zalawadi Visa Shrimali Sthanakvasi Jain
Native Place : Wadhwan

**Family Details:**

Father : Yogesh Rasiklal Sanghvi, Real Estate Agent (R) 2844 0349 (M) 96647 60858
Mother : Nayana Yogesh Sanghvi (Housemaker) (M) 98705 34570
Younger Brother: CA Harsh Yogesh Sanghvi (Working at TATA AIA Life Insurance)
Grand Parents : Rasiklal Kanjibhai Sanghvi (R) 2882 0730. Hiraben Rasiklal Sanghvi
Parental Uncle : Anil Rasiklal Sanghvi (M) 98199 32881 Hitesh Rasiklal Sanghvi (M) 90043 87828
Faiba : Chhayaben Vinodkumar Shah (M) 99201 06646
Mosal : Late Amritlal Lakshmichand Gopani (Botad) Late Shardaben Amritlal Gopani
Mama : Paresh Amritlal Gopani (M) 93222 82890 (R) 2881 8481
Masi : Jayshree Harshad Shah (R) 2807 0345
Address : (1) 102, Das Bhavan CHSL, Near Malad Police Station, Underai Road, Malad (West) Mumbai -400 064.
(2) 302/B, Jaya Niwas, Near PVR Milap, Goraswadi, Malad (W), Mumbai-400 064.

(Advt.)

# BIO-DATA



**NAME : VARUN HITEN SHAH**

Birth Date : 28 October, 1988
Time : 09:38 a.m.
Place Andheri, Mumbai
Height : 5' 10". Fair Looking
Education : B. Com. (English Medium) Event Management (NIEM) (2010)
Grand Father : Late Shri Lalitchandra Bhailal Shah
Grand Mother : Late Prafulla L. Shah
Father : Hiten Lalitchandra Shah Sr. Manager (Jai Jinendra Cold Storage) (M) 09850073655
Mother : Mona Hiten Shah - (M) 09823244716 (E) monashah9866@gmail.com
Brother : Deep Shah (Studying)
Residence : C/17, Archana Appt. Lodha Corner, Salisbury Park, Pune - 411 037
Native Place : Joravar Nagar, (Surendranagar)
Religion : Sthanakwasi Jain
Profession : Director, *Yellow Patch Events*, Event Manager, working with Wizcraft International Entertainment Pvt. Ltd.

**Maternal :**

Grand Father : Manharlal D. Shah (Andheri, Mumbai) Mobile : 09833085481
Mama : Ashvin M. Shah (Pune) - (M) 09420936409 Nilesh M. Shah (Andheri, Mumbai) (M) 09833044509.

(Advt.)

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP

'સહજાત્મ સ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ'

## અજમેરા પરિવારનું ગૌરવ



**SALONI P. AJMERA**

ચિ. સલોની અજમેરા August - 2017 માં લેવાયેલ MBA (James Cook University) Australia માં ઝળહળતી સફળતા સાથે પાસ થયેલ છે.

ચિ. સલોની અજમેરા તેની કારકિર્દીમાં પ્રગતિના નવા સોપાન સર કરે તેવા અમારા સૌના અંતરના આશીર્વાદ અને શુભેચ્છાઓ.

**દાદી-દાદા : શ્રીમતી સુશીલાબેન હિંમતલાલ અજમેરા**
**માતા-પિતા : સંગીતા પ્રકાશ અજમેરા**
**ગામ : કંથારિયા (લીંબડી), હાલ ઘાટકોપર**
**નાની-નાના : સ્વ. મંજુલાબેન અનિલકુમાર શાહ**
**ગામ : વઢવાણ સિટી , હાલ ઘાટકોપર**
**શુભેચ્છકો : અજમેરા પરિવાર, મેહુલ અનિલભાઈ શાહ**

(Advt.)

## ગોપાણી પરિવારનું ગૌરવ




**TIRTH MITUL GOPANI**

ચિ. તીર્થ ગોપાણીએ 26 January - 2018 માં Abacus 13th National level (Kerala) માં 1st Rank પ્રાપ્ત કરી ઝળહળતી સફળતા મેળવેલ છે.

ચિ. તીર્થને અમારા સર્વે તરફથી હાર્દિક અભિનંદન અને તેના અભ્યાસમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે એવા અખૂટ આશીર્વાદ અને શુભેચ્છાઓ.

**માતા : નિરાલી મીતુલ ગોપાણી**
**પિતા : મીતુલ હસમુખ ગોપાણી**
**દાદા-દાદી : વસંતબેન હસમુખ ગોપાણી**
**નાના-નાની : મંજુલાબેન બિપિનભાઈ સંઘવી**
(Advt.) **સ્વ. વિમળાબેન છોટાલાલ પ્રેમચંદ ગોપાણી પરિવાર**

(Advt.)

With Best Compliments from :

DIAMOND Holidays
The Pleasure You Want...

આપના સાહર્દપૂર્ણ
આવકાર થી
DUBAI ટુરની
અદ્દભૂત સફળતા બાદ
ડાયમન્ડ હોલીડેસ્
આપ સમક્ષ રજૂ કરે છે

BANGKOK - PATAYA
SINGAPORE
MALAYSIA TOUR
DUBAI TOUR

Departure on : 15th April / 29th April
Booking Started for Diwali Tour
with Earlybird Discount

SPECIAL NOTE :
We make Special FIT Packages on request
All inclusive - No Hidden Cost

For Details : NIRAV SHAH +91 9004340080
RAMESH J. SHAH +91 9967309982
OFFICE : +91 22 28868058 / +91 9867300998
Shop No. 14-C, Ambika Darshan Appt., Behind Bus Depot,
Chhitabhai Patel Road, Kandivali (East), Mumbai - 400 101, INDIA.
E-mail : diamondntt@yahoo.com

(Advt.)

www.zalawadi.com


Degitalised By ITDESK SOLUTIONS LLP

## પ્રથમ માસિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



**અ. સૌ. અનસુયાબેન શાંતિલાલ સોમાણી**

જન્મ તા. : ૧૦-૦૪-૧૯૪૪ ● અરિહંતશરણ : ૦૨-૦૨-૨૦૧૮
ઉ. વ. ૭૪ ● જાળીલા નિવાસી હાલ બોરીવલી

*મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ*
*એથી મીઠી મારી માત જો*
*જનનીની જોડ સખી નહીં જડે રે લોલ.*

તમે નથી, તમારા શબ્દો પણ નથી, તમારો સ્વર પણ નથી. માત્ર તમારી તસવીર છે. તમારી યાદો છે, જેને સ્પર્શીને અને તમારી યાદોને યાદ કરીને રડી પડે છે આંખો અમારી.

આપના કલરવથી ગુંજતો અમારો બગીચો આપના જવાથી સૂનો થઈ ગયો અને એ બગીચામાં શૂન્યાવકાશ સર્જાઈ ગયો. છતાં પણ હરઘડી, હરપળ આપ, આપની યાદો અને આપના આશીર્વાદ અમારી સાથે છે.

લિ.

**પતિ : શાંતિભાઈ હરિલાલ સોમાણી**
**પુત્ર-પુત્રવધૂ : પરેશ – નેહા**
**પુત્રી-જમાઈ : વૈશાલી કલ્પેશકુમાર જોબાલિયા**
**પૌત્ર-પૌત્રી : જીલ, રુસીલ**
**દોહિત્ર-દોહિત્રી : દેવ, ફોરમ**

**હરિલાલ જાદવજી સોમાણી પરિવાર**

ADVT

## બીજી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. મહાસુખલાલ છોટાલાલ શાહ**

જન્મ : તા. ૦૯-૦૧-૧૯૩૯ ● અરિહંતશરણ : તા. ૦૩-૦૩-૨૦૧૬
મૂળ વતન : પાળિયાદ ● હાલ : ઘાટકોપર (મુંબઈ)

છોડી અમારો સાથ, તમે વસ્યા પ્રભુને પાસ.
બેનામ એ દર્દ કેમ રોકાતું નથી ?
જે વીતી ગયું તે કેમ ભુલાતું નથી ?
એ નામ બે વર્ષથી ના ચહેરો છે, ના શરીર છે,
એ ફક્ત એક સ્વપ્ન જ છે એ કેમ વિસરાતું નથી ?
પકડી તમારી આંગળી, સફર હળવો બનાવ્યો,
શૂન્યમાંથી સર્જન કરી સર્વત્ર સુવાસ ફેલાવી આપે.

ગુમાવ્યું શિરછત્ર અમોએ
જેમનું વાત્સલ્ય અમારા અંગોમાં,
જેમના શબ્દ અમારા કર્ણમાં,
જેમનું હૈયું અમારી ધડકનમાં.

તમારો આત્મા જ્યાં હશે ત્યાં પરમ શાંતિ પામીને મોક્ષ ગતિ મેળવે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

**આપને હરઘડી, હરપળ યાદ કરનાર આપના સદૈવ ઋણી**

ધર્મપત્ની : ગં. સ્વ. કુંદનબેન મહાસુખલાલ શાહ
પુત્રવધૂ-પુત્ર : અ. સૌ. કવિતા ચેતન શાહ
પુત્રી-જમાઈ : અ. સૌ. બીનાબેન ચેતનકુમાર બૅંકર
પુત્રી-જમાઈ : અ. સૌ. નીલ્પાબેન મનીષકુમાર શાહ
પુત્રી-જમાઈ : અ. સૌ. જીગ્નાબેન જીગરકુમાર પારેખ (દુબઈ)
દોહિત્ર-દોહિત્રી : નીશી-મિલોની, જૈનમ-વીવાન, દર્શ-દ્વિતિ

**સ્વ. બાલુબેન છોટાલાલ માધવજી શાહ પરિવાર**
**સ્વ. ચંપાબેન શાંતિલાલ વૃજલાલ ગોસલિયા પરિવાર**
**જય જિનેન્દ્ર**

ADVT


Digitalised By ITDESK SOLUTIONS LLP

# વહાલા મમ્મીને શ્રદ્ધાંજલિ



**અ. સૌ. સોનલબેન (સુમીબેન) કલ્પકકુમાર શાહ**

ઉર્ધ્વગમન : તા. ૦૩-૦૨-૨૦૧૮

દોઢીવાળા-થાન નિવાસી, હાલ મુંબઈ.

'મા' રહો નિત્ય અમારા મનમાં...
'મા'નિરંતર અમારા હૃદયમાં...
દિવસો ગણતાં માસ વીતી ગયો 'મા'ની યાદમાં,
જીવન જીવીએ છીએ 'મા'ની યાદમાં,
હરપળ – હરઘડી – હરસમય 'મા'ની યાદ'.

એ જ પ્રાર્થના

**પતિ : કલ્પકકુમાર (રાજુભાઈ) નૌતમલાલ શાહ**
**વહાલો પુત્ર : શાલીન કલ્પકકુમાર શાહ**
**સસરા : સ્વ. ડૉ. નૌતમલાલ મણિલાલ શાહ**
**સાસુ : સ્વ. નિર્મળાબેન નૌતમલાલ શાહ**
**દિયર : ઈલેશભાઈ – કીર્તિપ્રકાશ (કેતનભાઈ)**
**દેરાણી : રૂપલબેન – પૂનમબેન**
**મોટા મમ્મી : જીલ, લીના, પાર્થ**
**સાસરા પક્ષ : સ્વ. નૌતમલાલ મણિલાલ શાહ-દોઢીવાળા પરિવાર**
**પિયર પક્ષ : સ્વ. જસુમતીબેન ઉત્તમલાલ શાહ પરિવાર હાલ નંદરબાર**

(Advt.)

## પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે
## શ્રદ્ધાંજલિના સુમન અર્પણ કરતા



**સ્વ. શ્રી રજનીકાંત ચુનીલાલ શાહ**

પૃથ્વી પગરણ : તા. ૦૧-૦૮-૩૦ ● અરિહંતશરણ : તા. ૦૭-૦૩-૨૦૧૭

વઢવાણ નિવાસી (હાલ ઘાટકોપર)

**કુટુંબના મોભી પૂજ્ય પિતાશ્રીને નત મસ્તકે વંદન કરીએ છીએ**

*અમ જીવન બાગના માળી, કરી અમારી રખવાળી,*
*દુ :ખ દીધા સૌ ખાળી, આપી અમને સુખની થાળી.*
*જીવન એવું જીવી ગયા, જાણે ઉત્સવ ઊજવી ગયા,*
*મૃત્યુ સાક્ષાત્ કરી ગયા, જાણે મહોત્સવ માણી ગયા.*

*ધર્મભાવના, સમાજભાવના અને કુટુંબ પ્રત્યેની સદ્ભાવનાના ત્રિવેણી સંગમથી આપ આખી જિંદગી સૂર્યની જેમ હરેક પર પ્રકાશ પાથરતા રહ્યા અને ગગન રંગીન કરતા ગયા.*

*આપના દિવ્ય આત્માને જન્મોજન્મ જૈન ધર્મનું શરણું મળે અને નવકારનું સ્મરણ રહે. પરમકૃપાળુ પરમાત્મા આપના પૂનિત આત્માને પરમ શાંતિ અર્પે અને વહેલા વહેલા મોક્ષના દ્વાર ખોલે એ જ હૃદયપૂર્વક પ્રાર્થના*

**મુક્તિ માર્ગના યાત્રીને વંદન કરતા આપના સ્વજનો**

**માતા-પિતા : સ્વ. કમળાબેન ચુનીલાલ શાહ**
**પત્ની : કોકિલાબેન**
**પુત્ર-પુત્રવધૂ : તેજસ-દીપ્તિ, ધર્મેશ-રાજુલ**
**પુત્રી-જમાઈ : કોષાબેન રોહિતભાઈ શાહ**
**પૌત્ર : અનુજ**
**પૌત્રી-જમાઈ : શ્વેતા – ઈશાનભાઈ દોશી, હિરલ, મૈત્રી**
**દોહિત્ર : સ્વ. અનિકેત**
**દોહિત્રી-જમાઈ : મિતાલી ધૈર્યભાઈ મહેતા**
**શ્વસુર પક્ષે : સ્વ. અમૃતલાલ ભાઈલાલભાઈ ડેલીવાળા**

(Advt.)


Degitalised By ITDESK SOLUTIONS LLP

# વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



**સ્વ. ગુણવંતરાય અમુલખ અદાણી**

સુદામડાનિવાસી, હાલ ચેંબુર

જન્મ : તા. ૧૯-૦૯-૧૯૩૭ ● અરિહંતશરણ : તા. ૧૮-૦૩-૨૦૧૭

***ભોળા હતા, ભાવુક હતા, ભગવાન સ્વરૂપ હતા***
***ભલમનસાઈનો ખજાનો હતા.***
***ના કોઈ ફરિયાદ, ના કોઈ ગુસ્સો,***
***ફૂલ બની સુવાસ મૂકી ગયા.***
***કિરણ બની સૂર્યપ્રકાશ છોડી ગયા.***
***જીવન એવું શ્રેષ્ઠ જીવી ગયા.***
***સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા દિલમાં રાખી ગયા.***
***શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે,***
***અંજલિ આપતાં હૈયું તૂટે છે.***

તમારો આત્મા જ્યાં હોય ત્યાં પરમ શાંતિ પામીને મોક્ષ ગતિ મેળવે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

**શ્રદ્ધાસુમન અર્પણ કરનાર :**

**સ્વ. મંછાબેન અમુલખ અદાણી પરિવાર**

**સ્વ. ચંપાબેન શાંતિલાલ ગોસલિયા પરિવાર**

**હર્ષ, ધ્વનિ, રીશીના જય જિનેન્દ્ર**

(Advt.)

# તૃતીય વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



**સ્વ. શારદાબેન કનુભાઈ શાહ**

મૂળવતન મોરબી, હાલ પૂના

જન્મ તા.૧૩-૦૩-૧૯૩૧ ● અરિહંતશરણ તા.૨૦-૦૩-૨૦૧૫

*વૈભવ મળે, કીર્તિ મળે, મળે સઘળા સુખ,*
*જાનાર માતા ના મળે એ જ જિંદગીનું દુઃખ.*

પૂજ્ય શારદાબેન, આપનું ધર્મમય જીવન, અપાર લાગણી અને સહનશીલતા, કરુણાસભર પરગજુ સ્વભાવ, વાત્સલ્યતા અને વ્યવહારકુશળતા હંમેશાં યાદ રહેશે.

આપનો આત્મા જ્યાં હોય ત્યાં શાશ્વત શાંતિ પામે. જન્મોજન્મ જૈન ધર્મ અને નવકાર મહામંત્રનું શરણ મળે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે અમારી પ્રાર્થના.

**તમારા વિયોગમાં...**

**પતિ : કનુભાઈ શાંતિલાલ શાહ**
**પુત્ર : મિલન પુત્રવધૂ : સૂરભી**
**પુત્ર : મિલાપ પુત્રવધૂ : પારુલ**
**પુત્રી : મીના જમાઈ : બેન્જામીન**
**પૌત્રો : નીલ, નેપન, નોલન.**
**પૌત્રીઓ : કિનારી, નીના.**

નિવાસ : ૭૦૧, સહવાસ સોસાયટી, લેન -૭,
કોરેગાંવ પાર્ક, પૂના ૪૧૧ ૦૦૧.

(Advt.)


Degitalised By ITDESK SOLUTIONS LLP

## ઝાલાવાડી સભાની સ્થળાંતર થયેલ ઑફિસનું સરનામું

આથી સર્વે મેમ્બર ભાઈ-બહેનોને જણાવવાનું કે આપણી સભાની કોલભાટ લેનની ઑફિસનું બિલ્ડિંગ રિ-ડેવલપમેન્ટમાં હોવાથી આપણી સભાની ઑફિસ ટેમ્પરરી કાંદિવલી (વેસ્ટ) ખાતે નીચે મુજબના એડ્રેસ ખાતે બીજી જાણ ન કરવામાં આવે ત્યાં સુધી સ્થળાંતર કરેલ છે.

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -- ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**

**૧૦૭, પંચવટી, પહેલે માળે એસ. વી. રોડ, બજાજ રોડ કોર્નર, આનંદવન આશ્રમની બાજુમાં, કાંદિવલી (વે.), મુંબઈ-૪૦૦ ૦૬૭.**

**ઑફિસના નવા ફોન નંબર : ૨૮૦૫૭૮૫૧ / ૨૮૦૨૦૯૨૪** (સમય–૧૧-૩૦ થી ૫-૩૦ સુધી . લંચ ટાઈમ : ૧.૩૦ થી ૨.૩૦. રવિવાર તેમ જ રજાના દિવસો સિવાય)

**ખુશખબર...ખુશખબર...ખુશખબર...**

બોટાદના પ્રખ્યાત **K.C.** બ્રાન્ડ મસાલા, કાશ્મીરી મરચું, રેશમપટ્ટી, હળદર, ધાણાજીરું, આખું જીરું, રાઈ બારે માસ ભરવા માટે મળશે.

સ્પે. માવા પેંડા, ખારી શીંગ, ખાખરા દરેક વેરાયટીમાં મળશે.

**સંપર્ક :**

**રાજુભાઈ શાહ (જાળીલાવાલા)**

9820765563 / 8080599981

(Advt.)

**લગ્નસંબંધી**

ઝાલાવાડી દશાશ્રીમાળી દેરાવાસી જૈન યુવતી, હાલ ભાયંદર, ઉ. વ. ૨૮, હાઈટ ૫' ૩'', દેખાવડી, ગ્રેજ્યુએટ, નિર્દોષ છૂટાછેડા.

યોગ્ય જીવનસાથી પસંદગી

સંપર્ક કરો :

મોબાઈલ : ૯૮૬૭૧૪૨૨૧૬.

(Advt.)

**Ketan Sanghavi**

+91-9969284838

Investment **Ideas**

GOLD • SILVER • STOCK
COMODITY • CURRENCY
PROPERTY • INSURANCE

Mail ID : ketansanghavi@yahoo.com

(Advt.)

## કથાનો સંદેશો જીવનમાં ઉતારો

નવી પેઢી જે શબ્દોથી દૂર ભાગે છે, તેમાંથી એક છે કથા. આજકાલના બાળકોને જો એવું કહેવામાં આવે કે કથા સાંભળી લો અથવા વાંચી આપો, તો તેઓ પોતાનો સ્પષ્ટ અણગમો જાહેર કરી દેશે, પરંતુ કથાના શબ્દોમાં છુપાયેલો સંદેશો પકડી લેવામાં આવે, તો પછી કથા સાંભળવાની જરૂર નહીં રહે. સત્યનારાયણની કથા ઘરે અને જાહેરમાં યોજાય છે. જો તેની પાછળનો સંદેશ સમજવાનો પ્રયત્ન કરીએ, તો એવો હોય છે કે–સત્ય, ઈશ્વરની એક વ્યવસ્થા, એક નિયમ છે, જે છે સત્ય. કથામાં સત્યનો ખૂબ સારી રીતે ઉપદેશ આપીને તેને વ્રત સાથે જોડવામાં આવ્યો છે. વ્રતનો મતલબ, એક એવો સંકલ્પ લો જે સત્યના આચરણમાં મદદરૂપ બની શકે. આ કથા કહે છે કે શાંત થયા વિના સત્યને ન પામી શકાય. સત્ય શાંતિમાં મદદ કરશે અને શાંતિની વૃત્તિ સત્ય સુધી પહોંચવામાં મદદરૂપ થશે. લગભગ દરેક કથા પોતાની સાથે આવો જ સંદેશો લઈને આવે છે. તો પછી, તેમને શા માટે નકારવામાં આવે ? ધીરજની સાથે કથામાં પ્રવેશ કરો, તેના સૂત્ર અને સંદેશને જીવન સાથે જોડો. પછી જુઓ, દરેક કથા તમારા માટે એક ઉપાય બની જશે.

## ક્યારે મજા આવી એ યાદ નથી

*બાકી જિંદગીથી કોઈ ફરિયાદ નથી,
બસ છેલ્લે ક્યારે મજા આવી એ યાદ નથી.
વ્યસ્તતાએ માજા મૂકી છે બરાબર,
છેલ્લે ક્યારે મજા આવી એ યાદ નથી.
આંખના ખૂણા મેં સાફ કર્યા હતા કે,
ખરી ગયું એ પાણી, એ યાદ નથી.
યાદ છે આપવાના કોને કેટલા મારે,
કેટલી છે ઉઘરાણી, એ યાદ નથી.
આમ તો સતત હાસ્ય રાખું છું ચહેરા પર,
સાચ્ચે હસ્યો તો ક્યારે એ યાદ નથી.
જે વરસાદમાં હું ભીંજાયો હતો દિલથી,
એ વરસ્યો તો ક્યારે એ યાદ નથી.
જીવતા જીવતા ઇચ્છાઓને બધાની,
ક્યારે હું મને જ ભૂલ્યો એ યાદ નથી.
ઊભો નથી કતારમાં તારા મંદિરે ઇશ્વર,
પણ તને હું ભૂલ્યો એવી ક્ષણ યાદ નથી.*

**☐ અજ્ઞાત**


Degitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

# BIO-DATA



## PERSONAL INFORMATION

| | |
|---|---|
| Name | : Maulish Sanghvi |
| Date of Birth | : 19/08/1993 |
| Birth Place | : Karamsad, Dist. Anand |
| Birth Time | : 2:45 pm. |
| Height | : 6' 1" |
| Caste | : Visha Shrimali Sthanakvasi Jain |
| Native | : Dhangadhra |

## WORK & EDUCATION

| | |
|---|---|
| School | : AIS<br>(Ahmedabad International School) |
| Bachlors | : B.Sc. (IT) |
| Masters | : MCA |
| Business | : Cysec Solutions Pvt. Ltd.<br>Xtreem Cyber Security LLP.<br>Vir Studio<br>Mahavir B.Ed. College |

## FAMILY BACKGROUND

| | | |
|---|---|---|
| Grand Father | : Lt. Manharlal Padamshibhai Sanghvi | |
| Grand Mother | : Lt. Ranjanben Manharlal Sanghvi | |
| Father | : Mr. Yogesh Manharlal Sanghvi<br>(Businessman)<br>Mahavir Traders, Dhrangadhra<br>Current President of Dhrangadhra Jain Sangh | <br><br>+91 9825292051 |
| Mother | : Mrs. Mita Yogesh Sanghvi<br>Humanitarian | <br>+91 9328882661 |
| Sister | : Priyansi Yogesh Sanghvi<br>BBA in Event Management & Public Relations | |
| Fiya | : Mrs. Yogita Hiteshkumar Sanghvi<br>Ahmedabad | <br>+91 9428235238 |
| Fuva | Mr. Hitesh Pramodkumar Sanghvi<br>Directorate of Forensic Science<br>Gandhinagar | <br><br>+91 9428218848 |

## MOSAL

Mr. Prafulchandra Kantilal Sanghvi
Mrs. Jyotiben Prafulchandra Sanghvi
Anand, Native : Limbdi +91 9427890385

## CONTACT

66, Sahyadri Apartment, Near Sardar Patel Stadium,
Navrangpura, Ahmedabad
Email/Tel. : maulishmaster@gmail.com 079 26561544

Advt.

www.zalawadi.com



Degitalised By ITDESK SOLUTIONS LLP

# BIO-DATA

Name : Nemish Tushar Shah
Date of Birth : 24th June, 1991
Birth Time : 3 P.M
Place : Surendranagar
Height : 5' 5"
Caste : Zalawadi Vishashrimali Sthanakvasi Jain
Native Place : Botad
Hobbies : Travelling, Movies
Education : Bachalore of Architecture (B.Arch)
Profession : Self Employed - Architect
Company : Studio 91
Email : shah.nemish91@gmail.com



## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Grand Father | : Late Shree Manharlal Mohanlal Shah | |
| Grand Mother | : Late Smt. Madhukanta M. Shah | |
| Father | : Tushar Manharlal Shah | Cell No. 9820194320 |
| | Email: tusraj64@gmail.com | |
| Occupation | : Business (Iron & Steel) Manu Impex Pvt. Ltd. | |
| | : Email: manuimpex@manuimpex.com | |
| Mother | : Rajul Tushar Shah | Cell No. 9869555160 |
| Younger Brother | : Sagar Tushar Shah | |
| Resi. Address | : 12-B, 6th Floor, Hira Manek Society | |
| | Baptista Road, Vile Parle West, Mumbai 400 056 | Tel. No. 022 26155427 |
| Uncle | : Hiteshbhai Manharlal Shah - Vileparle | Cell No. 9820087742 |
| Aunty | : Alkaben Hitesh Shah | Cell No. 9869609613 |
| Faiba - Fuva | : Harshaben Kamleshbhai Mehta - Sion | Cell No. 9870650022 |
| | | Cell No. 9821044482 |

## MOSAL

| | | |
|---|---|---|
| Nana | : Shree Hasmukhlal Shantilal Shah (Dedadra) | |
| Mama-Mami | : Rupa Hitesh Shah - Surendranagar | Cell No. 9426958499 |

Advt.

www.zalawadi.com



Degitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com


# ઝાલાવાડ ચેરીટેબલ ટ્રસ્ટ,

ઝાલાવાડ મિત્ર મંડળ અંધેરી ઝાલાવાડ લેડીઝ ગ્રુપ

C/o. ક્લાસીક ઓપ્ટીશીયન્સ

C/o. Shop No. 5, The Platinum Bldg., Juhu Lane ,Next To New India Colony, Andheri (W), Mumbai-400058.
• Tel : 26701572 Email : cvshah@mahalaxmigroup.com


## મણિલક્ષ્મી તીર્થ - સુમેરૂ-પાવાગઢ યાત્રાના સુત્રધાર


સી. વી. શાહ (પૅરેડાઇઝ)


મુકેશભાઈ શાહ (ચશ્માવાળા)


હિતેષભાઈ મહેતા

ઝાલાવાડ મિત્ર મંડળ અંધેરી-બાંદ્રા આયોજિત તીર્થ યાત્રામાં ૧૨૫ સભ્યો તા. ૨૨-૦૨-૨૦૧૮ થી ૨૬-૨-૨૦૧૮ સુધી બે બસ અને ચાર ગાડી દ્વારા પંચતીર્થ યાત્રા ફક્ત રૂા. ૨૧૦૦ માં કરીને આવ્યા.

મુંબઈથી આનંદ કિલ્લોલ કરતા નીકલેલા યાત્રિકો મણિલક્ષ્મી તીર્થની ભવ્યતા જોઈ ધન્ય થઈ ગયા. બપોરે અગાશ દર્શન અને સાંજે ભક્તિ ભાવના સંગીતમાં લીન થઈ અલૌકિક અનુભુતિ માણી.

શનિવારે મણિલક્ષ્મીથી પાવાગઢ રોપવે મુસાફરીનો આનંદ માણ્યો. સાંજે સુંદર ભોજન ની લહેજત માણી સુમેરૂ તીર્થ ખાતે રાત્રિરોકાણ કરેલ.

સંપૂર્ણ યાત્રાનું સુંદર સંચાલન ઝા-ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી સી.વી. શાહ (પેરેડાઈઝ) ના માર્ગદર્શન હેઠળ ઝા-સભાના સહમંત્રી મુકેશભાઈ ચશ્માવાળા અને હિતેશભાઈ મહેતાએ સાથી મિત્રો મુકેશભાઈ શાહ, સંજયભાઈ ડગલી, પ્રતાપભાઈ શેઠ, પરેશભાઈ ખંધાર સાથે સફળતા પૂર્વક કરેલ હતું.

વર્ષાબેન અનિલભાઈ શેઠ, ચારૂબેન હર્ષદભાઈ શેઠ, અશોકભાઈ વાડીલાલ શાહ, ન્યાલચંદભાઈ શાહ, મેઘાબેન હિતેશભાઈ અજમેરા, દામિનીબેન નરેન્દ્રભાઈ દોશી, ઉર્મિલાબેન મેહતા, ઈન્દીરાબેન સંઘવી તથા સરલાબેન ટોપીવાલા તરફથી આર્થિક સહયોગ મળેલ હતો.

મહેન્દ્રભાઈ અજમેરા, હેતલબેન, નિતીનભાઈ મહેતા, ડૉ. વિનોદભાઈ શેઠ, કિરીટભાઈ શેઠ, તારીકાબેન શાહ, પ્રીતીબેન શાહ, શૈલેષભાઈ શાહ નો સુંદર સહકાર મળેલ હતો.

**દરેક સભ્યોને યાત્રાની યાદગીરી રૂપે હલવાસન તથા નમકીનની ભેંટ આપેલ.**


મુકેશભાઈ શાહ


સંજયભાઈ ડગલી


ખુશખુશાલ મુદ્રામાં તીર્થ યાત્રાનાં ભાવિકો


પ્રતાપભાઈ શેઠ


પરેશભાઈ ખંધાર

Advt.



Degitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com

# પ્રથમ માસિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
તા.: ૧૭-૦૪-૧૯૪૧

દેહવિલય:
તા.: ૨૨-૦૧-૨૦૧૮

## ભૂપેન્દ્રભાઈ ખોડીદાસ ગાંધી

(થાનગઢ નિવાસી – હાલ મલાડ, મુંબઈ)

આપની અણધારી વિદાયથી એક શૂન્યાવકાશ સર્જાઈ ગયેલ છે. રહેવા સદા આ દુનિયામાં કોઈ આવતું નથી, પણ વિદાય એવી લીધી કે મન માનતું નથી. દરેકને ઉપયોગી થયા, ઝઝૂમતા રહ્યા, જીવનપથના કાંટા સહન કરી અમારા માટે ફૂલો પાથરી ગયા. મમતા જેનું મંદિર હતું, કર્મ જેનું કર્તવ્ય હતું. પરિવાર જેને પ્રિય હતો. સ્નેહ જેની શક્તિ હતી. કુટુંબભાવનાથી સૌના હૃદયમાં વસતા રહ્યા. જેમનું રૂપ અમારા સ્વરૂપમાં, જેમનું વાત્સલ્ય અમારા અંગોમાં, જેમના શબ્દો અમારા કર્ણમાં, જેમનું હૃદય અમારી ધડકન એવા અમારા પિતા, આપનો દિવ્ય આત્મા પરમ શાંતિ પામીને મોક્ષગતિ મેળવે એવી અમારી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

આપને હરઘડી યાદ કરનાર આપના વહાલા સ્વજનો...

### આપના સદૈવ ઋણી

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | કાન્તાબેન ભૂપેન્દ્રભાઈ ગાંધી |
| પુત્ર-પુત્રવધૂ | : | પિનાકિનભાઈ અને રીમાબેન |
| પુત્રી-જમાઈ | : | પ્રીતિબેન અને પંકજકુમાર |
| પૌત્ર | : | કથન |
| દોહિત્રી | : | નિહારીકા |
| ભાઈ | : | સ્વ. ભરતભાઈ, સ્વ. વિનોદભાઈ અને પીયૂષભાઈ |
| ભાભી | : | ગં. સ્વ. ઈન્દુભાભી, સ્વ. સુધાભાભી, અ.સૌ. પ્રભાભાભી |

**ખોડીદાસ હીરાચંદ ગાંધી પરિવાર (થાનગઢનિવાસી)**
**ભગુભાઈ અમરચંદ શાહ પરિવાર (વિંછીયાવાળા)**
**ના જય જિનેન્દ્ર**

Advt.



Degitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com

# દ્વિતીય પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલી



જન્મ :
તા. ૦૮-૦૭-૧૯૩૫

અરિહંતશરણ :
તા. ૨૮-૦૨-૨૦૧૬

## સ્વ. શ્રી પ્રવીણચંદ્ર વૃજલાલ ગાંધી

વઢવાણ નિવાસી, હાલ બોરીવલી, મુંબઈ

હૃદય અમારું રડી પડે છે, જોઈ તસવીર આપની,
હૈયું માનવા તૈયાર નથી કે હયાતી નથી આપની.
બે વર્ષ વીતી ગયા છતાં અશ્રુ અમારા સૂકાતા નથી,
સદાય હસતો ચહેરો રાખી, ઓચિંતી લીધી વિદાય.
જીવન એવું જીવી ગયા ને મૃત્યુને શોભાવી ગયા.
વ્યવહારમાં કદી ચૂક્યા નથી, ધર્મ કદી ભૂલ્યા નથી.
શ્રદ્ધાંજલિ આપતાં શબ્દો ખૂટે છે, અંજલિ આપતાં હૈયું તૂટે છે.
વારંવાર યાદ આવે છે તસવીર જોઈ આપની.
આપની યાદ ક્યારે પણ ભુલાય તેમ નથી.

**એ જ આજ અમારા સૌના શ્રદ્ધાંજલિનાં પુષ્પો**

### શોકાતુર પરિવાર

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | ભારતીબેન પ્રવીણચંદ્ર ગાંધી |
| પુત્ર-પુત્રવધૂ | : | મિલન-નીપા, બિરેન-હિના |
| પુત્રી-જમાઈ | : | સુષમા-દીપકકુમાર, પ્રીતિ-નીતિનકુમાર |
| પૌત્ર-પૌત્રી | : | હર્ષિત, કરન, નિધિ, જેનિષા-રાજ શાહ |
| દોહિત્ર-દોહિત્રી | : | અંકિત, સાગર, વિધિ, પ્રાચી સાગર સંઘવી |

Advt

**સ્વ. વૃજલાલ શિવલાલ ગાંધી પરિવાર, સ્વ. મનુભાઈ મોહનલાલ સંઘવી પરિવાર**



Degitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

www.zalawadi.com

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2018-20. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2018 Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.




Advt.

Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah

Degitalised By ITDESK SOLUTIONS LLP